# પાક્કો ગુજરાત

RNI:- GUJGUJ/2016/67425

Date:- 10-10-2026 | VOL : 12 | Issue : 205 | Page : 8 | Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008


**સુવિચાર**
બીજાની સફળતા જોઈને ઈર્ષ્યા નહીં, પ્રેરણા લો.


3  ગાંધીનગર સિવિલની મુલાકાતે આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયા: ડેન્ગ્યુ ગ્રસ્ત...

4  સત્તા અને પ્રલોભનોની સામે અડગ ઊભેલા લડવૈયા...

6  વૃદ્ધ ડિરેક્ટરે કહ્યું 'મારી સાથે સૂવું પડશે', ડરી ગયેલી અભિનેત્રીએ માતાને...

7  'હું વિરાટનું બધું જ ચોરવા માગુ છું...': અભિષેક શર્મા


## મમતા જ્ઞાનેશ કુમાર વિરુદ્ધના પ્રદર્શનમાં સામેલ:રાહુલ-પ્રિયંકા સાથે રાષ્ટ્રપતિને મળશે

# સરકાર ડરી ગઈ, જે ડર્યા તે મર્યા સમજો: ખડગે

**નવી દિલ્હી**

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને SIR વિરુદ્ધ વિપક્ષના વિરોધ પ્રદર્શનનો શુક્રવારે ચોથો દિવસ છે. INDIA બ્લોકના સાંસદો શુક્રવારે સાંજે સંસદ પહોંચ્યા. વિપક્ષી સાંસદોની સંવિધાન સદનના સેન્ટ્રલ હોલમાં બેઠક યોજાશે. INDIA બ્લોકના નેતાઓ રાત્રે 8 વાગ્યે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ સાથે મુલાકાત કરશે. આ પછી વિપક્ષી સાંસદો ગૃહમંત્રી, પીએમ આવાસ, સેવા તીર્થ અથવા ઉપરાષ્ટ્રપતિ આવાસ તરફ કૂચ કરી શકે છે. તેઓ SIRમાં ગેરરીતિઓ અંગે પોતાની ચિંતા વ્યક્ત કરશે અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગણી કરશે. સતત થઈ રહેલા વિરોધ પ્રદર્શનોને ધ્યાનમાં રાખીને દિલ્હી પોલીસે જ્ઞાનેશ કુમારના સરકારી આવાસ અને ચૂંટણી પંચની



આસપાસ સુરક્ષા વધારી દીધી છે. બીજી તરફ, દિલ્હીમાં પ્રદર્શન દરમિયાન થયેલા ઘર્ષણોને લઈને રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વિરુદ્ધ અત્યાર સુધીમાં 4 FIR નોંધાઈ ચૂકી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આજે અને 12 ઓક્ટોબરની વચ્ચે દિલ્હીમાં આશરે 23,000 સુરક્ષાકર્મીઓને તૈનાત કરવામાં આવી શકે છે. પોલીસે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના સરકારી નિવાસસ્થાન અને ચૂંટણી પંચની કચેરીની આસપાસ સુરક્ષા વધારી દીધી છે. કુમારને હાલમાં ઝેડ-પ્લસ કેટેગરીની સુરક્ષા મળી રહી છે, જેમાં દિલ્હી પોલીસના 32 સુરક્ષાકર્મીઓ સામેલ હોય છે. કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે સાવચેતીના પગલા તરીકે દિલ્હીની તમામ દારૂની રિટેલ દુકાનો 9 અને 10 ઓક્ટોબરે બંધ રહેશે. દિલ્હી હાઈકોર્ટ આજે ઈન્ડિયન યુથ કોંગ્રેસની અરજી પર સુનાવણી કરી શકે છે.

## યુવાન વિદ્યાર્થીઓનો અવાજ દબાવવાની કોશિશ નિષ્ફળ

### સુપ્રીમ કોર્ટે દિલ્હી પોલીસને છૂટ આપવાની માગ કરતી અરજી ફગાવી

દેશની સર્વોચ્ચ અદાલતે લોકશાહી અને નાગરિકોના હિતમાં એક અત્યંત મોટો અને સીમાચિહ્નરૂપ ચુકાદો આપ્યો છે. સુપ્રીમ કોર્ટે દિલ્હી પોલીસને વિદ્યાર્થી પ્રદર્શનકારીઓ સાથે કડક વ્યવહાર કરવા માટે સંપૂર્ણ છૂટ આપવાની માંગ કરતી અરજીને સ્પષ્ટ શબ્દોમાં ફગાવી દીધી છે. કોર્ટે ભારપૂર્વક જણાવ્યું છે કે, કોઈપણ સંજોગોમાં યુવાન વિદ્યાર્થીઓના ભવિષ્ય અને તેમના કારકિર્દીની અવગણના ન કરી શકાય. આ નિર્ણયથી આંદોલન કરી રહેલા યુવાનો અને વિદ્યાર્થી આર્ગેનાઈઝેશનોને મોટી રાહત મળી છે. મુખ્ય ન્યાયાધીશના નેતૃત્વ હેઠળની બેન્ચની લાલ આંખ.સાથે જ, કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે અગાઉ આપવામાં આવેલું રક્ષણ કે કાનૂની રાહતો કોઈ ગંભીર ગુનાઓના આરોપી વ્યક્તિઓને આડેધડ કે અંધાધૂંધ રીતે લાગુ પડતી નથી.

## દિલ્હી કિલ્લેબંધી પર NDAમાં જ ડખો! ચિરાગ પાસવાને કહ્યું- યુવાનોને કોઈ રોકી નહીં શકે

**નવી દિલ્હી**

કોકરોચ જનતા પાર્ટીના આંદોલનને લઈને દિલ્હીમાં ઘણી ટ્રેનો રદ કરવામાં આવતા કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાને મોટું નિવેદન આપ્યું છે.



તેમણે 10 તારીખના CJPના આંદોલનને લઈને કહ્યુ છે કે, કોઈ કેટલી ટ્રેનો રોકી લેશે, કેટલી કનેક્ટિવિટી રોકી લેશે? પરંતુ ભારતના યુવાનો દુનિયાને રસ્તો બતાવવાની ક્ષમતા ધરાવે છે. સોનીપતમાં મીડિયાના સવાલો પર કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાને કહ્યું કે, 'આ ભારતના યુવાનો છે, તેમને કોઈ રોકી શકે નહીં પ્રભુ. જે લોકો આવા ભ્રમ ફેલાવવાનો પ્રયાસ કરે છે, તેમને હું પૂછું છું કે કોઈ કેટલી ટ્રેનો રોકી શકે છે? કેટલી કનેક્ટિવિટી રોકી શકાય છે? કેટલી સડકોને કોઈ જામ કરી દેશે? ભારતના યુવાનો દુનિયાને રસ્તો બતાવવાની ક્ષમતા ધરાવે છે, અને પેઢીઓએ આ કર્યું છે, એવામાં તેમને કોઈ રોકી શકશે નહીં.'

## સ્ટેડિયમ પછી હવે એરપોર્ટ પણ મોદીના નામે: CM યોગીની જાહેરાત, નોઇડા એરપોર્ટનું નામ હવે નરેન્દ્ર મોદી ઇન્ટરનેશનલ એરપોર્ટ થયું

**નોઇડા**

નોઈડા ઈન્ટરનેશનલ એરપોર્ટ હવે પીએમ મોદીના નામથી ઓળખાશે. સીએમ યોગીએ શુક્રવારે આ જાહેરાત કરી. તેમણે કહ્યું- હવે જેવર એરપોર્ટનું નામ નરેન્દ્ર મોદી ઈન્ટરનેશનલ એરપોર્ટ હશે. યુપી કેબિનેટની બેઠકમાં આ સંબંધિત પ્રસ્તાવ મંજૂર કરવામાં આવ્યો છે. દેશમાં સૌથી પહેલી રેપિડ રેલનું નામ પણ નમો ટ્રેન રાખવામાં આવ્યું છે અને સિલવાસા સ્થિત મેડિકલ કોલેજનું નામ પણ નમો મેડિકલ કોલેજ રાખવામાં આવ્યું છે. પીએમ મોદીએ 28 માર્ચ 2026ના રોજ નોઈડા ઈન્ટરનેશનલ એરપોર્ટના ફેઝ-1નું ઉદ્ઘાટન કર્યું હતું. એરપોર્ટના પ્રથમ તબક્કામાં 3300 એકર જમીન પર ટર્મિનલ અને રનવે બનાવવામાં આવ્યા છે. અહીંથી દર વર્ષે લગભગ 1.2 કરોડ મુસાફરો મુસાફરી કરી શકશે. તેના પર 11 હજાર કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે. અગ્નિવીરોને પોલીસ, પરિવહન અને વન વિભાગમાં 20% અનામત મળશે. ઉંમરમાં 3 વર્ષની છૂટ મળશે.

## ભાજપના પૂર્વ ધારાસભ્યએ SIRમાં કર્યો ખેલ! જીવતા મતદારોને સરકારી રેકોર્ડમાં મારી નાખ્યા

**મૈસૂર**

કર્ણાટકના વિજયપુરામાં મતદાર યાદીના ખાસ સુધારણા કાર્યક્રમ (SIR) દરમિયાન એક સનસનાટીભર્યો મામલો સામે આવ્યો છે. અહીં 8 જીવતા નાગરિકોના બોગસ ડેથ સર્ટિફિકેટ રજૂ કરીને તેમના નામ મતદાર યાદીમાંથી કમી કરવાનો નિંદનીય પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ મામલે વિજયપુરાના શાકભાજી વિક્રેતા અબ્દુલ રઝાક બાગવાનની ફરિયાદના આધારે ભાજપમાંથી છ વર્ષ માટે હાંકી કઢાયેલા અપક્ષ ધારાસભ્ય બસનગૌડા પાટિલ યતનાલ અને અન્ય બે લોકો સામે પોલીસે ગુનાહિત કેસ નોંધી તપાસ હાથ ધરી છે. 1,054 મતદારોના નામ પર વાંધો અને બોગસ દસ્તાવેજ તપાસ દરમિયાન જાણવા મળ્યું છે કે પૂર્વ મંત્રી અને ધારાસભ્ય યતનાલે SIR પ્રક્રિયા દરમિયાન 1,054 મતદારોની યાદી સબમિટ કરીને તેમના નામ સામે વાંધાઓ નોંધાવ્યા હતા. આ યાદીમાં ઓછામાં ઓછા 8 એવા જીવંત નાગરિકો હતા જેમના નામે બોગસ મૃત્યુ પ્રમાણપત્રો જોડી દેવાયા હતા. પીડિતોએ જાહેર સમક્ષ આવીને પોતાના ઓળખપત્રો અને ડેથ સર્ટિફિકેટની નકલો બતાવીને રોષ વ્યક્ત કર્યો હતો અને જવાબદારો સામે સખત કાર્યવાહી કરવાની માગ કરી હતી. પીડિતોએ ચિંતા વ્યક્ત કરી હતી કે આવી ગેરરીતિથી તેમના રાશન કાર્ડ અને અન્ય સરકારી યોજનાઓના લાભ બંધ થઈ શકે છે. કર્ણાટકમાં ગેરકાયદેસર રીતે મતદારોના નામ હટાવવાના પ્રયાસો અંગે અત્યાર સુધીમાં ભાલ્કી, બેલગાવી નોર્થ, બલ્લારી, મૈસુરુ અને બેંગલુરુ સહિત વિવિધ વિસ્તારોમાં કુલ 9 એફઆઈઆર (FIR) નોંધાઈ ચૂકી છે.

### એક નજર...

**આંચલ મુજાલનો ગ્લેમરસ અવતાર, વાયરલ થયો કિલર લુક**



આંચલ મુંજાલ એક ભારતીય ફિલ્મ અને ટેલિવિઝન અભિનેત્રી છે અને તે હિન્દી અને તમિલ બંને ફિલ્મોમાં અભિનય માટે જાણીતી છે. અભિનેત્રી તેના ગ્લેમરસ અંદાજથી ફેન્સને દિવાના બનાવે છે. અક્ષય કુમાર અને કાજોલ જેવા દિગ્ગજ કલાકારો સાથે કામ કરી ચૂકેલી બોલિવૂડ અભિનેત્રી આંચલ મુજાલ ખૂબ જ બોલ્ડ અને ગ્લેમરસ સ્ટાઈલમાં નજરે પડી રહી છે.

### NEWS TRACK

#### ભારતવંશી નવનીતમ પિલ્લાઈને શાંતિનો નોબેલ પુરસ્કાર:વ્યવસાયે વકીલ

નોર્વેની નોબેલ સમિતિએ 2026નો શાંતિ પુરસ્કાર ભારતવંશી નવનીતમ નાવી પિલ્લાઈને આપવાની જાહેરાત કરી છે. દક્ષિણ આફ્રિકામાં જન્મેલાં પિલ્લાઈએ રંગભેદ સામે લડનારા નેલ્સન મંડેલા સહિત અનેક લોકોની મદદ કરી હતી. પિલ્લાઈને યુદ્ધ અપરાધ અને નરસંહારના દોષિતોને સજા અપાવવા તથા આંતરરાષ્ટ્રીય કાયદાને મજબૂત કરવાના પ્રયાસો માટે આ સન્માન આપવામાં આવ્યું છે. નોબેલ સમિતિએ જણાવ્યું કે વિશ્વમાં યુદ્ધ અને સંઘર્ષ વધી રહ્યા છે. આવા સમયે શાંતિ જાળવી રાખવા માટે આંતરરાષ્ટ્રીય કાયદાનું પાલન કરવું અને તેને મજબૂત બનાવવું અત્યંત જરૂરી છે. પિલ્લાઈને ડિસેમ્બરમાં સ્વિડનની રાજધાની સ્ટોકહોમમાં સન્માનિત કરવામાં આવશે. તેમને મેડલ, ડિપ્લોમા અને પુરસ્કારની રકમ આપવામાં આવશે. 2026માં નોબેલ પુરસ્કારની રકમ લગભગ 11.5 કરોડ રૂપિયા છે. નવનીતમ નાવી પિલ્લાઈનો જન્મ 23 સપ્ટેમ્બર 1941ના રોજ દક્ષિણ આફ્રિકાના ડરબનમાં થયો હતો. તેમનો પરિવાર ભારતીય તમિલ મૂળનો છે.

#### અમેરિકામાં પહેલીવાર મૃત્યુદંડ ટીવી પર લાઇવ દેખાડાશે:16 વર્ષ પહેલાં જ્યાં 13 લોકોના જીવ લીધા હતા

અમેરિકામાં પહેલીવાર મૃત્યુદંડનું લાઈવ ટીવી પર પ્રસારણ કરવામાં આવશે. ભૂતપૂર્વ આર્મી મેજર નિદાલ હસનને ગોળી મારીને મૃત્યુદંડ આપવામાં આવશે. અમેરિકાના સંરક્ષણ મંત્રી પીટ હેગસેથે કહ્યું છે કે આ સજાનું લાઈવ ટેલિકાસ્ટ કરવામાં આવશે, જેથી સામાન્ય લોકો તેને જોઈ શકે. બીબીસીના જણાવ્યા મુજબ, 100 વર્ષમાં અમેરિકામાં જાહેરમાં આપવામાં આવતો આ પહેલો મૃત્યુદંડ હશે. હસને 2009માં ટેક્સાસના સૈન્ય મથક પર ધાર્મિક નારા લગાવતાં ગોળીબાર કર્યો હતો, જેમાં 13 સૈનિકોના મોત થયા હતા. હવે 3 ડિસેમ્બરે અહીં તેને મૃત્યુદંડ આપવામાં આવશે. 1961 બાદ અમેરિકી સૈન્ય ન્યાય વ્યવસ્થા હેઠળ મૃત્યુદંડ મેળવનાર નિદાલ હસન પ્રથમ વ્યક્તિ હશે. સૈન્ય વ્યવસ્થામાં છેલ્લે પ્રાઈવેટ જૉન એ. બેનેટને મૃત્યુદંડ આપવામાં આવ્યો હતો. હેગસેથે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું કે હસનને સૈનિકોની એક ટુકડી ગોળી મારીને મૃત્યુદંડ આપશે. હેગસેથે કહ્યું, 'અમે ખાતરી કરીશું કે લોકો આ જોઈ શકે અને તે જાહેરમાં થાય. લોકોએ સમજવું જોઈએ કે આવા કામોના ગંભીર પરિણામો હોય છે.'

# શહેર કોટડા પોલીસ સ્ટેશનનો વહીવટદાર ભરત પ્રજાપતિ ખુલ્લેઆમ ચલાવી રહ્યો છે દારૂનો અડ્ડો!

**પાક્કો ગુજરાત | અમદાવાદ**

ગુજરાતમાં દારૂબંધીના કાગળ પરના દાવાઓ વચ્ચે અમદાવાદ શહેરમાંથી ખાખી વર્દીને શર્મસાર કરતી અને આખી પોલીસ સિસ્ટમની ખોલી નાખતી એક અત્યંત ચોંકાવનારી અને વિસ્ફોટક ઘટના સામે આવી છે. અમદાવાદના સંવેદનશીલ ગણાતા શહેર કોટડા પોલીસ સ્ટેશનના વહીવટદાર ભરત પ્રજાપતિનો એક એવો વીડિયો વાયરલ થયો છે, જેનાથી સમગ્ર પોલીસ વિભાગમાં ખળભળાટ મચી ગયો છે. મેમકો વિસ્તારમાં આવેલા એક દેશી અને વિદેશી દારૂના અડ્ડા પર ખુદ પોલીસ સ્ટેશનનો વહીવટદાર ભરત પ્રજાપતિ હાજર રહીને દારૂનો ધંધો ચલાવી રહ્યો છે અને અડ્ડાનું સંચાલન કરી રહ્યો છે–આ હકીકત વીડિયોમાં સ્પષ્ટપણે કેદ થઈ ગઈ છે. એક પત્રકાર દ્વારા કરવામાં આવેલા આ ઘટસ્ફોટક સ્ટ્રિંગ ઓપરેશને ગુજરાત પોલીસના ભ્રષ્ટ વહીવટની પોલ ખોલીને રાખી દીધી છે!







### વહીવટદારોના જોરે ચાલે છે ગુનાખોરીના સામ્રાજ્યો

ગુજરાતમાં દારૂબંધી માત્ર સામાન્ય જનતા માટે છે, જ્યારે પોલીસના વહીવટદારો અને ખાખીના નશામાં ચૂર બાબુઓ માટે આખો ધંધો ખુલ્લો છે. શહેર કોટડા પોલીસ સ્ટેશનની હદમાં બેફામ ધમધમતા આ દારૂના અડ્ડા પર પોલીસ કર્મચારી પોતે હાજર રહીને રક્ષણ આપે અને વેપાર કરાવે, તેનાથી શરમજનક બીજું શું હોઈ શકે? આ સ્ટ્રિંગ ઓપરેશને સાબિત કરી દીધું છે કે પોલીસ સ્ટેશન ચલાવવા માટે પીઆઈ કરતા પણ તાકાતવર વહીવટદારો હોય છે, જેઓ હપ્તા અને કટકીના ખેલ પાડીને કરોડોની કમાણી કરે છે.

શું અમદાવાદ પોલીસ કમિશનર અને PCBમાં આ ભ્રષ્ટ અધિકારીઓ સામે પગલાં લેવાની તાકાત છે?

### આ મામલે હવે સૌથી મોટા સવાલો એરરે ઊભા થયા છે કે:

શું અમદાવાદ શહેરના પોલીસ કમિશનર અને તેમની કુખ્યાત, તોડબાજ ગણાતી પ્રિવેન્શન ઓફ ક્રાઈમ બ્રાન્ચ (PCB) માં આ ભ્રષ્ટ ચહેરાઓ સામે કડક કાર્યવાહી કરવાની તાકાત બચી છે?

ગુજરાતનું સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) હવે આ ખુલ્લેઆમ ચાલતા કૌભાંડ પર શું આંખ આડા કાન કરશે કે પછી કોઈ એક્શન લેશે?

શહેર કોટડા પોલીસ સ્ટેશનના પી. આઈ., તેમના મુખ્ય દલાલ મુકેશ ચૌધરી, ભરત પ્રજાપતિ અને હિતેશ દેસાઈ જેવા ખાખી પહેરેલા બૂટલેગરો સામે ખાખી વર્દીની લાજ રાખીને કાયદેસરનો સકંજો કસવાની હિંમત રાજ્ય પોલીસ તંત્રમાં છે ખરી?

જો આવા ખુલ્લા પુરાવાઓ સામે આવ્યા પછી પણ વહીવટદારો અને સંડોવાયેલા અધિકારીઓ સામે સસ્પેન્શન કે ખાતાકીય તપાસના નામે માત્ર ઢાંકપિછોડો કરવામાં આવશે, તો પ્રજાનો કાયદા અને વ્યવસ્થા પરથી સાવ ભરોસો ઉડી જશે. ગુજરાતની જનતા હવે આ ભ્રષ્ટ સિસ્ટમ સામે સવાલો પૂછી રહી છે કે શું ખાખી અને બૂટલેગરની આ ભાગીદારી આમ જ ચાલતી રહેશે? સિસ્ટમને હલાવી દેનારા આ કેસમાં હવે તંત્ર શું પગલાં ભરે છે તે જોવું રહ્યું!


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## અમદાવાદમાં લોકપ્રિય ગાયક કિર્તીદાન ગઢવીના 'પરંપરા નવરાત્રી'ના વિશાળ એસી ડોમનો ભાગ ધરાશાયી!

અમદાવાદ

ગુજરાતમાં નવરાત્રિના મહાપર્વની ધામધૂમથી તૈયારીઓ ચાલી રહી છે, ત્યાં જ અમદાવાદમાંથી એક અત્યંત ચોંકાવનારી અને હચમચાવી નાખનારી ઘટના સામે આવી છે. ખ્યાતનામ લોકસાહિત્યકાર અને ગાયક કિર્તીદાન ગઢવીના મોંઘાટિકેટ અને પ્રીમિયમ આયોજન ગણાતા ’પરંપરા નવરાત્રી’ (Parampara Navratri) ના ગરબા માટે બનાવવામાં આવેલા વિશાળ એસી ડોમ (AC Dome) નો એક મોટો ભાગ અચાનક ધરાશાયી થઈને નીચે બેસી ગયો છે! આ ગંભીર દુર્ઘટનાએ આયોજકોની નબળી ગુણવત્તા, ભ્રષ્ટ વહીવટ અને ખેલૈયાઓની સુરક્ષા સામે સણસણતા સવાલો ઊભા કરી દીધા છે. મળતી વિગતો મુજબ, અમદાવાદના એસ.પી. રિંગ રોડ પર આવેલા ગોપાલ ફાર્મ ખાતે કિર્તીદાન ગઢવીના મુખ્ય આયોજન ’પરંપરા નવરાત્રી’ માટે પાકા અને આધુનિક એસી ડોમ ઉભા કરવાની કામગીરી ચાલી રહી હતી. નવરાત્રિના પ્રારંભ પહેલાં જ ગરબાના આ વિશાળ ડોમનો એક હિસ્સો અચાનક તૂટી પડ્યો હતો. આ ઘટના એટલી ભયાનક હતી કે જો નવરાત્રિના અસલી દિવસો દરમિયાન ખેલૈયાઓથી ભરેલા આ ડોમમાં આ દુર્ઘટના સર્જાઈ હોત, તો સેંકડો નિર્દોષ નાગરિકોના જીવ જોખમમાં મુકાયા હોત અને મોટો મહાનાશ સર્જાઈ શક્યો હોત. સદનસીબે આ સમયે મોટા પ્રમાણમાં ભીડ ન હોવાના કારણે મોટી જાનહાનિ ટળી છે, પરંતુ આયોજકોની લાપરવાહી ઉઘાડી પડી ગઈ છે.

## નિષ્ઠુર તંત્ર અને મૂગા બહેરા શાસકો શું આદિવાસીઓ અને ખેડૂતોની પીડાનું ક્યારેય કાયમી સમાધાન લાવશે?

અમદાવાદ

ગુજરાતના આદિવાસી પટ્ટાઓમાંથી આજે એક એવો ચિચિયારી ભર્યો અવાજ ઉઠી રહ્યો છે જેણે સરકારની વિકાસની પોકળ વાતોની પોલ ખોલી નાખી છે. નર્મદા જિલ્લાના સાગબારા, ડેડીયાપાડા અને સુરતના ઉમરપાડા વિસ્તારના જંગલ જમીન પટ્ટા પર વર્ષોથી પરસેવો રેડીને પેટિયું રળતા આદિવાસી ખેડૂતો આજે પોતાના જ હક માટે દરબદર થઈ રહ્યા છે. વન વિભાગના દમનકારી વલણ, કાગળ પરના કાયદાઓ અને તંત્રની લાપરવાહી સામે લડતા આ નિર્દોષ ખેડૂતોનો સવાલ માત્ર એટલો જ છે કે–શું આ નિષ્ઠુર તંત્ર ક્યારેય અન્નદાતા આદિવાસીઓની વેદના સાંભળશે ખરી? દાયકાઓથી જંગલની જમીન ખેડીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા સાગબારા અને ઉમરપાડાના આદિવાસી ખેડૂતો આજે અસહ્ય મુશ્કેલીમાં મુકાયા છે.

એક તરફ ખુદ સાંસદ મનસુખ વસાવાએ પણ આ મુદ્દે મેદાનમાં આવીને વન વિભાગની મનમાની અને અસંવેદનશીલ નીતિઓ સામે સવાલો ઉઠાવ્યા છે, તો બીજી તરફ વહીવટી તંત્રના પેટનું પાણી હલતું નથી. ખેડૂતોને તેમની જ જમીન પરથી બેદખલ કરવાના પેંતરા રચવામાં આવી રહ્યા છે, તેમને ડરાવવામાં અને ધમકાવવામાં આવી રહ્યા છે. પ્રશ્ન એ થાય છે કે જે આદિવાસીઓ આ ધરતીના અસલી રક્ષક છે, તેમને જ પોતાની માલિકી માટે કાગળના ટુકડા ખાતર કેમ વલખાં મારવા પડે છે?

## ચામુંડા અને રોશની ટ્રેડર્સના ગોડાઉનમાં ગાંધીનગરની ટીમનાં ઓચિંતા દરોડા, લાખોનું બિનહિસાબી અનાજ ઝડપાયું!

ગાંધીનગર

ગુજરાતમાં અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા ગેરકાયદે સંગ્રહખોરો અને કાળાબજારીયાઓ સામે અત્યાર સુધીની સૌથી ઘાતક અને આક્રમક કાર્યવાહી કરવામાં આવી છે. ખેડા જિલ્લાના નડિયાદ તાલુકાના મહોળેલ ગામ ખાતે આવેલા ખાનગી ગોડાઉનો પર ગાંધીનગરથી આવેલી એન્ફોર્સમેન્ટ ટીમે અચાનક ત્રાટકીને મોટા પાયે દરોડા પાડ્યા હતા. આ ઓચિંતી રેડના કારણે અનાજની કાળાબજારી કરતા તત્વો અને વેપારીઓમાં ફફડાટ ફેલાઈ ગયો છે. તપાસ દરમિયાન ’ચામુંડા ટ્રેડર્સ’ અને ’રોશની ટ્રેડર્સ’ નામના ગોડાઉનોમાંથી લાખો રૂપિયાનો શંકાસ્પદ અને બિનહિસાબી જથ્થો મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. ગાંધીનગરથી સચોટ બાતમીના આધારે આવેલી પુરવઠા વિભાગની ટીમે મહોળેલ ગામે ધામા નાખીને ’ચામુંડા ટ્રેડર્સ’ નામના ગોડાઉનની સઘન તપાસ હાથ ધરી હતી. આ તપાસ દરમિયાન ગોડાઉનમાંથી ૨,૯૨૫ કિલોગ્રામ જેટલો બિનહિસાબી અનાજ અને કઠોળનો જથ્થો શંકાસ્પદ હાલતમાં મળી આવ્યો હતો. ચોપડે દર્શાવેલા હિસાબો અને રૂબરૂ તપાસેલા વાસ્તવિક જથ્થા વચ્ચે જબરજસ્ત વિસંગતતા જોવા મળતા તંત્ર ચોંકી ઉઠ્યું હતું. ગેરકાયદેસર રીતે અનાજનો સંગ્રહ કરીને બેઠેલા આ વેપારીઓના ખેલ આખરે ખુલ્લા પડી ગયા છે.

## 'જ્ઞાનેશકુમાર રાજીનામું નહીં આપે, રાહુલ ગાંધી નાજાયઝ હોય તો આપે'

સુરત

સુરત શહેરમાં એક કાર્યક્રમ દરમિયાન કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહ તેમના આક્રમક અને બેધડક અંદાજમાં વિપક્ષો પર આકરા પ્રહારો કરતા નજરે પડ્યા હતા. મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગણી કરી રહેલા કોંગ્રેસ અને વિપક્ષી નેતાઓ પર સણસણતા પ્રહારો કરતા ગિરિરાજ સિંહે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, ‘જ્ઞાનેશકુમાર કોઈ સંજોગોમાં રાજીનામું નહીં આપે, જો કોઈ નાજાયઝ હોય તો રાહુલ ગાંધીએ રાજીનામું આપવું જોઈએ!‘ તેમના આ નિવેદને રાજકારણમાં ભારે ચકચાર મચાવી દીધી છે. દેશમાં ચૂંટણી પ્રક્રિયા અને ચૂંટણી પંચની નિષ્પક્ષતા સામે ઉઠતા સવાલો વચ્ચે કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહે વિપક્ષી નેતા રાહુલ ગાંધી અને કોંગ્રેસ પાર્ટી પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે વિપક્ષી પાર્ટીઓ પોતાની હાર અને રાજકીય નિષ્ફળતા છુપાવવા માટે સતત બંધારણીય સંસ્થાઓ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકાર પર પાયાવિહોણા આરોપો લગાવી રહી છે. જ્ઞાનેશકુમારના રાજીનામાની માંગને ફગાવી દેતા તેમણે કટાક્ષ કર્યો કે વિપક્ષોનું કામ માત્ર સત્તાધારી પક્ષ કે સિસ્ટમને બદનામ કરવાનું બની ગયું છે.

### શિક્ષકોને કારકુન બનાવી દેતી સરકારી સિસ્ટમ સામે સણસણતો સવાલ!

# શિક્ષણ સુધારાના નામે 'ડિજિટલ લૂંટ' કે સોફ્ટવેરનું મસમોટું કૌભાંડ?

### બાળકોને ભણાવવાના પવિત્ર ધ્યેય સાથે વર્ગખંડમાં જતાં શિક્ષકો આજે ભણાવવાનું ભૂલીને માત્ર કમ્પ્યુટર અને મોબાઈલ સ્ક્રીન સામે બેસીને 'ડેટા એન્ટ્રી ઓપરેટર' બનવા મજબૂર થઈ ગયા છે




ગુજરાતના શિક્ષણ જગતમાંથી એક એવો વિસ્ફોટક મુદ્દો સામે આવ્યો છે જેણે શિક્ષણ વિભાગના પાયા હલાવી દીધા છે! સરકાર ભલે ’ડિજિટલ ગુજરાત’ અને ’સ્માર્ટ એજ્યુકેશન’ના મોટા-મોટા બણગા ફૂંકતી હોય, પરંતુ વાસ્તવિકતા એ છે કે શિક્ષણ સુધારાના નામે રાજ્યમાં કરોડો રૂપિયાના સોફ્ટવેર અને પોર્ટલના ખેલ ખેલાઈ રહ્યા છે. બાળકોને ભણાવવાના પવિત્ર ધ્યેય સાથે વર્ગખંડમાં જતાં શિક્ષકો આજે ભણાવવાનું ભૂલીને માત્ર કમ્પ્યુટર અને મોબાઈલ સ્ક્રીન સામે બેસીને ’ડેટા એન્ટ્રી ઓપરેટર’ બનવા મજબૂર થઈ ગયા છે. પાક્કો ગુજરાત ન્યૂઝ પેપરના આ અહેવાલમાં જોઈએ કે આ સોફ્ટવેર પાછળ ચાલી રહેલો કરોડોનો ખેલ કઈ રીતે સિસ્ટમની પોલ ખોલે છે!

1. દરેક કામ માટે અલગ પોર્ટલ કેમ? શું આ માત્ર કટકીબાજીનો ખેલ છે?

આજની સ્થિતિ એવી છે કે શિક્ષકોએ એક જ માહિતી અલગ-અલગ ડઝનો પોર્ટલ પર વારંવાર અપલોડ કરવાની રહે છે. હાજરી માટે એક પોર્ટલ, મધ્યાહ્ન ભોજન માટે બીજું, પરીક્ષાના ગુણ માટે ત્રીજું અને યોજનાકીય માહિતી માટે ચોથું પોર્ટલ! સવાલ એ થાય છે કે શું સરકાર પાસે એક જ ’સંકલિત પોર્ટલ’ (Integrated Portal) બનાવવાની બુદ્ધિ કે ક્ષમતા નથી? કે પછી આ અલગ-અલગ સોફ્ટવેર અને પોર્ટલ બનાવડાવીને કરોડો રૂપિયાના ટેન્ડરો પાસ કરાવવાનો અને ભ્રષ્ટાચાર કરવાનો કોઈ મોટો કારસો ચાલી રહ્યો છે?

2. ટેન્ડર, AMC અને મેન્ટેનન્સના ખર્ચની પારદર્શક તપાસ કેમ નહીં?

આ નવા-નવા સોફ્ટવેર બનાવવા, તેના વાર્ષિક મેન્ટેનન્સ (AMC) અને અપગ્રેડેશનના નામે સરકારી તિજોરીમાંથી કરોડો રૂપિયા પાણીની જેમ વહેવડાવવામાં આવે છે. આ કરોડો રૂપિયા પ્રજાના ટેક્સના પૈસા છે. આટલો તોતિંગ ખર્ચ કોના ખાતામાં જાય છે? આ સોફ્ટવેર બનાવતી કઈ એજન્સીઓ સાથે મિલીભગત છે? તેની પારદર્શક તપાસ કરવાથી શા માટે ભાગવામાં આવે છે? પ્રજાના પરસેવાની કમાણી આ રીતે સોફ્ટવેરના નામે લૂંટાવા દીધી જ ન જવી જોઈએ.

3. શિક્ષક ભણાવશે કે આખો દિવસ કમ્પ્યુટર સામે ડેટા એન્ટ્રી કરશે?

શિક્ષકનું કામ દેશનું ભવિષ્ય ઘડવાનું, બાળકોને સંસ્કાર આપવાનું અને ગુણવત્તાસભર શિક્ષણ આપવાનું છે. પરંતુ આજની ભ્રષ્ટ સિસ્ટમે શિક્ષકને માત્ર ડેટા એન્ટ્રીના કારકુન બનાવી દીધા છે. શિક્ષકોનો કિંમતી સમય શિક્ષણકાર્ય છોડીને માત્ર ’ઓનલાઈન એન્ટ્રી’ અને ’રિપોર્ટ મોકલવા’માં જ બગડી જાય છે, તો પછી ગુજરાતના બાળકોનું શૈક્ષણિક સ્તર કેવી રીતે સુધરશે? આ તો માત્ર દેખાડાના સુધારા છે જે અંદરથી શિક્ષણ વ્યવસ્થાન ખોખલી કરી રહ્યા છે.

આપણી સ્પષ્ટ અને ઘાતક માંગ: સિસ્ટમ હવે જવાબ આપે!

એક જ સંકલિત પોર્ટલ બનાવો: તમામ કામો માટે અલગ-અલ પોર્ટલ બંધ કરીને માત્ર એક જ સિંગલ વિન્ડો કે સંકલિત પોર્ટલ શરુ કરો.

બિનજરૂરી ડેટા એન્ટ્રી બંધ કરો: શિક્ષકો પરનો આ માનસિક ત્રાસ અને બિનજરૂરી કાગળ-ડિજિટલ કામગીરીનો બોજ તાત્કાલિક ધોરણે નાબૂદ કરો.

પારદર્શક તપાસ કરો: અત્યાર સુધી આ સોફ્ટવેર પાછળ ખર્ચવામાં આવેલા કરોડો રૂપિયાના ટેન્ડર અને મેન્ટેનન્સના ખર્ચની ન્યાયિક અને પારદર્શક તપાસ થાય.

શિક્ષણનો હેતુ બાળકોનો સર્વાંગી વિકાસ છે, શિક્ષકોને ડેટા એન્ટ્રીના ગુલામ કે કર્મચારી બનાવવાનો નથી! આ સવાલ હવે માત્ર કોઈ એક વ્યક્તિનો નથી, પરંતુ દરેક પ્રામાણિક શિક્ષક, વાલી અને જાગૃત નાગરિકનો છે. હવે ચૂપ રહેવાનો સમય નથી–આ ભ્રષ્ટ સોફ્ટવેર ઈકોસિસ્ટમ સામે અવાજ ઉઠાવો!

### કરોડોનું કૌભાંડ છતાં સરકાર અને VMC સંપૂર્ણ મૂકપક્ષી!

## કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓની મિલીભગતનો ભોગ બનતી પ્રજા: વડોદરાના રસ્તાઓ બન્યા 'ભૂવાઓનું સામ્રાજ્ય'

વડોદરા

ગુજરાતમાં વિકાસના મોટા-મોટા દાવાઓ અને સ્માર્ટ સિટીની વાતો માત્ર કાગળ પર જ સીમિત રહી ગઈ છે, જ્યારે જમીની વાસ્તવિકતા એ છે કે પ્રજાના ટેક્સના કરોડો રૂપિયા ભ્રષ્ટાચારની ભેટ ચડી રહ્યા છે. સંસ્કારી નગરી ગણાતું વડોદરા શહેર આજે વિકાસના નામે વરવા કૌભાંડોનો અડ્ડો બની ગયું છે. વડોદરા મહાનગરપાલિકા (VMC) અને ભ્રષ્ટ કોન્ટ્રાક્ટરોની ગંઠાયેલી મિલીભગતના કારણે શહેરના માર્ગો પર જાણે મરણઘડી ગણતા ’ભૂવાઓનું સામ્રાજ્ય’ ફેલાઈ ગયું છે. કરોડો રૂપિયાના માતબર ખર્ચે બનતા રસ્તાઓ થોડા જ દિવસોમાં ધોવાઈ જાય છે અને મસમોટા ખાડાઓ કે ભૂવાઓ પડી જવાથી નાગરિકો જીવના જોખમે વાહન ચલાવવા મજબૂર બન્યા છે. વડોદરામાં રોડ-રસ્તા અને ગટર લાઈનના કામો માટે હજારો કરોડ રૂપિયાની ગ્રાન્ટો ફાળવવામાં આવે છે, પરંતુ આ કરોડો રૂપિયાનો વહીવટ ક્યાં જાય છે તે મોટો સવાલ છે. વીએમસીના ભ્રષ્ટ અધિકારીઓ અને બેફામ બનેલા કોન્ટ્રાક્ટરો વચ્ચેના કમિશન રાજના ખેલના કારણે રસ્તાના નિર્માણમાં હલકી કક્ષાની સામગ્રી વાપરવામાં આવે છે. ચોમાસું હોય કે સામાન્ય દિવસો, થોડોક જ વરસાદ પડે કે વાહનોની અવરજવર થાય એટલે રસ્તાઓ પર ડામર ઉખડી જાય છે અને અચાનક જમીન બેસી જવાથી મોટા-મોટા ભૂવાઓ પોપડાની જેમ ફાટી નીકળે છે. પ્રજાના પરસેવાની કમાણીના નાણાંમાંથી બનતા આ રસ્તાઓ પ્રજા માટે જાનલેવા સાબિત થઈ રહ્યા છે. આ ગંભીર બેદરકારી અને ભ્રષ્ટાચારના લીધે અવારનવાર નિર્દોષ વાહનચાલકો આ ભૂવાઓમાં પટકાય છે, ગંભીર ઈજાઓ પામે છે અને કેટલાક કિસ્સાઓમાં તો જીવ પણ ગુમાવવાનો વારો આવે છે. સ્થાનિક નાગરિકો, વિપક્ષો અને જાગૃત સંસ્થાઓ દ્વારા અનેક વખત રજૂઆતો કરવા છતાં વડોદરા મહાનગરપાલિકા (VMC) અને રાજ્ય સરકારના પેટનું પાણી પણ હલતું નથી. કોન્ટ્રાક્ટરો સામે કોઈ જ કડક દંડાત્મક કાર્યવાહી કરવામાં આવતી નથી કે બ્લેકલિસ્ટ કરવાની તસ્દી લેવાતી નથી. સરકારનું આ શંકાસ્પદ મૌન સાબિત કરે છે કે આ કરોડો રૂપિયાના કૌભાંડમાં ઉપરથી લઈને નીચે સુધીના તમામ અધિકારીઓ અને શાસકોની મિલીભગત સ્પષ્ટ છે. જનતાના જીવન સાથે ચેડાં કરતી આ ભ્રષ્ટ વ્યવસ્થા અને અસંવેદનશીલ વીએમસી તંત્ર સામે હવે પ્રજાનો રોષ ચરમસીમાએ પહોંચ્યો છે. જો વહેલી તકે આ ભ્રષ્ટ કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓ સામે કાયદાકીય શિકંજો કસવામાં નહીં આવે, તો જનતા ગાંધી ચિંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન કરવા માટે મજબૂર બનશે!

## ખાવડા નજીક ભયાનક અકસ્માત: સાત શ્રમિકોનાં કરુણ મોત થયા



ભચાઉ, રૂપેશ સોલંકી

કચ્છના ખાવડા વિસ્તારમાં આરઈ પાર્ક નજીક પોલીસ ચેકપોસ્ટ પાસે મધરાતે આશરે ત્રણ વાગ્યાના અરસામાં બોલેરો કેમ્પર અને બલ્કર વચ્ચે ભયાનક અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં સાત શ્રમિકોનાં ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજ્યાં હતાં.

મળતી માહિતી મુજબ, શ્રમિકો કામ પરથી પરત ફરી રહ્યા હતા ત્યારે આ ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલા આશરે ૨૨ શ્રમિકોને તાત્કાલિક સારવાર અર્થે ભુજની જી.કે. જનરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં કચ્છના કલેક્ટર અને પશ્ચિમ કચ્છના પોલીસ અધિક્ષક વિકાસ સુંડાએ હોસ્પિટલની મુલાકાત લઈ ઈજાગ્રસ્ત શ્રમિકોની તબિયત અંગે માહિતી મેળવી હતી અને તેમની સારવારની વ્યવસ્થાની વિગતો જાણી હતી. આ બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી પ્રસરી છે. પોલીસે અકસ્માત અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## છોટાઉદેપુરની જનતા સાથે ખુલ્લી લૂંટ: બેફામ રેત ખનનથી સર્જાશે જળસંકટ!!

### ભાજપ સરકારના ભ્રષ્ટ નેતાઓ પ્રજાને પાયમાલ કરવા બેઠા છે!

છોટાઉદેપુર

ગુજરાતમાં વિકાસ અને સમૃદ્ધિના પોકળ ઢોલ પીટીને સત્તાની ખુરશીઓ પર બેઠેલા ભાજપના નેતાઓની વાસ્તવિકતા હવે પ્રજા સમક્ષ સંપૂર્ણપણે ઉઘાડી પડી ગઈ છે. રાજ્યમાં કુદરતી સંપત્તિઓની અડેધડ લૂંટ અને ભ્રષ્ટાચારના પાપે સામાન્ય પ્રજાનું જીવન કેવી રીતે નરક સમાન બની રહ્યું છે, તેનું સૌથી જીવંત અને ખતરનાક ઉદાહરણ છોટાઉદેપુર પંથકમાંથી સામે આવી રહ્યું છે. છોટાઉદેપુરની નદીઓ અને ધરતીની છાતી ચીરીને ચલાવવામાં આવી રહેલા બેફામ અને ગેરકાયદે રેત ખનનના કારણે આગામી સમયમાં સમગ્ર વિસ્તારમાં ભયંકર જળસંકટ અને કુદરતી પ્રકોપના એંધાણ વર્તાઈ રહ્યા છે. પ્રકૃતિનું અંધાધૂંધ શોષણ કરનારા રેતી માફિયાઓને સત્તાના શીર્ષસ્થ નેતાઓના સીધા આશીર્વાદ પ્રાપ્ત છે, છતાં સત્તાધારી પક્ષના નેતાઓ પ્રજાની આંખમાં ધૂળ નાખવા માટે માત્ર પોકળ આશ્વાસનો અને ખોટી ગુલબાંગો પોકારી રહ્યા છે.

છોટાઉદેપુર વિસ્તારની નદીઓમાં રાત-દિવસ હાઈ-ટેક જેસીબી મશીનો અને ઓવરલોડેડ ડમ્પરોની મદદથી રેતીની આડેધડ લૂંટ ચલાવવામાં આવી રહી છે. નદીઓના પટ ઊંડા થઈ ગયા છે, ભૂગર્ભ જળસ્તર ચિંતાજનક રીતે તળિયે બેસી ગયા છે અને હરિયાળી ધરા પર્યાવરણની પથારી ફરી ગઈ છે. પર્યાવરણવિદો અને સ્થાનિક જાગૃત નાગરિકો વારંવાર ચેતવણી આપી રહ્યા છે કે જો આ અનિયંત્રિત અને ગેરકાયદે રેત ખનન તાત્કાલિક નહીં અટકે, તો છોટાઉદેપુરની આવનારી પેઢીઓએ પીવાના પાણી માટે પણ વણઝારાની જેમ વલખા મારવા પડશે. પ્રકૃતિના ભોગે પોતાના અંગત સ્વાર્થ અને તિજોરીઓ ભરતા આ માફિયાઓને રોકવા માટે તંત્ર સંપૂર્ણપણે મૂકપક્ષી બનીને બેઠું છે. એક તરફ આ ભ્રષ્ટ સરકારના બેફામ ખનનને કારણે કુદરતી જળસ્રોતો સદંતર સૂકાતા જાય છે, તો બીજી તરફ શાસકો દિલ્હીથી લઈને ગાંધીનગર સુધી ‘નળ સે જલ‘ જેવી યોજનાઓના મોટા-મોટા બણગા ફૂંકીને પ્રજાને મૂર્ખ બનાવી રહ્યા છે. સરકાર ઢોલ પીટે છે કે ગામડે-ગામડે અને નગરોમાં નળ દ્વારા શુદ્ધ પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે જમીનમાં પાણી જ નહીં બચે તો નળમાં પાણી ક્યાંથી આવશે? જનતાના મૂળભૂત અધિકારો અને જીવનના ભોગે પોતાના મળતિયાઓની તિજોરીઓ છલકાવતી આ ભાજપ સરકાર પ્રત્યે છોટાઉદેપુરની જનતામાં હવે ભારે રોષ ભભૂકી ઉઠ્યો છે. છોટાઉદેપુરના નગરજનો આજે ભય અને ચિંટાના સાયા હેઠળ જીવી રહ્યા છે કે આવનારા દિવસોમાં તેમની હાલત શું થશે. પ્રજા સુધી સાચો અવાજ પહોંચાડવાની અને આ ભ્રષ્ટ વ્યવસ્થા સામે બગલ ફૂંકવાની આ જ સાચી વેળા છે.

### વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ વિશેષ

## થાકીને બેહાલ ન થાઓ, બસ આને અપનાવો

– ગુરુદેવ શ્રી શ્રી રવિશંકર

તણાવ આજે ઈશ્વરની જેમ સર્વવ્યાપી થઈ ગયો છે, તે દરેક જગ્યાએ મોજૂદ છે. આખરે તણાવ છે શું? હું આને આ રીતે વ્યાખ્યાયિત કરું છું કામ ઘણું વધારે હોય, સમય ઘણો ઓછો હોય અને તે કરવા માટે ઊર્જા ન હોય. જ્યારે આ પરિસ્થિતિ લાંબા સમય સુધી ચાલુ રહે છે, ત્યારે તણાવ આપણી ઊર્જાને એટલી હદે શોષી લે છે કે દિવસ શરૂ થતાં પહેલાં જ આપણે પોતાની જાતને થાકેલા અનુભવવા લાગીએ છીએ. આજે આ જ સ્થિતિને બર્નઆઉટ (Burnout) કહેવામાં આવે છે. તો આમાંથી મુક્તિ કેવી રીતે મેળવવી? એક ઉપાય એ છે કે કામનો બોજ ઘટાડી દેવામાં આવે, પરંતુ આજના સમયમાં આ સહેલું લાગતું નથી. બીજો વિકલ્પ એ છે કે ઉપલબ્ધ સમય વધારી દેવામાં આવે, જે લગભગ અશક્ય છે. આવી સ્થિતિમાં આપણી પાસે એક જ ઉપાય બચે છે આપણી ઊર્જાના સ્તરને વધારવું. જ્યારે આપણામાં પૂરતી ઊર્જા અને ઉત્સાહ હોય છે, ત્યારે આપણે જીવનના કોઈપણ પડકારનો સામનો કરવા અને તેને સંભાળવા સક્ષમ બનીએ છીએ. પોતાની ઊર્જા વધારવા માટે ધ્યાન



અને સુદર્શન ક્રિયા જેવી શ્વાસોચ્છવાસની પ્રક્રિયાઓ અત્યંત સહાયક છે. આ તકનીકો થોડી જ મિનિટોમાં આપણું ઊર્જા-સ્તર વધારવામાં મદદ કરે છે. નિ:શંકપણે, ઊંઘ જરૂરી છે; પરંતુ ઊંઘમાંથી મળતો આરામ એક પ્રકારનો નિષ્ક્રિય આરામ છે. સચેત આરામ ધ્યાનથી પ્રાપ્ત થાય છે. ધ્યાનનો અર્થ એ નથી કે બેસીને કોઈ વિષય વિશે વિચારતા રહેવું. ઘણા લોકો મનમાં સતત કંઈક ને કંઈક કરતા રહે છે; કંઈક કલ્પના કરે છે, કંઈક દ્રશ્યો મનમાં રચે છે. દુર્ભાગ્યે, આ ધ્યાન નથી. ધ્યાનનો અર્થ છે સંપૂર્ણપણે છોડી દેવું, સહજ થવું અને ઊંડા વિશ્રામમાં ઊતરી જવું. લોકોએ એવો અનુભવ કર્યો છે કે 20 મિનિટનું ધ્યાન તેમને 8 કે 10 કલાકની ઊંઘ કરતાં પણ વધુ ઊર્જાવાન અનુભવ કરાવી શકે છે. ઊર્જાના ચાર મુખ્ય સ્ત્રોત છે આહાર, નિદ્રા, શ્વાસ અને શાંત તથા ધ્યાનમય મન. સંતુલિત અને પૌષ્ટિક આહાર લો, તે પણ સંયમિત માત્રામાં. રોજ 6 થી 8 કલાકની ઊંઘ લો, ન તેનાથી વધુ, ન ઓછી. ઊંડા શ્વાસ લેવાની કેટલીક સરળ રીતો શીખો અને સવાર-સાંજ 15-20 મિનિટ ધ્યાન કરો. આટલું જ તમને આખો દિવસ ઊર્જાવાન રાખવા માટે પૂરતું સાબિત થઈ શકે છે. તમે પોતાના ઊર્જા-સ્તરમાં તરત જ તફાવત અનુભવશો. આધ્યાત્મિક જ્ઞાન પણ આપણને એક વિશિષ્ટ પ્રકારની ઊર્જા પ્રદાન કરે છે, અને આ બધામાં ધ્યાનનું સ્થાન સર્વોપરી છે.

પાક્કો ગુજરાત
શનિવાર | 10 ઓક્ટોબર 2026 | અમદાવાદ

# ગાંધીનગર સિવિલની મુલાકાતે આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયા: ડેન્ગ્યુ ગ્રસ્ત જવાનોના ખબર-અંતર પૂછી સારવારની સમીક્ષા કરી

■ **સ્ટેચ્યુ ઓફ યુનિટી પરેડ માટે આવેલા છેલ્લા 10 દિવસમાં 87 જવાનો સિવિલમાં દાખલ: 50 સાજા થતાં ડિસ્ચાર્જ, 37 સારવાર હેઠળ**

છોટાઉદેપુર

છોટાઉદેપુર અને રાજ્યભરના અન્ય સમાચારોની સાથે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંથી એક અત્યંત મહત્વપૂર્ણ અને સંવેદનશીલ અહેવાલ સામે આવ્યો છે. કેવડિયા સ્થિત 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' ખાતે આયોજિત પરેડ કાર્યક્રમમાં ભાગ લેવા માટે દેશના વિવિધ રાજ્યોમાંથી ગુજરાત આવેલા સુરક્ષા દળોના જવાનો અચાનક બીમારીનો ભોગ બન્યા છે. ઓરિસ્સા, ઝારખંડ, દિલ્હી, પશ્ચિમ બંગાળ અને છત્તીસગઢથી આવેલા BSF, CRPF તથા ITBPના આશરે ૮૭ જવાનોને તાવ અને અન્ય શારીરિક અસ્વસ્થતાની ફરિયાદ બાદ તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ



ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખીને ગુજરાત રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી. મંત્રીશ્રીએ હોસ્પિટલમાં દાખલ થયેલા તમામ જવાનોના ખબર-અંતર પૂછીને તેમનું મનોબળ વધાર્યું હતું. તબીબોની સઘન સારવાર અને યોગ્ય સંભાળને કારણે જવાનોની તબિયતમાં ઝડપી સુધારો નોંધાયો છે, જેના પરિણામે છેલ્લા ૧૦ દિવસમાં દાખલ થયેલા કુલ ૮૭ જવાનોમાંથી ૫૦ જવાનો પૂર્ણપણે સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા (ડિસ્ચાર્જ) આપી દેવામાં આવી છે. જ્યારે બાકીના ૩૭ જવાનો હાલ સિવિલ હોસ્પિટલમાં ડૉક્ટરોની નિગરાની હેઠળ સારવાર મેળવી રહ્યા છે અને તમામની તબિયત સ્થિર છે.

એક તરફ જવાનો સાજા થઈ રહ્યા છે, ત્યારે આ મુલાકાત દરમિયાન જ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ રહેલા સુરક્ષા દળોના એક જવાનના અચાનક થયેલા દુઃખદ અવસાનના સમાચારથી સમગ્ર તંત્રમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

આ કમનસીબ ઘટના અંગે ગાઢ સંવેદના વ્યક્ત કરતા આરોગ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે દેશની સરહદો પર રક્ષા કરતા વીર જવાનને ગુમાવવો એ આપણા સૌ માટે મોટી ક્ષતિ છે અને રાજ્ય સરકાર શોકગ્રસ્ત પરિવારના દુઃખમાં પૂરી રીતે સહભાગી છે.

પ્રાથમિક વિગતો આપતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે શરૂઆતમાં તમામ જવાનોની સ્થિતિ સામાન્ય હતી, પરંતુ એક જવાને અચાનક છાતીમાં અસહ્ય દુખાવાની ફરિયાદ કરી હતી. તબીબોની ટીમે તાત્કાલિક ઈસીજી સહિતની કાર્ડિયાક તપાસ કરી જવાનને ICUમાં ખસેડ્યા હતા, પરંતુ તમામ પ્રયાસો છતાં તેમને બચાવી શકાયા નહોતા. તબીબોના પ્રાથમિક તારણ મુજબ, જવાન તાવ અને અસ્વસ્થતા હોવા છતાં પોતાની રોજિંદી ભારે કસરત કે વર્કઆઉટ ચાલુ રાખતા હતા, જેના કારણે કાર્ડિયાક અરેસ્ટ આવ્યો હોવાની પ્રબળ આશંકા છે. જોકે મૃત્યુનું સાચું કારણ સત્તાવાર પોસ્ટમોર્ટમ (PM) રિપોર્ટ આવ્યા બાદ જ સ્પષ્ટ થશે.

---

ગુજરાતમાં બેવડા પ્રહારથી હાહાકાર

## મહેસૂલી કર્મચારીઓની અનિશ્ચિત મુદતની હડતાળ અને વકીલોની લડાઈથી રાજ્યભરમાં કામકાજ સંપૂર્ણ ઠપ્પ!

બોટાદ

ગુજરાતની જનતા હાલમાં સરકારની અસંવેદનશીલ નીતિઓ અને પ્રશાસનિક અણઘડતાને કારણે બેવડા પ્રહારથી ત્રાહિમામ પોકારી ઉઠી છે! એક તરફ પોતાની લાંબા સમયથી પડતર રહેલી ૧૪ જેટલી માંગણીઓને લઈને રાજ્યભરના મહેસૂલી કર્મચારીઓ અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરી ગયા છે, તો બીજી તરફ ભાડા વિધેયક મુદ્દે વકીલો પણ આર-પારની લડાઈ લડી રહ્યા છે. આ બેવડી હડતાળના કારણે સુરત, બોટાદ અને અમદાવાદ સહિત સમગ્ર ગુજરાતમાં સરકારી કચેરીઓ, મામલતદાર કચેરીઓ અને અદાલતોમાં કામકાજ સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયું છે, જેના કારણે સામાન્ય અરજદારો અને નાગરિકોને નરક સમાન હાલાકી વેઠવાનો વારો આવ્યો છે.

મહેસૂલ વિભાગના કર્મચારીઓની અચોક્કસ મુદતની હડતાળનો આજે બીજો દિવસ હોવા છતાં સરકારના પેટનું પાણી હલ્યું નથી. સુરત અને બોટાદ સહિત રાજ્યભરની સરકારી



કચેરીઓ આગળ આજે સવારથી જ પોતાના કામકાજ માટે આવેલા અરજદારોની લાંબી લાંબી કતારો જોવા મળી હતી. કર્મચારીઓની મુખ્ય માંગણીઓમાં પ્રમોશન, બદલી અને અન્ય ૧૪ પડતર પ્રશ્નોનો સમાવેશ થાય છે, જે સરકાર દ્વારા સમયસર પૂરા ન કરાતા આખરે કર્મચારીઓએ કામકાજથી અળગા રહેવાનો ઉગ્ર નિર્ણય લીધો છે. બોટાદ જિલ્લાની જ વાત કરીએ તો, ત્યાંના તમામ ૧૫૦થી વધુ મહેસૂલી કર્મચારીઓ એકસાથે હડતાળ પર ઉતરી જતાં બોટાદ તાલુકા સેવા સદન પરિસરમાં ભારે સન્નાટો છવાઈ ગયો હતો. જમીન-મિલકતના દસ્તાવેજો, નોંધણી, પેઢીનામા તેમજ વિવિધ જરૂરી દાખલા અને પ્રમાણપત્રો મેળવવા માટે દૂર-દૂરથી આવતા સામાન્ય નાગરિકો અને ખેડૂતો કચેરીઓના ધક્કા ખાઈને હેરાન-પરેશાન થઈ રહ્યા છે. એક તરફ નાગરિકો પોતાના રોજિંદા અને અગત્યના સરકારી કામો માટે કચેરીઓના ઉંબરે અટવાઈ રહ્યા છે, તો બીજી તરફ વહીવટી તંત્ર અને સરકાર આંખ આડા કાન કરીને બેસી રહી છે.

---

પ્રજા ખાડાવાળા રસ્તા અને ભ્રષ્ટાચારની આગમાં હોમાઈ!

## ગાંધીનગરના 'વિકાસ મોડલ'ની પોલ ખુલી: ભાજપના નેતાઓની તિજોરીઓ ભરાઈ

ગાંધીનગર

ગુજરાતમાં વિકાસના મોટા-મોટા બણગા ફૂંકીને સત્તાની ખુરશી સુધી પહોંચેલી ભારતીય જનતા પાર્ટીની અસલિયત હવે જનતા સમક્ષ ઉજાગર થઈ ચૂકી છે. પાટનગર ગાંધીનગર અને તેની આસપાસના વિસ્તારોમાં જે રીતે 'વિકાસ મોડલ'ના દાવા કરવામાં આવે છે, તેની વાસ્તવિકતા સાવ વિપરીત છે. તાજેતરમાં જ એક પ્રખર આદિવાસી નેતાએ ગાંધીનગરના આ કથિત વિકાસ મોડલની કાળી બાજુ અને ભ્રષ્ટાચારના કિસ્સાઓનો પર્દાફાશ કરતા સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. આ આદિવાસી નેતાએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ચૂંટણી ટાણે પ્રજાને ભોળી વાતોમાં ફસાવીને અને વિકાસના ખોટા વાયદાઓ આપીને સત્તા મેળવવામાં આવી હતી. પરંતુ સત્તા મળ્યા બાદ અસલી ખેલ શરૂ થયો. ગાંધીનગર અને આસપાસના પંથકમાં જો કોઈનો વિકાસ થયો હોય તો તે માત્ર ભાજપના નેતાઓનો છે! નેતાઓની સંપત્તિમાં કરોડો રૂપિયાનો વધારો થયો, કરોડોની કિંમતની જમીનોના સોદા થયા અને સરકારી તિજોરીના ભોગ્યે ભ્રષ્ટાચાર તેની ચરમસીમાએ પહોંચી ગયો છે. સામાન્ય પ્રજા આજે પણ પાયાની સુવિધાઓ માટે વલખા મારે છે, જ્યારે ભાજપના નેતાઓ મોટી-મોટી લક્ઝુરિયસ ગાડીઓમાં ફરી રહ્યા છે. પાટનગર અને તેની આસપાસના વિસ્તારોની વાસ્તવિક હાલત એવી છે કે કરોડો રૂપિયાના વિકાસના નામે માત્ર કાગળ પર જ કામો થયા છે, જ્યારે જમીન પર માત્ર ભ્રષ્ટાચારના કચરાના ઢગલા જોવા મળે છે. વિસ્તારના રસ્તાઓ પર વિકાસના દાવા પોકળ સાબિત થયા છે અને ચારેય તરફ મસમોટા ખાડાઓ પડી ગયા છે. વાહનચાલકો અને રાહદારીઓ આ ખાડાઓમાં પડીને હાડકાં ભાંગવા મજબૂર બન્યા છે. કાગળ પર સ્માર્ટ સિટી અને વિકાસની ગુલબાંગો પોકારનારા નેતાઓની નજર આ ખાડાઓ પર કેમ નથી પડતી?

---

"તેરા તુજકો અર્પણ" અભિયાન હેઠળ મોટી સફળતા

## ધ્રાંગધ્રાના રામદેવ મંદિરની 15 વીઘા જમીન ગેરકાયદે દબાણમાંથી મુક્ત કરાવી મૂળ માલિકને સોંપાઇ

અમદાવાદ

ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં જમીનો પરના ગેરકાયદા કબજા અને દબાણો હટાવવા માટે ચલાવવામાં આવી રહેલી સખત ઝુંબેશ અંતર્ગત એક ખૂબ જ મોટા સમાચાર સામે આવ્યા છે.



સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા ખાતે આવેલા પ્રસિદ્ધ રામદેવ મંદિરના મહંત શ્રી મહાવીરદાસજી (ગુરુ સ્વ. રામચંદ્રદાસજી મહારાજ) ની માલિકીની અંદાજે ૧૫ વીઘા જેટલી કિંમતી જમીનને લાંબા સમયથી ચાલી આવતા ગેરકાયદેસર દબાણ અને પડાપડીમાંથી સફળતાપૂર્વક મુક્ત કરાવવામાં આવી છે. સરકારના લોકઉપયોગી અને ન્યાયી 'તેરા તુજકો અર્પણ' અભિયાન હેઠળ આ જમીન પરનો ગેરકાયદે કબજો હટાવીને, ગાંધીનગર ખાતે એક વિશેષ કાર્યક્રમમાં મૂળ માલિક તથા મંદિરના મહંતને વિધિવત રીતે કાયદેસરના દસ્તાવેજો સુપરત કરવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ, ધ્રાંગધ્રાના આ રામદેવ મંદિરની ૧૫ વીઘા વિશાળ જમીન પર કેટલાક અસામાજિક અને ભુમાફિયા તત્વો દ્વારા ગેરકાયદેસર રીતે દબાણ કરી દેવામાં આવ્યું હતું. ધાર્મિક અને આસ્થાના કેન્દ્ર સમાન આ જમીનને મુક્ત કરાવવા માટે લાંબા સમયથી રજૂઆતો ચાલી રહી હતી.

રાજ્ય સરકાર દ્વારા ગેરકાયદે દબાણો સામે શિથિલતા દાખવ્યા વિના સખત પગલાં લેવાની નીતિ અંતર્ગત તંત્ર દ્વારા આ મામલે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પ્રશાસનની મક્કમ અને સચોટ કામગીરીના પરિણામે જમીન પરના તમામ ગેરકાયદે દબાણોને સપાટાભેર હટાવી દેવામાં આવ્યા છે, જેનાથી જમીનનો અસલ કબજો પરત મળ્યો છે. દબાણ મુક્ત કરાયેલી આ ૧૫ વીઘા જમીનના અધિકારિક અને મૂળ માલિકોને તેમના હક્ક પરત અપાવવા માટે ગાંધીનગર ખાતે એક વિશેષ વિધિનું આયોજન કરવામાં આવ્યું હતું. 'તેરા તુજકો અર્પણ' અભિયાનના ભાગરૂપે યોજાયેલા આ કાર્યક્રમમાં રાજ્યના ઉચ્ચ નેતૃત્વ અને મંત્રી હર્ષ સંઘવી ના હસ્તે મંદિરના મહંત શ્રી મહાવીરદાસજી મહારાજને જમીનના કાયદેસરના સત્તાવાર દસ્તાવેજો અને કાગળો વિધિવત રીતે સુપરત કરવામાં આવ્યા હતા.

---

મહેસાણા-બહુચરાજી હાઇવે પર ચક્કાજામ

## ખાનગી કંપનીની અસહ્ય દુર્ગંધથી ત્રસ્ત પાંચ ગામોના ગ્રામજનોનો આક્રોશ ફાટ્યો

મહેસાણા

મહેસાણા પંથકમાં અનિયંત્રિત પ્રદૂષણ અને તંત્રની ઉદાસીનતા સામે સ્થાનિક લોકોનો રોષ હવે ચરમસીમાએ પહોંચી ગયો છે. મહેસાણા-બહુચરાજી મુખ્ય હાઈવે પર આસપાસની ખાનગી કંપનીઓમાંથી છોડવામાં આવતી ઝેરી અને અસહ્ય દુર્ગંધથી ત્રાહિમામ પોકારી ગયેલા પાંચ ગામોના ગ્રામજનોએ આક્રમક બનેલા રોષ સાથે હાઈવે પર ચક્કાજામ કર્યો હતો. પ્રદૂષણના રાક્ષસથી હાલાકી ભોગવતા લોકોના આ પગલાથી વહીવટી તંત્રમાં દોડધામ મચી ગઈ હતી.



મળતી માહિતી મુજબ, મહેસાણા પંથકમાં આવેલી એક ખાનગી કંપનીમાંથી સતત બહાર ફેંકાતી તીવ્ર અને ઘાતક દુર્ગંધના કારણે સ્થાનિક નાગરિકોનું જીવવું મુશ્કેલ બની ગયું છે. આ ગંભીર સમસ્યાથી આસપાસના પાંચ ગામો જેમાં મરેડા, સામેત્રા, ખારા, ગોકલગઢ અને લક્ષ્મીપુરાના ગ્રામજનો સૌથી વધુ પ્રભાવિત થયા છે. અવારનવાર રજૂઆતો કરવા છતાં પ્રદૂષણ ફેલાવતી આ કંપની સામે કોઈ નક્કર કાર્યવાહી ન થતાં આખરે ગ્રામજનોની ધીરજ ખૂટી ગઈ હતી. રોષે ભરાયેલા ગ્રામજનો પોતાના ટ્રેક્ટરો અને વાહનો લઈને સીધા મહેસાણા-બહુચરાજી હાઈવે પર પહોંચી ગયા હતા અને રસ્તા વચ્ચે ટ્રેક્ટરોની આડશ મૂકીને હાઈવે સંપૂર્ણપણે બ્લોક કરી દીધો હતો. ગ્રામજનોનો આક્ષેપ છે કે આ ખાનગી કંપનીના કારણે સમગ્ર વિસ્તારની હવા ઝેરી બની ગઈ છે. દિવસ-રાત ફેલાતી દુર્ગંધના લીધે નાના બાળકો, મહિલાઓ અને વડીલોને શ્વાસ લેવામાં ભારે તકલીફ પડી રહી છે, તેમજ આંખો તથા ગળામાં બળતરા જેવી ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓ વધી રહી છે. અગાઉ આ જ મુદ્દે ગ્રામજનોએ વિરોધ સ્વરૂપે ગામની શાળાઓ પણ બંધ રાખી હતી, છતાં જવાબદાર GPCB (ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ) અને તંત્રના પેટનું પાણી હલ્યું નહોતું. હાઈવે પર અચાનક ચક્કાજામ થઈ જવાના કારણે વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી અને ટ્રાફિક વ્યવસ્થા સંપૂર્ણપણે ઠપ થઈ ગઈ હતી. પરિસ્થિતિની ગંભીરતાને પારખીને પોલીસ કાફલો ત્વરિત ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને વાહનચાલકોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે ટ્રાફિકને અન્ય વૈકલ્પિક માર્ગો પર ડાયવર્ટ કરવામાં આવ્યો હતો.

---

## ગાંધીનગરના ગિફ્ટ સિટી મેટ્રો સ્ટેશન પર ટ્રાયલ રન દરમિયાન ટ્રેન ડી-રેલ: તંત્રમાં દોડધામ મચી

ગાંધીનગર

ગુજરાતના ગૌરવ સમાન અને આધુનિક હબ તરીકે વિકસી રહેલા ગાંધીનગરના ગિફ્ટ સિટી (GIFT City) ખાતેથી એક મોટા સમાચાર સામે આવ્યા છે. ગિફ્ટ સિટી મેટ્રો સ્ટેશન પર ચાલી રહેલા ટ્રાયલ રન દરમિયાન એક મેટ્રો ટ્રેન અચાનક ડી-રેલ (પાટા પરથી ઉતરી જવાની ઘટના) થઈ હોવાની માહિતી બહાર આવતાં જ મેટ્રો તંત્રમાં ભારે હડકંપ મચી ગયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ગિફ્ટ સિટી મેટ્રો સ્ટેશન અને તેની આસપાસના રૂટ પર મેટ્રો સેવાઓને વધુ સુરક્ષિત અને વેગવાન બનાવવા માટે ટેક્નિકલ ટ્રાયલ ટેસ્ટ ચાલી રહ્યા હતા. દરરોજની જેમ વહેલી સવારે જ્યારે મેટ્રો ટ્રેનનો રોજિંદો ટ્રાયલ રન ચાલી રહ્યો હતો, તે જ અરસામાં અચાનક આ ટેક્નિકલ ખામી સર્જાઈ હતી અને મેટ્રો ટ્રેન પાટા પરથી નીચે ઉતરી ગઈ હતી (ડી-રેલ થઈ હતી). વહેલી સવારે બનેલી આ ઘટનાના પગલે સ્થળ પર હાજર અધિકારીઓ અને ઈજનેરોમાં દોડધામ થઈ ગઈ હતી.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈને તાત્કાલિક મેટ્રોના ઉચ્ચ અધિકારીઓ અને ટેક્નિકલ ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. એન્જિનિયરો દ્વારા સ્થિતિનો તાગ મેળવવામાં આવ્યો હતો અને સાવચેતીના ભાગરૂપે ટ્રાયલ રન અંદાજે ૧૫ મિનિટ માટે તાત્કાલિક ધોરણે અટકાવી દેવામાં આવ્યો હતો. સદનસીબે આ ઘટના માત્ર ટ્રાયલ રન દરમિયાન બની હોવાથી કોઈ મોટી જાનહાનિ કે અનિચ્છનીય બનાવ બન્યો ન હતો, જેના કારણે તંત્રએ હાશકારો અનુભવ્યો છે.

---

ચેરમેન સામે મનમાનીના ગંભીર આક્ષેપો

## દાહોદ નગરપાલિકામાં પાણીની અનિયમિતતા પર કોંગ્રેસ આક્રમક

દાહોદ

ગુજરાતભરમાં નગર પાલિકાઓ અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પ્રજાકીય સુવિધાઓના વરવા હાલ થઈ રહ્યા છે, ત્યારે દાહોદ શહેરમાં પીવાના પાણીની અનિયમિત અને કંગાળ પરિસ્થિતિને લઈને સ્થાનિક રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે. દાહોદ નગરપાલિકા દ્વારા શહેરીજનોને નિયમિત અને પૂરતા દબાણથી પીવાનું પાણી પૂરું પાડવામાં નિષ્ફળ રહેલી સત્તાધારી પાલિકા સામે હવે કોંગ્રેસ પક્ષ આક્રમક મૂડમાં આવી ગયો છે. પાલિકાના સત્તાધીશો અને ખાસ કરીને ચેરમેન સામે મનમાની કરવાના અને પ્રજાના પ્રશ્નો પ્રત્યે આંખ આડા કાન કરવાના ગંભીર આક્ષેપો લગાવવામાં આવ્યા છે.




મળતી માહિતી મુજબ, દાહોદ શહેરમાં છેલ્લા કેટલાક સમયથી પીવાના પાણીની વિતરણ વ્યવસ્થા સંપૂર્ણપણે પડી ભાંગી છે. શહેરી વિસ્તારોમાં ક્યારે પાણી આવશે અને ક્યારે જશે તેનો કોઈ ચોક્કસ સમય નથી રહ્યો. પૂરતા પ્રેશર વગર મળતું પાણી અને તેમાં પણ અનિયમિત પૂરવઠાના કારણે સામાન્ય જનતા, મહિલાઓ અને નોકરિયાત વર્ગને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. તહેવારો કે સામાન્ય દિવસોમાં પણ પાણી જેવી પાયાની જરૂરિયાત માટે લોકોને વલખા મારવા પડે છે, છતાં પાલિકા તંત્રના પેટનું પાણી હલતું નથી. શહેરીજનોની આ મૂક પીડાને વાચા આપવા માટે હવે કોંગ્રેસ પક્ષ મેદાને આવ્યો છે. કોંગ્રેસના આગેવાનો અને પદાધિકારીઓ દ્વારા નગરપાલિકાના ચેરમેન અને સત્તાધીશો સામે ઉગ્ર આક્રોશ વ્યક્ત કરતા ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે કે પાલિકામાં પ્રજાના હિતના કામો થવાને બદલે માત્ર અધિકારીઓ અને સત્તાધારી પક્ષના નેતાઓની મનમાની ચાલી રહી છે. જનતાના ટેક્સના નાણાં અને સરકારી ગ્રાન્ટોનો યોગ્ય ઉપયોગ થવાને બદલે વહીવટી અણઘડતા સ્પષ્ટપણે દેખાઈ રહી છે.

કોંગ્રેસે ચેતવણી આપી છે કે જો આગામી દિવસોમાં દાહોદ શહેરમાં પાણીની આ અનિયમિતતા દૂર કરવામાં નહીં આવે અને નિયમિત પાણી વિતરણ શરૂ કરવામાં નહીં આવે, તો પાલિકા વિરુદ્ધ ઉગ્ર આંદોલન કરવામાં આવશે અને જનતાના રોષનો સામનો કરવા સત્તાધીશો તૈયાર રહેવું પડશે. પાલિકાની આ નિષ્ક્રિયતા સામે શહેરીજનોમાં પણ ભારે આક્રોશ ફેલાયો છે.

---

કોઈ પત્ની માટે તો કોઈ દીકરી માટે રાખી રહ્યું છે વોચ!

## નવરાત્રિના રંગમાં ભંગ : અમદાવાદમાં ખાનગી ડિટેક્ટિવોની માંગમાં રેકોર્ડબ્રેક ઉછાળો

અમદાવાદ

ગુજરાતની સંસ્કારી નગરી અને ગરબાની ઘેલી તેમજ રંગીન રાતો માટે જાણીતા અમદાવાદ શહેરમાં જેમ જેમ નવરાત્રિનો મહાપર્વ નજીક આવી રહ્યો છે, તેમ તેમ એક ચોંકાવનારી અને ચર્ચાસ્પદ ટ્રેન્ડ સામે આવ્યો છે. શહેરમાં ખાનગી ડિટેક્ટિવ એજન્સીઓ અને જાસૂસી સેવાઓની માંગમાં અણધાર્યો અને મોટો ઉછાળો જોવા મળી રહ્યો છે. તહેવારોના માહોલમાં જ્યાં એક તરફ યુવાધન ગરબાના તાલે ઝૂમવા માટે થનગની રહ્યું છે, તો બીજી તરફ પરિવારના સભ્યોની વધતી જતી ચિંતાઓને કારણે ગુપ્ત નજર રાખવા માટે ડિટેક્ટિવોની બોલબાલા વધી ગઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર, નવરાત્રિના નવ દિવસો દરમિયાન મોડી રાત સુધી ચાલતા ગરબા અને મોજ-મસ્તીના માહોલને લઈને અનેક પરિવારોમાં અવિશ્વાસનું વાતાવરણ ઊભું થયું છે. અમદાવાદના હાઈ-પ્રોફાઈલ અને મધ્યમ વર્ગીય વિસ્તારોમાંથી પણ ખાનગી ડિટેક્ટિવ એજન્સીઓનો સંપર્ક કરનારાઓની લાઈનો લાગી છે. ખાસ કરીને કેટલાક પરિણીત પુરુષો દ્વારા પોતાની પત્નીઓની ગતિવિધિઓ પર નજર રાખવા માટે પ્રાઈવેટ ડિટેક્ટિવોને હાયર કરવામાં આવી રહ્યા છે. પત્ની નવરાત્રિના બહાને ક્યાં જાય છે, કોને મળે છે અને મોડી રાત્રે ક્યાં સમય વિતાવે છે તેની પળેપળની માહિતી મેળવવા માટે એડવાન્સ પેમેન્ટ આપીને જાસૂસી કરાવવામાં આવી રહી છે. માત્ર પત્નીઓ જ નહીં, પરંતુ ચિંતિત માતા-પિતા પણ પોતાની કૉલેજમાં ભણતી કે યુવાન વયની દીકરીઓ માટે ખાનગી ડિટેક્ટિવોની મદદ લઈ રહ્યા છે. આજના આધુનિક યુગમાં સોશિયલ મીડિયાના માધ્યમથી વધતી મિત્રતા અને નવરાત્રિના ગરબા ગ્રાઉન્ડ પર દીકરીઓ કઈ કંપનીમાં રહે છે, કોની સાથે ફરે છે અને ક્યાં સમય વિતાવે છે તેની સુરક્ષા અને ચિંતાને કારણે માં-બાપ પ્રાઈવેટ જાસૂસોની મદદથી સિક્રેટ વૉચ રખાવી રહ્યા છે.

---

ગાંધીનગરમાં કોંગ્રેસના ઉમેદવારને પોલીસ ઉઠાવી જતાં

## ભડકેલા ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ પેથાપુર પોલીસ સ્ટેશનમાં જ પોલીસ અધિકારીઓની કાઢી નાખી કળિયુગી બાફણીયા જેવી ખબર!

અમદાવાદ

ગુજરાતમાં ચૂંટણી ટાણે ખાખી વર્દી અને શાસક પક્ષની મિલીભગતથી ચાલતી ગુંડાગીરીની હદો હવે વટાઈ ચૂકી છે. ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી કે રાજકીય માહોલ વચ્ચે ગાંધીનગરમાંથી એક અત્યંત વિસ્ફોટક અને આંખ ઉઘાડી નાખનારી ઘટના સામે આવી છે. ગાંધીનગરમાં કોંગ્રેસના એક આધારભૂત ઉમેદવારને પોલીસ દ્વારા બળજબરીપૂર્વક ઉઠાવીને અજ્ઞાત જગ્યાએ લઈ જવામાં આવતા રાજકીય ગલિયારામાં રીતસરનો ભૂકંપ આવી ગયો છે. આ વાતની જાણ થતા જ પ્રજાના અવાજ સમાન લડાયક ધારાસભ્ય જીગ્નેશ મેવાણી આગબિલાડા થઈને સીધા પેથાપુર પોલીસ સ્ટેશન ધસી ગયા હતા અને ત્યાં જ પોલીસ અધિકારીઓનો સણસણતો ઉધડો લઈને સિસ્ટમની પોલ ખોલી નાખી હતી! કોંગ્રેસના ઉમેદવારની ગેરકાયદેસર અટકાયત અને ધાકધમકીના માહોલથી ઉશ્કેરાયેલા ધારાસભ્ય જીગ્નેશ મેવાણી જ્યારે પેથાપુર પોલીસ સ્ટેશન પહોંચ્યા, ત્યારે પોલીસ બેડામાં સન્નાટો છવાઈ ગયો હતો. મેવાણીએ સ્ટેશનની અંદર જ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓની સામે સીધા સવાલોનો મારો ચલાવ્યો હતો. તેમણે પોલીસને આડેહાથ લેતા રોષભેર કહ્યું હતું કે, 'શું તમે પ્રજાના રક્ષક છો કે ભાજપના ગુલામ કે એજન્ટ? સત્તાના જોરે વિપક્ષી ઉમેદવારોને ડરાવવા અને ઊઠાવી જવાની આ ગુંડાગીરી હવે નહીં ચલાવી લેવાય!' પોલીસ અધિકારીઓ પાસે કોઈ જવાબ નહોતો અને તેઓ નીચું જોઈને ઊભા રહેવા મજબૂર બન્યા હતા. આ ઘટના સાબિત કરી દે છે કે ગાંધીનગરની ચૂંટણીમાં શાસક પક્ષ પોતાની હાર નિશ્ચિત જોઈને હવે ખુલ્લેઆમ પોલીસ તંત્રનો દુરુપયોગ કરી રહ્યો છે.

## તંત્રી લેખ...

# લોકશાહીના શ્વાસ રૂંધવાનું કાવતરું: દિલ્હીના ડરથી ગુજરાત સુધી અગ્નિપરીક્ષા, અમદાવાદના યુવાનોને પણ ઘરમાં નજરકેદ કરાયા!

જે લોકશાહીના રસ્તે ચડીને આજે દેશની સત્તાના સર્વોચ્ચ શિખરે પહોંચ્યા છે, તે જ શાસકો આજે જનતાના અવાજથી આટલા બધા કેમ ડરી ગયા છે? આવતીકાલે, ૧૦ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ દિલ્હીના જંતર-મંતર પર યોજાનાર વિશાળ વિરોધ પ્રદર્શનને રોકવા માટે કેન્દ્ર સરકારે જે અતિશય દમનકારી અને આપખુદશાહી નીતિ અપનાવી છે, તેણે દેશમાં અઘોષિત કટોકટી યાદ કરાવી દીધી છે.

આંદોલનકારીઓ દિલ્હીની સરહદો ન વટાવી શકે તે માટે મોદી-શાહની સરકારે એવો લોખંડી બંદોબસ્ત ગોઠવ્યો છે જે જોઈને લાગે કે સત્તાના નશામાં ચૂર શાસકોને હવે જનતાના મુક્ત અવાજથી ડર લાગવા માંડ્યો છે.

## દિલ્હીને છાવણી અને જેલમાં ફેરવવાનું કાળું કાણું

આવતીકાલે જંતર-મંતર પર જનમેદની એકત્ર ન થાય તે માટે સરકારે તમામ હદો વટાવી દીધી છે. સૌથી આશ્ચર્યજનક અને શરમજનક બાબત તો એ છે કે દિલ્હી તરફ જતી ટ્રેનો સુધીને સ્થગિત કરી દેવામાં આવી છે! દિલ્હીના રસ્તાઓ પર હજારો સુરક્ષાકર્મીઓની ફ્લેગ-માર્ચ યોજીને વિરોધ કરનારાઓને ડરાવવાનો નિરર્થક પ્રયાસ થઈ રહ્યો છે.



બીજી તરફ, શાસક પક્ષના ઈશારે જમણેરી સંગઠનો અને સોશિયલ મીડિયા પર ખુલ્લી ધમકીઓ આપીને આંદોલનકારીઓનો મનોબળ તોડવાના ખેલ ચાલી રહ્યા છે.

શાંતિપૂર્ણ રીતે વિરોધ કરવાનો અધિકાર છીનવી લેવા માટે દિલ્હીમાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS) ની કલમ ૧૬૩ (જૂની CrPC કલમ ૧૪૪) લાગુ કરીને ચાર કે તેથી વધુ વ્યક્તિઓના ભેગા થવા પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. માત્ર દિલ્હી જ નહીં, પરંતુ હરિયાણા અને ઉત્તર પ્રદેશના સરહદી વિસ્તારોમાં સક્રિય યુટ્યુબર્સ, કન્ટેન્ટ ક્રિએટર્સ અને પ્રભાવશાળી યુવા ઈન્ફ્લુએન્સર્સને અગાઉથી જ હાઉસ એરેસ્ટ કરી દેવાયા છે. યુવાનોના કોઈપણ જૂથને જોતાં જ તેમની મનસ્વી અટકાયત કરવામાં આવી રહી છે.

## દરબારી મીડિયાની ભાષા અને શાસકોની જૂની 'મોડસ ઓપરેન્ડી'

જ્યારે પણ દેશનો યુવાન પોતાના હકો માટે સવાલો પૂછે છે, ત્યારે સત્તાધીશો અને તેમના દરબારી માધ્યમો દ્વારા આ યુવાનોને 'દેશદ્રોહી', 'અર્બન નક્સલ', 'ટુકડે ટુકડે ગેંગ', 'વિદેશી ફંડેડ' કે 'અરાજક તત્વો' જેવા પાયાવિહોણા લેબલો લગાવી દેવામાં આવે છે. શાસકો સારી રીતે જાણે છે કે આ યુવાનોને હવે IT, ED કે CBI જેવી એજન્સીઓથી ડરાવી શકાતા નથી, તેથી જ તેમની સામે માત્ર અને માત્ર દમનનું શસ્ત્ર ઉગામવામાં આવી રહ્યું છે.

રાજકીય વિશ્લેષકો માને છે કે આ શાસકોની જૂની અને જાણીતી 'મોડસ ઓપરેન્ડી' છે: પહેલા શાંતિપૂર્ણ આંદોલનકારીઓમાં પોતાના પક્ષના કે ભાડે રાખેલા ગુંડાઓને ઘૂસાડીને આડકતરી રીતે હિંસા ફેલાવવી, અને પછી તે જ હિંસાના બહાને પોલીસ બળનો બેફામ ઉપયોગ કરીને લોક આંદોલનને કચડી નાખવું!

## અમદાવાદમાં પણ દમનનું ભૂત ધૂણ્યું: ગોમતીપુરના યુવાનો પર અત્યાચાર

દિલ્હીના ડરની અસર હવે ગુજરાત અને અમદાવાદ સુધી સ્પષ્ટપણે વર્તાઈ રહી છે. ગત ૯ ઓક્ટોબર ૨૦૨૬ની રાત્રે ૧૦ વાગ્યાની આસપાસ, જે પણ યુવાનોએ દિલ્હી જવાના સમર્થનમાં કે પ્રોટેસ્ટમાં જોડાવા માટે સોશિયલ મીડિયા પર પોસ્ટ મૂકી હતી, તેમને ટ્રેક કરીને અમદાવાદ ક્રાઈમ બ્રાંચ અને સ્થાનિક પોલીસે ઘરોમાંથી ઉઠાવી લીધા હતા.

અમદાવાદના સંવેદનશીલ ગણાતા ગોમતીપુર વિસ્તારમાંથી અશ્વિન વાઘેલા, ધર્મેશ વાઘેલા અને પ્રવીણ સોલંકી નામના ત્રણ નિર્દોષ યુવાનોને પોલીસે કોઈપણ પ્રકારના વાંક-ગુના કે વોરંટ વગર મનસ્વી રીતે ડિટેઈન કરી લીધા હતા. જ્યારે ગોમતીપુર પોલીસ સ્ટેશનના સિનિયર પોલીસ ઈન્સ્પેક્ટર રાણાને પૂછવામાં આવ્યું કે આ યુવાનોને કયા ગુના હેઠળ પકડવામાં આવ્યા છે, ત્યારે તેમનો ખુલાસો ચોંકાવનારો હતો: 'ઉપરથી ઓર્ડર છે! આ લોકો અહીં જ રહેશે, જ્યાં સુધી ઉપરથી સૂચના ન આવે!'

## સામાજિક જાગૃતિ સામે નમેલી ખાખી અને યુવાનોની અડગ સાખ

આ અન્યાયી અટકાયતના સમાચાર વાયુવેગે વિસ્તારમાં ફેલાતા જ ગોમતીપુરના સ્થાનિક સામાજિક કાર્યકરો, વકીલ મિત્રો અને જાગૃત નાગરિકો પોલીસ સ્ટેશન દોડી આવ્યા હતા અને આ દમન સામે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. જનતાના રોષને જોઈને પીઆઈ પાછા પડાવા મજબૂર બન્યા હતા અને શરત મૂકી કે જો આ યુવાનો લેખિતમાં બાંહેધરી આપે કે તેઓ દિલ્હીના વિરોધ પ્રદર્શનમાં નહીં જાય, તો જ તેમને છોડવામાં આવશે.

પરંતુ, અન્યાય સામે લડવાની તાકાત ધરાવતા આ ત્રણેય યુવાનોએ શાસકોના દબાણ સામે ઝૂકવાની ચોખી ના પાડી દીધી હતી! પરિણામે, પોલીસે પોતાની જીદ પૂરી કરવા માટે આ ત્રણેય યુવાનોને બે પોલીસ કોન્સ્ટેબલ સાથે તેમના ઘરે પાછા મોકલીને 'હાઉસ એરેસ્ટ' કરી દીધા છે.

ડભોઈથી લઈને અમદાવાદ સુધી અને ગુજરાતથી લઈને દિલ્હી સુધી, સરકાર ભલે ગમે તેટલા લાકડી, બેરિકેડ્સ અને ડિટેન્શનના હથિયારો અજમાવી લે, પણ સત્યનો અવાજ દબાવી શકાતો નથી. લોકશાહીના સ્તંભોને હચમચાવતી આ ઘટનાઓએ સાબિત કરી દીધું છે કે વર્તમાન શાસકો જનતાના અવાજથી ભયભીત છે, અને આ ભય જ તેમનો અંત લાવશે!

**- ગ્રુપ એડિટર પવન માકન**

# દેશભરમાં બેંકિંગ ભરતી પરીક્ષાઓમાં મોટું કૌભાંડ ઝડપાયું: CBIએ સોલ્વર ગેંગના 4 મુખ્ય આરોપીઓની કરી ધરપકડ

કેન્દ્રીય તપાસ બ્યુરો (CBI) દ્વારા દેશભરમાં બેંકિંગ ક્ષેત્રની સ્પર્ધાત્મક અને ભરતી પરીક્ષાઓમાં આચરવામાં આવતી




ગેરરીતિઓ સામે ખૂબ જ મોટો સપાટો બોલાવવામાં આવ્યો છે.

CBIએ પરીક્ષામાં અસલી ઉમેદવારોના સ્થાને અન્ય ડમી કે ભાડૂતી ઉમેદવારોને બેસાડીને કરોડો રૂપિયાનું કૌભાંડ આચરતી એક કુખ્યાત અને સક્રિય ગેંગનો પર્દાફાશ કર્યો છે. આ મામલે કેન્દ્રીય એજન્સી દ્વારા દિલ્હી, બિહાર, હરિયાણા અને પશ્ચિમ બંગાળ સહિતના વિવિધ રાજ્યોમાં દરોડા પાડીને આ ભ્રષ્ટ નેટવર્કના 4 મુખ્ય આરોપીઓની ધરપકડ કરી લેવામાં આવી છે.

## પરીક્ષામાં ડમી ઉમેદવારોના ખેલનો પર્દાફાશ

પ્રાપ્ત માહિતી અનુસાર, આ ગેંગ દેશભરમાં લેવાતી વિવિધ બેંકિંગ ભરતી પરીક્ષાઓ (જેમ કે IBPS અને અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓ) માં ઉમેદવારોની જગ્યાએ હોશિયાર કે પેઈડ સોલ્વર્સને બેસાડીને ગેરકાયદેસર રીતે પાસ કરાવવાનું મોટું રેકેટ ચલાવતી હતી. આ ગેંગના માફિયાઓ ઉમેદવારો પાસેથી મોટા પ્રમાણમાં નાણાં વસૂલ કરીને ઓનલાઈન અને ઓફલાઈન પરીક્ષાઓમાં હાઈ-ટેક ઉપકરણો તથા નકલી ઓળખકાર્ડના આધારે પક્ષપાતી અને ગેરકાયદે કૃત્યો આચરતા હતા.

લાંબા સમયથી ગુપ્ત માહિતીના આધારે તપાસ ચલાવી રહેલી CBIની ટીમે આ નેટવર્કના મૂળ સુધી પહોંચીને આ મોટી કાર્યવાહી કરી છે.

## બિહાર, દિલ્હી, હરિયાણા અને પશ્ચિમ બંગાળમાં ધમધમતું હતું નેટવર્ક

CBIની તપાસમાં ખુલાસો થયો છે કે આ કૌભાંડનું વ્યાપક નેટવર્ક માત્ર એક રાજ્ય પૂરતું મર્યાદિત નહોતું, પરંતુ તે બિહાર, દિલ્હી, હરિયાણા અને પશ્ચિમ બંગાળમાં ફેલાયેલું હતું.

આરોપીઓ દ્વારા પરીક્ષા કેન્દ્રોની મિલીભગતથી અથવા સિસ્ટમમાં રહેલી છટકબારીઓનો ફાયદો ઉઠાવીને આ સમગ્ર કાળો કારોબાર ચલાવવામાં આવી રહ્યો હતો. પકડાયેલા ચારેય મુખ્ય આરોપીઓની સઘન પૂછપરછ હાથ ધરવામાં આવી છે અને આ રેકેટ સાથે સંકળાયેલા અન્ય મોટા માથા તેમજ એજન્ટોના નામ પણ બહાર આવે તેવી પૂરેપૂરી શક્યતા છે.

બેંકિંગ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા લાખો મહેનતુ અને ઈમાનદાર યુવાનોના ભવિષ્ય સાથે ચેડાં કરતી આ ગેંગ પકડાવાથી સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપતા યુવા વર્ગમાં રાહતની લાગણી ફેલાઈ છે, સાથે જ કૌભાંડીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

# સત્તા અને પ્રલોભનોની સામે અડગ ઊભેલા લડવૈયા ધારાસભ્ય ચૈતર વસાવા

## "મંત્રીપદ કે કરોડો રૂપિયાની જનતાના પ્રેમ સામે કોઈ વિસાત નથી!"

ગુજરાતની રાજનીતિમાં જ્યારે પણ કોઈ નેતા પ્રજાના હકો માટે ડર્યા વગર લડવાની વાત કરે છે, ત્યારે તેમાં સૌથી મોટું નામ આમ આદમી પાર્ટીના આદિવાસી ધારાસભ્ય ચૈતર વસાવાનું આવે છે.

પોતાના ખમીરવંતા, પારદર્શક અને ઝીરો કરપ્શનવાળા અંદાજ માટે જાણીતા ચૈતર વસાવાએ તાજેતરમાં એક જાહેરસભામાં શાસક પક્ષના મોટા-મોટા પ્રલોભનો અને અંદરખાને ચાલતી સોદાબાજીનો પર્દાફાશ કરીને આખી રાજકીય ગલીઓમાં ખળભળાટ મચાવી દીધો છે. વાચકો માટે આ એક એવો કિસ્સો છે જે બતાવે છે કે સત્તા અને સંપત્તિની લાલચ કેવી રીતે સિદ્ધાંતો સામે ઘૂંટણ ટેકવી દે છે.

### ગાંધીનગરના ખાનગી ખેલ અને પ્રધાનપદની ઓફર

ઘટનાની વિગતો આપતા ચૈતર વસાવાએ ગરુડેશ્વર ખાતે જનમેદનીને સંબોધતા જણાવ્યું હતું કે જ્યારે તેઓ પેરોલ પર મુક્ત થઈને ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્ર દરમિયાન ગાંધીનગર ગયા હતા, ત્યારે ભાજપના મોભીઓ અને દિગ્ગજ નેતાઓ દ્વારા તેમનો સંપર્ક કરવામાં આવ્યો હતો. તેમને આમ આદમી પાર્ટીનો સાથ છોડીને ભાજપમાં પક્ષપલટો કરવા બદલ સીધા 'મંત્રીપદ' (પ્રધાન) બનાવી



દેવાની મોટી અને આકર્ષક ઓફર આપવામાં આવી હતી. શાસકો એવું માનતા હતા કે સત્તા અને પદની લાલચમાં આવીને કોઈપણ નેતા ખરીદી શકાય છે, પરંતુ તેઓ એ ભૂલી ગયા હતા કે કેટલાક અવાજો કિંમત ચૂકવીને ખરીદી શકાતા નથી.

### "મારી જનતાના પ્રેમ સામે કરોડો રૂપિયાની કોઇ વિસાત નથી!"

આ પ્રલોભનોને જાહેરમાં ફગાવી દેતા ધારાસભ્ય ચૈતર વસાવાએ છાતી ઠોકીને ગર્વ સાથે જણાવ્યું હતું કે, 'હું મંત્રી બની જાઉં, લાખો-કરોડો રૂપિયાની મિલકતો અને સંપત્તિ વસાવી લઉં અથવા મુખ્યમંત્રીની ખુરશી પર બેસી જાઉં, પરંતુ મારી ગરીબ જનતાના સાચા પ્રેમ અને આશીર્વાદ સામે આ કરોડો રૂપિયા કે પ્રધાનપદની કોઈ જ કિંમત કે વિસાત નથી!'

તેમણે વાચકો અને જનતાને સંબોધતા વધુમાં કહ્યું હતું કે, મારા માટે મારી પ્રજાનો અતૂટ પ્રેમ, સાથી મિત્રોનો સાચો સહકાર અને વડીલોના આશીર્વાદ જ મારી સાચી અને સૌથી મોટી મૂડી 'પૂંજી' છે. ગરીબ આદિવાસીઓ અને જનતાનો જે સહકાર મને મળ્યો છે, તે દુનિયાના કોઈપણ મંત્રીપદ કે વૈભવ કરતા અનેકગણો વધુ મૂલ્યવાન છે.

### "ચૈતર વસાવા કભી ઝુકેગા નહીં... જબ તક તોડેંગે નહીં તબ તક છોડેંગે નહીં!"

સભામાં પોતાના લાક્ષણિક અને જોસ્સાભર્યા અંદાજમાં શાસકોને લલકારતા ચૈતર વસાવાએ ફિલ્મી ડાયલોગના અંદાજમાં ગર્જના કરી હતી કે, 'ચૈતર વસાવા કભી ઝુકેગા નહીં! તુમકો ક્યા લગતા થા નહીં લૌટેંગે, જબ તક તોડેંગે નહીં તબ તક છોડેંગે નહીં!' તેમના આ બેબાક અને આક્રમક શબ્દો સાંભળીને ઉપસ્થિત હજારો લોકો જોશમાં આવી ગયા હતા અને તાળીઓ તથા નારેબાજીથી આખો માહોલ ગુંજવી દીધો હતો.

આ ઘટનાએ સાબિત કરી દીધું છે કે ગમે તેટલા દબાણો, ધાકધમકીઓ કે સત્તાના સોદાઓ કરવામાં આવે, પરંતુ જનતાના અવાજ બનીને લડનારા નેતાઓ ડરતા નથી. આ કિસ્સો ગુજરાતના દરેક વાચક માટે પ્રેરણારૂપ છે કે અન્યાય સામે અડગ રહેવું એ જ સાચી લોકશાહીની તાકાત છે.

# લોકશાહીના શ્વાસ રૂંધવાનું કાવતરું: દિલ્હીના ડરથી ગુજરાત સુધી અગ્નિપરીક્ષા, અમદાવાદના યુવાનોને પણ ઘરમાં નજરકેદ કરાયા!

જે લોકશાહીના રસ્તે ચડીને આજે દેશની સત્તાના સર્વોચ્ચ શિખરે પહોંચ્યા છે, તે જ શાસકો આજે જનતાના અવાજથી આટલા બધા કેમ ડરી ગયા છે? આવતીકાલે, ૧૦ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ દિલ્હીના જંતર-મંતર પર યોજાનાર વિશાળ વિરોધ પ્રદર્શનને રોકવા માટે કેન્દ્ર સરકારે જે અતિશય દમનકારી અને આપખુદશાહી નીતિ અપનાવી છે, તેણે દેશમાં અઘોષિત કટોકટી યાદ કરાવી દીધી છે. આંદોલનકારીઓ દિલ્હીની સરહદો ન વટાવી શકે તે માટે મોદી-શાહની સરકારે એવો લોખંડી બંદોબસ્ત ગોઠવ્યો છે જે જોઈને લાગે કે સત્તાના નશામાં ચૂર શાસકોને હવે જનતાના મુક્ત અવાજથી ડર લાગવા માંડ્યો છે.

## દિલ્હીને છાવણી અને જેલમાં ફેરવવાનું કાળું કાણું

આવતીકાલે જંતર-મંતર પર જનમેદની એકત્ર ન થાય તે માટે સરકારે તમામ હદો વટાવી દીધી છે. સૌથી આશ્ચર્યજનક અને શરમજનક બાબત તો એ છે કે દિલ્હી તરફ જતી ટ્રેનો સુધીને સ્થગિત કરી દેવામાં આવી છે! દિલ્હીના રસ્તાઓ પર હજારો સુરક્ષાકર્મીઓની ફ્લેગ-માર્ચ યોજીને વિરોધ કરનારાઓને ડરાવવાનો નિરર્થક પ્રયાસ થઈ રહ્યો છે. બીજી તરફ, શાસક પક્ષના ઈશારે જમણેરી સંગઠનો અને સોશિયલ મીડિયા પર ખુલ્લી ધમકીઓ આપીને આંદોલનકારીઓનો મનોબળ તોડવાના ખેલ ચાલી રહ્યા છે.

શાંતિપૂર્ણ રીતે વિરોધ કરવાનો અધિકાર છીનવી લેવા માટે દિલ્હીમાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS) ની કલમ ૧૬૩ (જૂની CrPC કલમ ૧૪૪) લાગુ કરીને ચાર કે તેથી વધુ વ્યક્તિઓના ભેગા થવા પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. માત્ર દિલ્હી જ નહીં, પરંતુ હરિયાણા અને ઉત્તર પ્રદેશના સરહદી વિસ્તારોમાં સક્રિય યુટ્યુબર્સ, કન્ટેન્ટ ક્રિએટર્સ અને પ્રભાવશાળી યુવા ઈન્ફ્લુએન્સર્સને અગાઉથી જ હાઉસ એરેસ્ટ કરી દેવાયા છે. યુવાનોના કોઈપણ જૂથને જોતાં જ તેમની મનસ્વી અટકાયત કરવામાં આવી રહી છે.

## દરબારી મીડિયાની ભાષા અને શાસકોની જૂની 'મોડસ ઓપરેન્ડી'

જ્યારે પણ દેશનો યુવાન પોતાના હકો માટે સવાલો પૂછે છે, ત્યારે સત્તાધીશો અને તેમના દરબારી માધ્યમો દ્વારા આ યુવાનોને 'દેશદ્રોહી', 'અર્બન નક્સલ', 'ટુકડે ટુકડે ગેંગ', 'વિદેશી ફંડેડ' કે 'અરાજક તત્વો' જેવા પાયાવિહોણા લેબલો લગાવી દેવામાં આવે છે. શાસકો સારી રીતે જાણે છે કે આ યુવાનોને હવે IT, ED કે CBI જેવી એજન્સીઓથી ડરાવી શકાતા નથી, તેથી જ તેમની સામે માત્ર અને માત્ર દમનનું શસ્ત્ર ઉગામવામાં આવી રહ્યું છે. રાજકીય વિશ્લેષકો માને છે કે આ શાસકોની જૂની અને જાણીતી 'મોડસ ઓપરેન્ડી' છે: પહેલા શાંતિપૂર્ણ આંદોલનકારીઓમાં પોતાના પક્ષના કે ભાડે રાખેલા ગુંડાઓને ઘૂસાડીને આડકતરી રીતે હિંસા ફેલાવવી, અને પછી તે જ હિંસાના બહાને પોલીસ બળનો બેફામ ઉપયોગ કરીને લોક આંદોલનને કચડી નાખવું!

અમદાવાદમાં પણ દમનનું ભૂત ધૂણ્યું: ગોમતીપુરના યુવાનો પર અત્યાચાર

દિલ્હીના ડરની અસર હવે ગુજરાત અને અમદાવાદ સુધી સ્પષ્ટપણે વર્તાઈ રહી છે. ગત ૯ ઓક્ટોબર ૨૦૨૬ની રાત્રે ૧૦ વાગ્યાની આસપાસ, જે પણ યુવાનોએ દિલ્હી જવાના સમર્થનમાં કે પ્રોટેસ્ટમાં જોડાવા માટે સોશિયલ મીડિયા પર પોસ્ટ મૂકી હતી, તેમને ટ્રેક કરીને અમદાવાદ ક્રાઈમ બ્રાંચ અને સ્થાનિક પોલીસે ઘરોમાંથી ઉઠાવી લીધા હતા. અમદાવાદના સંવેદનશીલ ગણાતા ગોમતીપુર વિસ્તારમાંથી અશ્વિન વાઘેલા, ધર્મેશ વાઘેલા અને પ્રવીણ સોલંકી નામના ત્રણ નિર્દોષ યુવાનોને પોલીસે કોઈપણ પ્રકારના વાંક-ગુના કે વોરંટ વગર મનસ્વી રીતે ડિટેઈન કરી લીધા હતા. જ્યારે ગોમતીપુર પોલીસ સ્ટેશનના સિનિયર પોલીસ ઈન્સ્પેક્ટર રાણાને પૂછવામાં આવ્યું કે આ યુવાનોને કયા ગુના હેઠળ પકડવામાં આવ્યા છે, ત્યારે તેમનો ખુલાસો ચોંકાવનારો હતો: 'ઉપરથી ઓર્ડર છે! આ લોકો અહીં જ રહેશે, જ્યાં સુધી ઉપરથી સૂચના ન આવે!'

## સામાજિક જાગૃતિ સામે નમેલી ખાખી અને યુવાનોની અડગ સાખ

આ અન્યાયી અટકાયતના સમાચાર વાયુવેગે વિસ્તારમાં ફેલાતા જ ગોમતીપુરના સ્થાનિક સામાજિક કાર્યકરો, વકીલ મિત્રો અને જાગૃત નાગરિકો પોલીસ સ્ટેશન દોડી આવ્યા હતા અને આ દમન સામે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. જનતાના રોષને જોઈને પીઆઈ પાછા પડાવા મજબૂર બન્યા હતા અને શરત મૂકી કે જો આ યુવાનો લેખિતમાં બાંહેધરી આપે કે તેઓ દિલ્હીના વિરોધ પ્રદર્શનમાં નહીં જાય, તો જ તેમને છોડવામાં આવશે. પરંતુ, અન્યાય સામે લડવાની તાકાત ધરાવતા આ ત્રણેય યુવાનોએ શાસકોના દબાણ સામે ઝૂકવાની ચોખી ના પાડી દીધી હતી! પરિણામે, પોલીસે પોતાની જીદ પૂરી કરવા માટે આ ત્રણેય યુવાનોને બે પોલીસ કોન્સ્ટેબલ સાથે તેમના ઘરે પાછા મોકલીને 'હાઉસ એરેસ્ટ' કરી દીધા છે. ડભોઈથી લઈને અમદાવાદ સુધી અને ગુજરાતથી લઈને દિલ્હી સુધી, સરકાર ભલે ગમે તેટલા લાકડી, બેરિકેડ્સ અને ડિટેન્શનના હથિયારો અજમાવી લે, પણ સત્યનો અવાજ દબાવી શકાતો નથી. લોકશાહીના સ્તંભોને હચમચાવતી આ ઘટનાઓએ સાબિત કરી દીધું છે કે વર્તમાન શાસકો જનતાના અવાજથી ભયભીત છે, અને આ ભય જ તેમનો અંત લાવશે!

# સત્તાની ખુરશી ભલે કોઈની હોય, પણ દેશ કોઈના બાપનો નથી: નાગરિકોનો અવાજ અને સવાલો જ લોકશાહીની ખરી તાકાત છે!



આજે દેશ અને સમાજ સમક્ષ સૌથી મોટો અને ગંભીર સવાલ માત્ર એ નથી કે સત્તા પર કોણ બેઠું છે, પરંતુ સૌથી મોટો સવાલ એ છે કે સરકારને જવાબદાર રાખવાની આપણી લોકતાંત્રિક વ્યવસ્થાઓ આજે કેટલી મજબૂત અને સ્વતંત્ર રહી છે? છેલ્લા કેટલાક વર્ષોમાં મોદી સરકારના શાસનકાળ દરમિયાન દેશના મુખ્ય આધારસ્તંભો જેવા કે વિપક્ષ, સ્વતંત્ર મીડિયા, તપાસ એજન્સીઓ અને ચૂંટણી પંચની સ્વતંત્રતા સામે અનેક ગંભીર સવાલો ઊભા થયા છે. તાજેતરમાં જ આવેલા 'ફ્રીડમ હાઉસ' (Freedom House) ના 2026ના અહેવાલમાં પણ ચૂંટણી પંચની નિષ્પક્ષતા, રાજકીય ભંડોળની પારદર્શિતા અને વિપક્ષી નેતાઓ સામે કેન્દ્રીય એજન્સીઓ દ્વારા કરવામાં આવતી પસંદગીયુક્ત તપાસ પર ગંભીર ચિંતાઓ વ્યક્ત કરવામાં આવી છે. આ સમગ્ર પરિસ્થિતિ વચ્ચે એક એવી કડવી વાસ્તવિકતા છે જેને દરેક નાગરિકે સમજવી અત્યંત આવશ્યક છે. જ્યારે આપણા સમાજનો કોઈ શિક્ષિત અને સમજદાર વર્ગ એમ કહીને પલ્લું ઝાડી લે છે કે "મને રાજકારણમાં કોઈ રસ નથી," ત્યારે તે એ ભૂલી જાય છે કે ભલે તમે રાજકારણથી દૂર રહી શકો, પરંતુ રાજકારણમાં લેવાતા નિર્ણયો તમારી રોજિંદી જિંદગીથી ક્યારેય દૂર રહી શકતા નથી. જ્યારે બજારમાં મોંઘવારી ભડકે બળે છે, ત્યારે તેની સીધી અસર તમારા અને મારા રસોડા અને ખિસ્સા પર પડે છે. જ્યારે શિક્ષણનું સ્તર મોંઘું અને વેપાર બની જાય છે, ત્યારે તેની અસર તમારા માસૂમ બાળકોના ભવિષ્ય પર પડે છે. જ્યારે રોજગારીની તકો તળિયાઝાટક થઈ જાય છે, ત્યારે લાચાર યુવાનોનું જીવન અંધકારમાં ધકેલાઈ જાય છે. અને સૌથી ખરાબ વાત તો ત્યારે બને છે જ્યારે આ દેશનો સામાન્ય નાગરિક સત્તા સામે સવાલ પૂછતાં ડરવા લાગે, કારણ કે તેની સીધી અને ઘાતક અસર આખી લોકશાહીના અસ્તિત્વ પર પડે છે. કોઈપણ નાગરિકને ભારતીય જનતા પાર્ટી (BJP) ને મત આપવાનો સંપૂર્ણ અધિકાર છે, કોંગ્રેસ કે અન્ય કોઈપણ પક્ષને મત આપવાનો પણ એટલો જ અધિકાર છે, અને જો કોઈ પક્ષ પસંદ ન પડે તો નોટા (NOTA) દબાવીને કે કોઈને મત ન આપીને પોતાની અસંમતિ દર્શાવવાનો પણ લોકશાહી હક છે. પરંતુ, કોઈ પણ પક્ષ કે સરકારને એટલી બધી છૂટ ક્યારેય ન આપી દેવી જોઈએ કે તેના કાર્યોનો હિસાબ માંગવો પણ આપણા માટે ગુનો કે ખોટું બની જાય! દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી હોય કે ભવિષ્યના કોઈ પણ વડાપ્રધાન હોય, આ દેશ કોઈપણ એક વ્યક્તિ કે નેતા કરતા હંમેશાં મોટો છે અને આપણું પવિત્ર બંધારણ કોઈપણ રાજકીય પક્ષ કરતા સર્વોપરી છે.

# સનાતન સંસ્કૃતિ અને ઈતિહાસના રક્ષણના દાવા પોકળ: કે.કે. મોહમ્મદનો ઘટસ્ફોટ, 'છેલ્લા 11 વર્ષ ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ માટે સૌથી અંધકારમય રહ્યા છે!'

દેશની સંસ્કૃતિ, સનાતન ધરોહર અને પુરાતત્વના રક્ષણના મોટા-મોટા બણગા ફૂંકતી કેન્દ્ર સરકારનો અસલી ચહેરો હવે ખુલ્લો પડી રહ્યો છે. ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI) ના પૂર્વ ક્ષેત્રીય નિયામક અને દેશના જાણીતા પદ્મશ્રી પુરાતત્વવિદ્ કે.કે. મોહમ્મદે વર્તમાન કેન્દ્ર સરકારની નીતિઓ સામે અત્યંત ગંભીર અને સણસણતા સવાલો ઉઠાવ્યા છે. તેમણે બેધડક નિવેદન આપતા જણાવ્યું છે કે, 'અત્યારની કેન્દ્રીય સરકારના છેલ્લા ૧૧ વર્ષ ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI) ના ઈતિહાસમાં સૌથી અંધકારમય સમયગાળા સમાન રહ્યા છે!' જે સરકાર હિન્દુ મંદિરો અને ધર્મની રક્ષાના નામે મત માગે છે, તેના જ શાસનમાં પ્રાચીન વારસાની કેવી દુર્દશા થઈ રહી છે તે આ ખુલાસાથી સાબિત થાય છે. જૂના હિન્દુ મંદિરોનું પુનઃસ્થાપન તો દૂર, ચાલુ કામો પણ અટકાવી દીધા! એક તરફ રાજકીય મંચો પરથી સનાતન સંસ્કૃતિના ઉત્થાનની મોટી-મોટી વાતો કરવામાં આવે છે, પરંતુ જમીની વાસ્તવિકતા તદ્દન વિપરીત છે. કે.કે. મોહમ્મદે પર્દાફાશ કરતા જણાવ્યું છે કે દેશભરમાં વિસરાયેલા કે જર્જરિત જૂના હિન્દુ મંદિરો અને ઐતિહાસિક વિરાસતોનું પુનઃસ્થાપન (રેસ્ટોરેશન) કરવું તો બહુ દૂરની વાત છે, પરંતુ જે મંદિરો અને ઐતિહાસિક સ્થળોનું પુરાતત્વ વિભાગ દ્વારા પુનઃસ્થાપનનું કામ પહેલેથી ચાલી રહ્યું હતું, તે મહત્વના કાર્યો પણ આ સરકારના શાસનમાં અચાનક રોકી દેવામાં આવ્યા છે.



પાક્કો ગુજરાત

શનિવાર | 10 ઑક્ટોબર 2026 | અમદાવાદ

### છોટાઉદેપુરમાં રેતીના ટ્રેક્ટરનો બેફામ ખેલ

# પ્રતાપનગરમાં ટ્રેક્ટર ઝાડ પર ચઢ્યું, તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો!

## શું આ વિભાગો માત્ર કાગળ પર જ કાયદો ચલાવે છે કે પછી રેતીની ગેરકાયદે હેરફેર સામે આંખ આડા કાન કરીને બેઠા છે?



પાવીજેતપુર

છોટાઉદેપુર જિલ્લાના પાવીજેતપુર તાલુકાના પ્રતાપનગર સ્ટેન્ડ પાસેથી એક અત્યંત ચોંકાવનારો અને હચમચાવી દેનારો કિસ્સો સામે આવ્યો છે, જેને જોઈને સારા સારા લોકોના શ્વાસ અધ્ધર થઈ ગયા છે. રેતી ભરેલું એક બેફામ અને અનિયંત્રિત ટ્રેક્ટર પૂરઝડપે દોડીને સીધું જ માર્ગ પર આવેલા એક વિશાળ વૃક્ષ સાથે ધડાકાભેર અથડાયું હતું. આ અકસ્માત એટલો બધો ભયાનક અને વિચિત્ર હતો કે ટ્રેક્ટરનો આગળનો ભાગ સીધો ઝાડ પર ચઢી ગયો હતો અને અડધું વાહન હવામાં લટકતી સ્થિતિમાં જોવા મળ્યું હતું. આ અનોખો અને ખતરનાક નજારો જોઈને ઘટનાસ્થળે લોકોનાં ટોળેટોળાં ઉમટી પડ્યાં હતાં અને સૌના એક જ ચર્ચા હતી કે શું આ કોઈ વાસ્તવિક અકસ્માત છે કે કોઈ હોલીવુડ મુવીનું સ્ટંટ દૃશ્ય. આ ઘટનાએ સમગ્ર પંથકમાં ખળભળાટ મચાવી દીધો છે અને સૌથી મોટો સવાલ એ ઊભો થયો છે કે છોટાઉદેપુર પંથકમાં રેતી માફિયાઓ અને રેતી ભરીને બેફામ દોડતા ઓવરલોડ ટ્રેક્ટરોનો આતંક આખરે ક્યારે અટકશે? ટ્રેક્ટરચાલકો ટ્રાફિકના તમામ નિયમોને ઘોળીને પી ગયા છે અને માનવજીવનની કોઈ જ પરવા કર્યા વગર પૂરપાટ ઝડપે વાહનો હંકારી રહ્યા છે. આ પ્રતાપનગરની ઘટનાએ સ્પષ્ટ કરી દીધું છે કે રસ્તાઓ પર સામાન્ય નાગરિકોની સુરક્ષા રામભરોસે છે. આ સમગ્ર મામલે ખાણ-ખનિજ વિભાગ અને સ્થાનિક વહીવટી તંત્રની કામગીરી સામે અત્યંત ગંભીર સવાલો ઉઠી રહ્યા છે. શું આ વિભાગો માત્ર કાગળ પર જ કાયદો ચલાવે છે કે પછી રેતીની ગેરકાયદે હેરફેર સામે આંખ આડા કાન કરીને બેઠા છે? રોડ પર દોડતા આ ઓવરલોડ અને જોખમી વાહનોની ચકાસણી કરવા માટે કોઈ ચેકિંગ કરવામાં આવતું નથી? તંત્રની આ નિદ્રાધીન અને લાપરવાહ નીતિના કારણે જ આજે ડ્રાઈવરો બેફામ બનીને રસ્તા પર નિર્દોષ લોકોના જીવ જોખમમાં મૂકી રહ્યા છે. હવે સૌથી મોટો અને મહત્ત્વનો સવાલ એ છે કે શું ખાણ-ખનિજ વિભાગ અને પ્રશાસન આ મામલે કોઈ નિષ્પક્ષ અને ઊંડાણપૂર્વક તપાસ કરશે કે પછી આ ઘટના પણ કાયમની જેમ માત્ર કાગળની ફાઈલોમાં દબાઈને રહી જશે? આને જ તો સાચા અર્થમાં દીવા તળે અંધારું કહેવાય છે, જ્યાં તંત્રની નાક નીચે જ નિયમોના ધજાગરા ઉડતા હોય અને અધિકારીઓ ઘસઘસાટ સૂતા હોય. જો આ મામલે તાત્કાલિક ધોરણે કડક પગલાં લેવામાં નહીં આવે, તો આવનારા દિવસોમાં આનાથી પણ વધુ ગંભીર અકસ્માતો સર્જાઈ શકે છે.

પ્રજા અને સ્થાનિક નાગરિકોની એક જ સ્પષ્ટ માંગ છે કે આ પ્રતાપનગર અકસ્માતની ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવે, અકસ્માત પાછળના વાસ્તવિક કારણો જાહેર કરવામાં આવે અને જો કોઈનો પણ નિયમભંગ કે બેદરકારી સાબિત થાય તો જવાબદાર તમામ સામે કાયદાનો ભારે સકંજો કસાવામાં આવે. જો વહેલી તકે કડક પગલાં નહીં ભરાય, તો જનતા રોષે ભરાઈને ઉગ્ર આંદોલન કરવા મજબૂર બનશે.

# રાણપુર પોલીસ સ્ટેશનની મુલાકાતે પહોંચ્યા IGP તરુણ દુગ્ગલ, પોલીસ કામગીરીની કરી સમીક્ષા!!

### અરજદારોને રૂબરૂ સાંભળી પ્રશ્નોના નિરાકરણ માટે જરૂરી સૂચનાઓ આપી; બોટાદ જિલ્લા પોલીસ વડા ધર્મેન્દ્ર શર્મા રહ્યા ઉપસ્થિત

રાણપુર, વિપુલ લુહાર

બોટાદ જિલ્લાના રાણપુર પોલીસ સ્ટેશન ખાતે આઈજીપી તરુણ દુગ્ગલ દ્વારા મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે પોલીસ સ્ટેશન ખાતે આવેલા અરજદારોને રૂબરૂ સાંભળી તેમની રજૂઆતો જાણી હતી.

આ ઉપરાંત રાણપુર પોલીસ સ્ટેશનની કામગીરીની સમીક્ષા કરી પોલીસ અધિકારીઓને જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આ પ્રસંગે બોટાદ જિલ્લા પોલીસ વડા ધર્મેન્દ્ર શર્મા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. રાણપુર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એસ.એ. પટેલ તથા પોલીસ સ્ટાફ દ્વારા આઈજીપી તરુણ દુગ્ગલનું સ્વાગત કરવામાં આવ્યું હતું.મુલાકાત દરમિયાન આઈજીપી તરુણ દુગ્ગલે પોલીસ સ્ટેશનની કામગીરી અંગે વિગતો મેળવી હતી તેમજ અરજદારોની રજૂઆતોને ગંભીરતાથી સાંભળી તેમની સમસ્યાઓના યોગ્ય નિરાકરણ માટે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. નાગરિકોને પોલીસ વિભાગ તરફથી સમયસર અને અસરકારક સેવા મળી રહે તેમજ લોકોની ફરિયાદો અને રજૂઆતોનો યોગ્ય નિકાલ થાય તે દિશામાં પોલીસ તંત્રની કામગીરીનું મહત્વ રહેલું છે.પોલીસ સ્ટેશનની કામગીરીની સમીક્ષા દરમિયાન કાયદો અને વ્યવસ્થાની જાળવણી, નાગરિકોની ફરિયાદો પ્રત્યે સંવેદનશીલ અભિગમ અને પોલીસની કામગીરીમાં જવાબદારી તથા કાર્યક્ષમતા જાળવવા અંગે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. આઈજીપીની આ મુલાકાતથી રાણપુર પોલીસ તંત્રની કામગીરીની સમીક્ષા સાથે અરજદારોની સમસ્યાઓને સીધી રીતે જાણવાનો અવસર મળ્યો હતો. આ પ્રસંગે જિલ્લા પોલીસ વડા ધર્મેન્દ્ર શર્મા, રાણપુર પોલીસ સ્ટેશનના પીઆઈ એસ.એ. પટેલ સહિત પોલીસ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

### લાંચ કેસમાં બોટાદની અદાલતનો ચુકાદો

# પૂર્વ જિલ્લા પંચાયત કારોબારી ચેરમેન સી.બી. ખંભાળિયાને પાંચ વર્ષની સજા

બોટાદ

બોટાદ જિલ્લાના કેરિયા ઢાળ ખાતે આવેલી ખેતીની જમીનને બિનખેતી (NA) કરાવવાના વર્ષ 2018ના લાંચ કેસમાં બોટાદની અદાલતે મહત્વપૂર્ણ ચુકાદો સંભળાવ્યો છે. બોટાદ જિલ્લા પંચાયતની તત્કાલીન કારોબારી સમિતિના ચેરમેન સી.બી. ખંભાળિયા અને કારોબારી સમિતિના સભ્ય ઈશ્વર ભરાડિયાને અદાલતે પાંચ-પાંચ વર્ષની સજા ફટકારી છે. આશરે આઠ વર્ષ જૂના આ કેસમાં ચુકાદો આવતા બોટાદ જિલ્લામાં ચર્ચા જાગી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, કેરિયા ઢાળ ખાતે આવેલી આશરે 10,000 ચોરસ મીટર ખેતીની જમીનને બિનખેતી કરાવવા માટે જમીનમાલિક અને એડવોકેટ હરેશ ડોડિયાએ જિલ્લા પંચાયત, બોટાદ ખાતે અરજી કરી હતી. આ અરજીની પ્રક્રિયા દરમિયાન તત્કાલીન કારોબારી સમિતિના ચેરમેન સી.બી. ખંભાળિયા અને કારોબારી સમિતિના સભ્ય ઈશ્વર ભરાડિયા સામે પ્રતિ ચોરસ મીટર 8ના હિસાબે કુલ 80,000ની લાંચ માગ્યાનો આરોપ મૂકવામાં આવ્યો હતો.

ફરિયાદી લાંચ આપવા ઈચ્છતા ન હોવાથી તેમણે લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો (ACB)નો સંપર્ક કર્યો હતો. ત્યારબાદ ACB બોટાદ દ્વારા આ મામલે છટકું ગોઠવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ પ્રકરણમાં બંને સામે ગુનો નોંધાયા બાદ તપાસ પૂર્ણ કરીને ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી.

આ કેસની સુનાવણી બોટાદના પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ જજ પરાશરની અદાલતમાં ચાલી હતી. કેસ દરમિયાન ફરિયાદીની જુબાની, સાક્ષીઓનાં નિવેદનો અને રજૂ કરવામાં આવેલા પુરાવાઓને ધ્યાનમાં લેવામાં આવ્યા હતા. ફરિયાદી પક્ષની દલીલો સહિત કેસના રેકોર્ડ પરના પુરાવાઓના આધારે અદાલતે 7 ઓક્ટોબર, 2026ના રોજ બંને આરોપીઓને પાંચ-પાંચ વર્ષની સજા ફટકારી હતી. આ કેસમાં ફરિયાદી પક્ષ તરફથી સરકારી વકીલ ઉપરાંત મૂળ ફરિયાદી તરફે એડવોકેટ નિલેશ બાંભણીયા, ચિરાગ દેવમુરારી, બ્રિજરાજ ડોડિયા અને હાર્દિક ચૌહાણ રોકાયેલા હતા.

# ગાંધીધામમાં લાખોની કિંમતના કેબલ વાયર ચોરીનો પર્દાફાશ, ત્રણ આરોપી ઝડપાયા

ભચાઉ, રૂપેશ સોલંકી

ગાંધીધામના જી.આઈ.ડી.સી. વિસ્તારમાં આવેલી એટલાસ કેબલ્સ પ્રા. લિ. કંપનીમાંથી રૂ. ૧૦,૪૭,૮૦૦ની કિંમતના ૩૨૯ મીટર ફ્લેક્સિબલ કેબલ વાયરની ચોરીના બનાવનો ગાંધીધામ 'બી' ડિવિઝન પોલીસે ભેદ ઉકેલી ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા છે. પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમારના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ્પેક્ટર એસ.વી. ગોજિયાની ટીમે સીસીટીવી ફૂટેજ અને હ્યુમન સોર્સની મદદથી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન બોલેરો ગાડીના માલિક આસિફ ઈશાક સઠીયા, કેબલ વાયરની ચોરી કરનાર ઈમરાન આદમ કુંભાર અને મદદગાર રિઝવાન અબુબકર મજેઠીની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે ચોરીમાં ઉપયોગમાં લેવાયેલી અંદાજે રૂ. ૩,૦૦,૦૦૦ની કિંમતની બોલેરો પીકઅપ ગાડી કબજે કરી છે. આ ગુનામાં સંડોવાયેલા અન્ય આરોપીઓને ઝડપી પાડવા માટે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.




# સેગવા આઉટ પોસ્ટ ની હદમાં સપ્લાયર પાસેથી રેતી ભરીને જતું ટ્રેક્ટર પકડી તોડ પાણી કરતી પોલીસ

### રાજકીય અગ્રણીના દબાણ પછી તોડપાણી કરેલા રૂપિયા 1500 પરત કરતી પોલીસ

સાધલી, હસમુખ પટેલ

સાધલી મુકામેથી ઈંટો, રેતી ,કપચી, સિમેન્ટ નો સપ્લાય કરતા અને બજાર સમિતિ માં દુકાન ધરાવતા વેપારી પાસેથી રેતી ભરીને સાધલીનું એક ટ્રેક્ટર મોટા કરાળા ગામે જતું હતું, ત્યારે શિનોર પોલીસ અસલી કે નકલી દ્વારા ટ્રેક્ટર રોકીને 5,000 ની માંગણી કરવામાં આવી હતી અને રકઝક ના અંતે 1,500માં તોડ કરવામાં આવ્યો હતો.

આ રેતી સપ્લાયર પાસેથી ભરવામાં આવી હતી, શિનોર, માલસર કે અન્ય ગામો પાસેની નદીમાંથી કાઢવામાં આવેલ નહોતી. છતાં ટ્રેક્ટર ચાલક પાસેથી ખોટી રીતે પૈસા પડાવવાની સ્થાનિક રાજકીય આગેવાન ને જાણ થતા શિનોર પોલીસને તાકીદ કરી હતી જેના કારણે લીધેલા રૂપિયા ટ્રેક્ટર ચાલકને પાછા આપવામાં આવ્યા હતા, એવું જાણવા મળેલ છે.

અગાઉ શિનોર તાલુકાના સેગવાથી બીથલી અને રંગસેતુ તરફ જતાં સેગવા પાસે નર્મદા કેનાલનું નાળુ આવે છે. તારીખ 8 સપ્ટેમ્બર 2026 ના રોજ આ નર્મદા કેનાલની પાસે વડોદરા જિલ્લા રૂરલ પોલીસ લખેલી જીપ ગાડી ઊભી હતી અને આવતી જતી ગાડીઓને ચેકિંગના બહાને રોકતા હતા, અને છેલ્લે મેમો આપવાની ધમકી આપતા હતા, પરંતુ મેમો આપતા નહોતા, જેના કારણે ના છૂટકે બહારના વાહન ચાલકોને હેરાનગતિમાં મુકાવું ના પડે તે માટે નાણાંકીય તોડ પાણી કરાતી હતી.

તારીખ 8 નવેમ્બર 2025 ના રોજ નર્મદા કેનાલના આ નાળા પાસે બનેલા અઘોરી પ્રથા તથા કાળા જાદુ અને એકના ડબલના ગુનામાં સેગવા પોલીસ ચોકીના એક એ.એસ.આઈ જેલ ભેગા થયા હતા અને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. તારીખ 20 ઓગસ્ટ 2026 ના રોજ કુક્સ-મોટા ફોફળિયા રોડ ઉપર એક ખાનગી ફાર્મમાં બહારના લોકો દારૂ તથા જુગારની મહેફિલ કરતા હતા, ત્યાં અસલી કે નકલી પોલીસે પહોંચીને ખાણીપીણી કરી, અને છ આંકડાની રકમની તોડપાણી કરી હતી, તે પોલીસ અસલી હતી કે નકલી હતી તેની પણ તપાસ આજ દિન સુધી પોલીસે કરી નથી. જે કિસ્સો આજે પણ લોકોની ચર્ચાની એરણ છે.

### ઝાડી-ઝાંખરા અને ગંદકીના સામ્રાજ્ય વચ્ચે બાળકો રમવા ક્યાં જાય?

# દયારામ સ્કૂલ પાસે લાખોના ખર્ચે બનેલો નગરપાલિકાનો બગીચો બિસ્માર બન્યો...

ડભોઈ

ડભોઈ નગરપાલિકા દ્વારા શહેરીજનો અને ખાસ કરીને માસૂમ બાળકોના મનોરંજન માટે દયારામ સ્કૂલ નજીક લાખો રૂપિયાના માતબર ખર્ચે એક આકર્ષક બગીચો તૈયાર કરવામાં આવ્યો હતો. પ્રજાના પરસેવાની કમાણી અને ટેક્સના નાણાંમાંથી બનેલો આ બગીચો શરૂઆતના સમયમાં લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. પરંતુ, પાલિકા તંત્રની ઘોર બેદરકારી અને નિયમિત જાળવણીના અભાવે આ બગીચો આજે અત્યંત દયનીય, જર્જરિત અને ખંડેર હાલતમાં ફેરવાઈ ગયો છે. વિકાસના મોટા દાવાઓ કરતી



પાલિકાની પોલ આ બગીચાની ખરાબ હાલત ખૂલી પાડી રહી છે.

બગીચાની અંદરની વાસ્તવિક પરિસ્થિતિ અત્યંત ચિંતાજનક છે. બાળકોના મનોરંજન અને રમત-ગમત માટે લગાવવામાં આવેલા હીંચકા, લપસણી અને અન્ય કસરતના સાધનો દેખરેખના અભાવે તૂટીને સંપૂર્ણપણે ભંગાર હાલતમાં ફેરવાઈ ગયા છે. આ સાધનો એટલા જોખમી બની ગયા છે કે જો કોઈ બાળક તેના પર રમવા જાય તો ગંભીર અકસ્માત સર્જાવાનો પૂરેપૂરો ભય રહેલો છે. સમગ્ર બગીચાના પરિસરમાં લાંબા સમયથી સફાઈ ન થવાને કારણે ચારેય તરફ કચરાના ગંજ, ગંદકીના સામ્રાજ્ય અને મોટા કાંટાળા ઝાડી-ઝાંખરા ઉગી નીકળ્યા છે. આ બેદરકારીના કારણે બગીચો હવે રમતનું મેદાન મટીને અસામાજિક તત્વો અને નશાખોરોનો અડ્ડો બની રહ્યો હોવાની સ્થાનિક રહીશોમાં પ્રબળ શંકા સેવાઈ રહી છે. ઝાડી-ઝાંખરા અને ગંદકીના કારણે સાપ, વીંછી તેમજ અન્ય ઝેરી જીવજંતુઓનો ઉપદ્રવ પણ ખૂબ જ વધી ગયો છે, જેના લીધે આસપાસના રહેવાસીઓ અને બાળકો માટે આ વિસ્તારમાં ફરવું કે જવું જીવનું જોખમ સાબિત થઈ શકે તેમ છે.

સ્થાનિક વિસ્તારના પરિવારો અને બાળકો માટે હરવા-ફરવા તથા રમવા માટેની એકમાત્ર આ સુવિધા તંત્રની ઉદાસીનતાના ભેટ ચડી જતાં લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વાલીઓ અને રહીશોમાં મોટો સવાલ એ ઉઠી રહ્યો છે કે જો પાલિકા આ બગીચો ચલાવી ન શકતી હોય તો લાખો રૂપિયાનો ધુમાડો શા માટે કરવામાં આવ્યો? 'બાળકો રમવા ક્યાં જાય?' તેવો ગંભીર પ્રશ્ન આજે ડભોઈના જાગૃત નાગરિકો પૂછી રહ્યા છે.

### વિકાસના દાવાઓ માત્ર કાગળ પર

# સેજપુરા ગામે એક મહિનાથી ચાલીસ સ્ટ્રીટ લાઇટો બંધ રહેતા ગ્રામજનો અંધારપટમાં જીવવા મજબૂર!!!

ડભોઈ

ગુજરાત સરકાર દ્વારા રાજ્યના ગામડાઓનો કાયાકલ્પ કરવા માટે સ્માર્ટ વિલેજ અને નંદનવન ગામ જેવી યોજનાઓ અંતર્ગત કરોડો રૂપિયાના અનુદાનો ફાળવવામાં આવી રહ્યા છે. ગામડાઓમાં પણ શહેરો જેવી અધતન સુવિધાઓ ઉપલબ્ધ થાય અને ડિજિટલ યુગના લાભ પાયાના સ્તર સુધી પહોંચે તેવા મોટા મોટા દાવાઓ કરવામાં આવે છે. પરંતુ, આ તમામ દાવાઓની વાસ્તવિકતા ડભોઈ તાલુકાના સેજપુરા ગામે તદ્દન પોકળ સાબિત થઈ રહી છે. સેજપુરા ગામે છેલ્લા એક મહિના કરતાં વધુ સમયથી અંદાજે ચાલીસ જેટલી સ્ટ્રીટ લાઈટો સંપૂર્ણપણે બંધ હાલતમાં છે, જેના કારણે સમગ્ર ગામ ઘોર અંધારપટમાં ગરકાવ થઈ ગયું છે. ગામના મુખ્ય માર્ગો, ચોક તેમજ આંતરિક ફળિયાઓમાં રાત્રિના સમયે અંધારું છવાઈ જવાથી સ્થાનિક રહીશો, નોકરીયાતો અને રાહદારીઓની




મુશ્કેલીઓમાં ભારે વધારો થયો છે. પરિસ્થિતિ એવી ગંભીર બની છે કે રાત્રિના સમયે ગ્રામજનોએ એક ફળિયામાંથી બીજા ફળિયામાં અવરજવર કરવી પણ મુશ્કેલ બની ગઈ છે. પરિવારની મહિલાઓ, વૃદ્ધ વડીલો અને નાનાં બાળકોને રાત્રે બહાર નીકળવું પડે ત્યારે અકસ્માત કે પડી જવાનો ડર સતત સતાવે છે. ગામડાઓની દીવાદાંડી સમાન આ પાયાની સુવિધા ન મળવાના કારણે ગ્રામજનોમાં વહીવટી તંત્ર અને સ્થાનિક પંચાયત પ્રત્યે ભારે રોષ ભભૂકી ઉઠ્યો છે. અંધારાના આ સામ્રાજ્યને કારણે માત્ર અવરજવર જ નહીં, પરંતુ ગ્રામજનોના સ્વાસ્થ્ય અને સુરક્ષા સામે પણ મોટો ખતરો ઊભો થયો છે. રાત્રિના સમયે રસ્તા પર અંધારું હોવાના કારણે સાપ કે અન્ય ઝેરી જીવજંતુઓ કરડવાની ઘટનાઓ બનવાની પૂરેપૂરી શક્યતા રહેલી છે. આ ઉપરાંત, અસામાજિક તત્વોની પ્રવૃત્તિઓ અને ચોરીના વધતા જતા જોખમને કારણે ગામના લોકો ભયના સાયા હેઠળ જીવી રહ્યા છે. રાત્રે સૂતી વખતે પણ ચોરી કે અનિચ્છનીય બનાવ ન બને તે માટે ગ્રામજનોએ જાગતા રહેવું પડે તેવી લાચારી ભરેલી સ્થિતિ સર્જાઈ છે. આ ગંભીર સમસ્યા અંગે સ્થાનિક જાગૃત નાગરિકો અને આગેવાનો દ્વારા ગ્રામ પંચાયતથી લઈને તાલુકા કક્ષા સુધી અનેક વખત લેખિત તથા મૌખિક રજૂઆતો કરવામાં આવી છે. છતાં જવાબદાર તંત્રના પેટનું પાણી પણ હલતું નથી અને અધિકારીઓ માત્ર આશ્વાસન આપીને સંતોષ માની રહ્યા છે.

# વૃદ્ધ સાસુને લાફા મારતી પુત્રવધૂનો વીડિયો વાયરલ, સરથાણા પોલીસની કાર્યવાહી

સુરત

સુરતના સીમાડા વિસ્તારમાં આવેલા સ્વામિનારાયણ પરમસુખ ગુરુકુળની છત પર વૃદ્ધ સાસુને સ્નાન કરાવતી વખતે પુત્રવધૂએ લાફા માર્યા હોવાનો વીડિયો વાયરલ થયો છે. આ મામલે સરથાણા પોલીસ દોડતી થઈ હતી. બાજુની ખાનગી ઈમારતમાંથી એક જાગૃત નાગરિકે સમગ્ર ઘટના મોબાઈલમાં કેદ કરી સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી હતી. વીડિયો સામે આવ્યા બાદ પોલીસે તાત્કાલિક ટીમ ગુરુકુળ ખાતે મોકલી તપાસ હાથ ધરી હતી. પોલીસની તપાસમાં ગુરુકુળના પ્યુનની પત્ની કિરણબેન વૃદ્ધ સાસુ સાથે મારપીટ કરતી હોવાનું સામે આવ્યું હતું. પૂછપરછ દરમિયાન કિરણબેને સાસુ માનસિક અસ્વસ્થ હોવાને કારણે અને સ્નાન ન કરતા હોવાથી આવેશમાં આવી હાથ ઉપાડ્યો હોવાનું જણાવ્યું હતું.



# બરડાની દીકરી શ્વેતા કડછાએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માં ગોલ્ડ મેડલ મેળવી ઝળહળાવી પ્રતિભા!

### એમ.એસસી. હોમ સાયન્સમાં સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાન મેળવી સુવર્ણ સિદ્ધિ હાંસલ કરી; દીકરીઓના શિક્ષણ અને હકારાત્મક અભિગમનો આપ્યો પ્રેરણાદાયી સંદેશ

ગોસા(ઘેડ), વિરમભાઈ કે. આગઠ

પ્રતિભા, પરિશ્રમ, પરિવારના આશીર્વાદ અને શિક્ષકોના માર્ગદર્શનના સમન્વયથી સફળતાનાં શિખરો સર કરી શકાય છે, તેનું ઉત્તમ ઉદાહરણ બરડા પંથકની દીકરી શ્વેતા કેશુભાઈ કડછાએ પૂરું પાડ્યું છે. મૂળ બરડા પંથકના રીણાવાડા ગામનાં વતની અને હાલ પોરબંદરના જ્યુબિલી વિસ્તારમાં રહેતા કેશુભાઈ ઓધડભાઈ કડછાની સુપુત્રી શ્વેતા કડછાએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના એમ.એસસી. હોમ સાયન્સ અભ્યાસક્રમમાં સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી પ્રતિષ્ઠિત ગોલ્ડ મેડલ મેળવી પરિવાર, સમાજ અને સમગ્ર બરડા પંથકનું ગૌરવ વધાર્યું છે.

રાજકોટ સ્થિત સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના નવા ઓડિટોરિયમ ખાતે તા. ૮ ઓક્ટોબરના રોજ રાજ્યપાલ અને યુનિવર્સિટીના કુલાધિપતિ આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને યોજાયેલા ૬૧મા પદવીદાન સમારંભમાં શ્વેતા કડછાને તેમની ઉત્કૃષ્ટ શૈક્ષણિક સિદ્ધિ બદલ સુવર્ણ ચંદ્રક અને પદવી એનાયત કરવામાં આવ્યાં હતાં.

આ ગૌરવપૂર્ણ સમારંભમાં રાજ્યના શિક્ષણમંત્રી (રાજ્યકક્ષા) ત્રિકમભાઈ છાંગા, બેંગલુરુ સ્થિતજેએનસીએએસ આરના વૈજ્ઞાનિક પ્રોફેસર કે.એસ. નારાયણન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ઉત્પલ જોશી તથા કુલસચિવ ડૉ. અજયસિંહ જાડેજા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ૬૧મા પદવીદાન સમારંભમાં ૧૬ વિદ્યાશાખાના કુલ ૪૫,૯૨૪ વિદ્યાર્થીઓને પદવીઓ એનાયત કરવામાં આવી હતી. સમારંભમાં કુલ ૧૩૨ ગોલ્ડ મેડલમાંથી ૧૦૫ સુવર્ણ ચંદ્રક વિદ્યાર્થિનીઓએ પ્રાપ્ત કર્યા હતા, જ્યારે ૨૭ ગોલ્ડ મેડલ વિદ્યાર્થીઓના ફાળે ગયા હતા. આ આંકડા ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે દીકરીઓની વધતી સફળતા અને તેમની શૈક્ષણિક પ્રતિભાની પ્રતીતિ કરાવે છે. આ જ ગૌરવશાળી સિદ્ધિઓની શ્રેણીમાં શ્વેતા કડછાએ સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાન મેળવી પોતાની પ્રતિભાનો પરિચય આપ્યો છે. શ્વેતા કડછાએ પોતાના શૈક્ષણિક જીવનની શરૂઆત શ્રી કસ્તુરબા પ્રાથમિક શાળામાંથી કરી હતી, જ્યાં તેમણે ધોરણ ૧થી ૧૦ સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો. ત્યારબાદ સિગ્મા પબ્લિક સ્કૂલ, પોરબંદર ખાતે ધોરણ ૧૧ અને ૧૨નો અભ્યાસ કર્યો હતો. તેમણે પોરબંદરની ડૉ. વી.આર. ગોઢાણીયા મહિલા કોલેજમાંથી બી.એસસી. હોમ સાયન્સની સ્નાતક પદવી મેળવી હતી અને ત્યારબાદ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ ખાતે એમ.એસસી. હોમ સાયન્સનો અભ્યાસ પૂર્ણ કરીને સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું.



### નીતિ ટેલરે કાસ્ટિંગ કાઉચનો ચોંકાવનારો ખુલાસો કર્યો

# વૃદ્ધ ડિરેક્ટરે કહ્યું 'મારી સાથે સૂવું પડશે', ડરી ગયેલી અભિનેત્રીએ માતાને કરી ફરિયાદ

મુંબઇ

કાસ્ટિંગ કાઉચ (Casting Couch) એ ફિલ્મ અને મનોરંજન ઉદ્યોગનું એક કડવું અને ગંભીર સત્ય રહ્યું છે. બોલિવૂડ, દક્ષિણ ભારતીય સિનેમા તેમજ હોલિવૂડમાં પણ ઘણી અભિનેત્રીઓએ પોતાના કરિયરના શરૂઆતી કે પછીના તબક્કામાં આ પ્રકારના શોષણનો સામનો કરવો પડ્યો હોવાના ખુલાસા કર્યા છે. હવે તેમાં ટીવીની જાણીતી એક્ટ્રેસ નીતિ ટેલર પણ સામેલ છે.

વૃદ્ધ ડિરેક્ટરે કહ્યું 'મારી સાથે સૂવું પડશે નીતિએ એક ઈન્ટરવ્યુમાં ચોંકાવનારો ખુલાસો કરતા કહ્યું કે, 'સાઉથના એક ડિરેક્ટરે મારી સામે ભદ્દી ડિમાન્ડ કરી હતી. જે બાદ મેં તે પ્રોજેક્ટ છોડી દીધો હતો. હું પહેલા સાઉથની ફિલ્મો કરતી હતી. મેં 2 જ સાઉથની ફિલ્મો કરી છે. તેના ડિરેક્ટરે મારી સાથે પહેલી ફિલ્મ કરી હતી.

પછી મુવીનું શૂટિંગ પૂરું થયા પછી તેણે મને ફોન કર્યો અને બીજી ફિલ્મમાં કામ કરવાની ઓફર આપતા તે ડિરેક્ટરે મને કહ્યું કે, પણ આ વખતે તારે મારી સાથે સૂવું પડશે. હું આ વાત સાંભળીને એકદમ હેરાન રહી ગઈ હતી.'

અભિનેત્રીએ આગળ કહ્યું કે, 'મને સમજાયું નહીં કે કઈ રીતે રિએક્ટ કરવું. મેં તરત જ ફોન કાપી નાખ્યો. તેનો નંબર બ્લોક કર્યો અને મારી માતાને ફોન કર્યો. તે ડિરેક્ટર વૃદ્ધ હતો. મેં તેને બીજી છોકરીઓ સાથે પણ જોયો હતો. પરંતુ મને ખબર નહોતી કે આ વસ્તુ મારી સામે પણ આવશે.

હું આ ઘટના બાદ ડરી ગઈ હતી. હું એક ક્ષણ માટે ફ્રીઝ થઈ ગઈ હતી. પછી મેં તે પ્રોજેક્ટમાં કામ ન કર્યું. વર્કફ્રન્ટની વાત કરીએ તો નીતિએ 'કૈસી યે યારિયાં', 'ગુલામ', 'ઈશ્કબાઝ' જેવા શોઝમાં કામ કર્યું છે. પોતાની બબલી અને ક્યૂટ ઈમેજ માટે તે ફેમસ છે.

ટીવી અભિનેત્રી નીતિ ટેલરે કાસ્ટિંગ કાઉચનો ચોંકાવનારો ખુલાસો કર્યો છે. સાઉથના એક ડિરેક્ટરે બીજી ફિલ્મની ઓફર આપતી વખતે તેની પાસે અભદ્ર માંગણી કરી હતી. વૃદ્ધ ડિરેક્ટરે નીતિને તેની સાથે સૂવાનું કહ્યું હતું, જેનાથી તે આઘાતમાં સરી પડી હતી. નીતિએ તરત જ ફોન કાપી ડિરેક્ટરનો નંબર બ્લોક કર્યો અને તે પ્રોજેક્ટ છોડી દીધો. તેણે 'કૈસી યે યારિયાં' જેવા શોમાં કામ કર્યું છે.

**સાઉથના એક ડિરેક્ટરે બીજી ફિલ્મની ઓફર આપતી વખતે તેની પાસે અભદ્ર માંગણી કરી હતી**

# દુનિયાના 11 બેસ્ટ ફાઇટર્સમાં વિદ્યુત જામવાલ સામેલ

## એક્ટરે કહ્યું, ધલસિમના પાત્રે નસીબનું તાળું ખોલ્યું; હોલીવૂડ દિગ્ગજો સાથે કામ કરવાનો અનુભવ શેર કર્યો

મુંબઇ

એક તરફ 'સ્ટ્રીટ ફાઈટર'ની દુનિયા, બીજી તરફ હોલીવૂડનાં મોટાં-મોટાં નામો અને આ બધાની વચ્ચે ભારતનો એક એવો એક્ટર, જેણે પોતાની ઓળખ કોઈ ફિલ્મી ખાનદાન કે સ્ટારડમથી નહીં, પરંતુ પોતાની બોડી, શ્વાસ નિયંત્રણ અને માર્શલ આર્ટ્સથી બનાવી છે. વિદ્યુત જામવાલ હવે 'ધલસિમ' બનીને ગ્લોબલ સ્ક્રીન પર ઉતરી રહ્યા છે. પરંતુ રસપ્રદ વાત એ છે કે, વિદ્યુત આ પાત્રને કોઈ બહુ મોટો પડકાર માનતો જ નથી. તેના માટે ધલસિમનું મળવું કંઈક એવું હતું, જાણે નસીબે દરવાજો ખખડાવ્યો અને તેણે બસ દરવાજો ખોલી દીધો. લાસ વેગાસમાં ગાયત્રી મંત્રથી લઈને જેસન મોમોઆ, 50 સેન્ટ, રોમન રેન્સ અને કોડી રોડ્સ સાથે વિતાવેલા 45 દિવસો સુધી, ધલસિમના ટાલવાળા લુકથી લઈને ટાઈગર શ્રોફ સાથે આવનારી ફિલ્મ સુધી- વિદ્યુતે એવી ઘણી વાતો કહી, જેમાં તેમનો એક્શન સ્ટારવાળો અંદાજ પણ છે અને જીવનને જોવાનો સાવ અલગ દૃષ્ટિકોણ પણ.

વધુમાં વિદ્યુતે કહ્યુ કે ડિરેક્ટરે મને ફોન કર્યો ત્યારે તેમણે મારા વિશે સંપૂર્ણ રિસર્ચ કર્યું હતું. તેમને ખબર હતી કે, હું કોણ છું અને આ પાત્ર સાથે હું શું કરી શકું છું. એ કૉલ જ ખૂબ જ સરસ હતો.

મને લાગ્યું કે નસીબ બહુ સારી વસ્તુ છે. તમે બસ શાંત રહો, વસ્તુઓ આપમેળે તમારી પાસે આવતી રહેશે. મારા માટે કદાચ આ જ ફૉર્મ્યુલા કામ કરી ગયો. તેમને દુનિયાના 11 શ્રેષ્ઠ ફાઈટર્સની શોધ હતી અને તેમણે મને શોધી કાઢ્યો. યોગ અને કલરીપયટ્ટુનું જે મિશ્રણ આ પાત્રમાં છે, તે મારા માટે અદ્ભુત હતું.



# રાની મુખર્જીએ બદ્રીનાથ-કેદારનાથના દર્શન કર્યા

## શ્રાદ્ધ પક્ષમાં પૂર્વજો માટે વિશેષ પૂજા કરાવી; 16 દિવસ પહેલાં માતાનું અવસાન થયું હતું

મુંબઇ

બોલિવૂડ એક્ટ્રેસ રાની મુખર્જી ગુરુવારે ઉત્તરાખંડના પ્રસિદ્ધ કેદારનાથ અને બદ્રીનાથ ધામ પહોંચી. સૌપ્રથમ તેણે કેદારનાથ ધામ પહોંચીને બાબા કેદારનાં દર્શન કર્યા અને વિધિ-વિધાનપૂર્વક પૂજા-અર્ચના કરી. શ્રાદ્ધ પક્ષના અવસર પર તેણે પોતાના પૂર્વજોની સ્મૃતિમાં વિશેષ પૂજા પણ કરાવી અને બાબા કેદારના આશીર્વાદ લીધા. કેદારપુરીની આધ્યાત્મિક અને કુદરતી સુંદરતાથી અભિભૂત થઈ તીર્થ પુરોહિત હિમાંશુ તિવારીએ રાની મુખર્જી પાસે વિધિ-વિધાનપૂર્વક પૂજા-અર્ચના કરાવી. આ દરમિયાન એક્ટ્રેસે કેદારનાથ ધામમાં ઘણો સમય વિતાવ્યો અને તીર્થ પુરોહિતો સાથે વાતચીત કરી. તેણે કેદારપુરીની કુદરતી સુંદરતા અને આધ્યાત્મિક વાતાવરણની પણ પ્રશંસા કરી. રાની મુખર્જીએ કહ્યું કે, 'બાબા કેદારની નગરી સ્વર્ગ સમાન છે અને અહીં પહોંચીને મનને શાંતિનો અનુભવ થાય છે.' પૂજા દરમિયાન રાની મુખર્જીએ કેદારનાથ ધામમાં ચાલી રહેલા પુનર્નિર્માણ કાર્યો અને યાત્રા વ્યવસ્થાઓ વિશે પણ માહિતી મેળવી. તીર્થ પુરોહિતના જણાવ્યા અનુસાર, એક્ટ્રેસ ધામના આધ્યાત્મિક વાતાવરણ અને હિમાલયની સુંદરતા જોઈને ખૂબ પ્રસન્ન નજરે પડી હતી. કેદારનાથ પહોંચ્યાના સમાચાર બાદ તેના પ્રશંસકો અને સ્થાનિક લોકોમાં પણ ઉત્સુકતા જોવા મળી હતી. બદરીવિશાલના દરબારમાં પહોંચીને કરી પૂજા-અર્ચના કેદારનાથ બાદ રાની મુખર્જી બદરીનાથ ધામ પહોંચી. અહીં તેણે ભગવાન બદરીવિશાલનાં દર્શન કરી પૂજા-અર્ચના કરી અને દેશ-પ્રદેશની સુખ-સમૃદ્ધિ તથા શાંતિની કામના કરી. બદરીનાથ-કેદારનાથ મંદિર સમિતિ (બીકેટીસી) તરફથી એક્ટ્રેસનું સ્વાગત કરવામાં આવ્યું. સમિતિના અધિકારીઓએ તેને બદરીવિશાલ અને બાબા કેદારનો પ્રસાદ અર્પણ કર્યો. રાની મુખર્જીએ કેદારનાથ અને બદ્રીનાથ ધામના આધ્યાત્મિક અનુભવ અને પ્રાકૃતિક સૌંદર્યની પ્રશંસા કરી. તેણે કેદારનાથ અને બદ્રીનાથ ધામને ભવ્ય અને દિવ્ય સ્વરૂપ આપવા માટે કરવામાં આવી રહેલા કાર્યોની પણ પ્રશંસા કરી.





# નિધન બાદ રિલીઝ થશે નાના પાટેકરની 5 ફિલ્મો

## તાંત્રિકથી લઈને પાદરી સુધીના રોલમાં એક્ટિંગના અલગ-અલગ રંગો જોવા મળશે

મુંબઇ

દિગ્ગજ એક્ટર નાના પાટેકરનું 8 ઑક્ટોબરે નિધન થયું છે, પરંતુ દર્શકો આવનારા દિવસોમાં તેમને ઘણી વખત મોટા પડદા પર જોઈ શકશે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, નાના પાટેકરની 5 ફિલ્મો રિલીઝ થવાની કતારમાં છે, જેમાં હૉરર-કૉમેડી, બાયોગ્રાફિકલ ડ્રામા, ક્રાઈમ થ્રિલર અને રોમેન્ટિક કૉમેડી જેવા અલગ-અલગ જૉનરનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટ્સમાં મેડૉક ફિલ્મ્સની 'શક્તિ શાલિની', 'ઈથા', 'ધ કન્ફેશન ઑફ મેરી', 'કુક્કુ કી કુંડળી' અને 'વેદાંત' સામેલ છે. આ ફિલ્મો દ્વારા દર્શકોને તેમના અભિનયના અલગ-અલગ રંગો જોવા મળશે. મેડૉક ફિલ્મ્સના હૉરર-કૉમેડી યુનિવર્સનો ભાગ ફિલ્મ 'શક્તિ શાલિની'માં નાના પાટેકર એક મહત્વપૂર્ણ પાત્ર ભજવી રહ્યા છે. આદિત્ય સરપોતદારના ડિરેક્શનમાં બની રહેલી આ ફિલ્મમાં અનીત પડ્ડા અને વિશાલ જેઠવા મુખ્ય ભૂમિકામાં છે. રિપોર્ટ્સ અનુસાર, તેમાં નાના પાટેકર એક તાંત્રિકના રૂપમાં જોવા મળશે. આ એક સામાન્ય મહિલા 'શક્તિ'ની વાર્તા છે, જે એક બદલો લેતી આત્મા 'શાલિની'ની રક્ષક બને છે. નાના પાટેકરે આ ફિલ્મનું શૂટિંગ પૂર્ણ કરી લીધું હતું અને તેઓ તેનો ફાઈનલ કટ જોઈને ડબિંગ કરવા માંગતા હતા. આ ફિલ્મ 24 ડિસેમ્બર 2026ના રોજ રિલીઝ થવાની આશા છે. લક્ષ્મણ ઉટેકરના ડિરેક્શનમાં બનેલી ફિલ્મ 'ઈથા' મહારાષ્ટ્રની પ્રસિદ્ધ તમાશા અને લાવણી લોકકલાકાર વિઠાબાઈ નારાયણગાંવકરના જીવનથી પ્રેરિત છે. આ બાયોગ્રાફિકલ ડ્રામામાં શ્રદ્ધા કપૂર મુખ્ય ભૂમિકામાં છે, જ્યારે નાના પાટેકર, રણદીપ હુડ્ડા અને અનંત જોશી પણ મહત્વપૂર્ણ ભૂમિકાઓમાં જોવા મળશે. અનંત નારાયણ મહાદેવન દ્વારા ડિરેક્ટેડ ક્રાઈમ ડ્રામા 'ધ કન્ફેશન ઑફ મેરી'માં નાના પાટેકરે 'ફાધર બેનેડિક્ટ' નામના કેથોલિક પાદરીની ભૂમિકા ભજવી છે. આ ફિલ્મ કેરળના 1966ના ચર્ચિત મદાથરુવી હત્યાકાંડ પર આધારિત છે, જેમાં મારિયાકુટ્ટી નામની મહિલાની હત્યા અને એક પાદરી પર લાગેલા આરોપોની વાર્તા છે.

# કચ્છની ધરતીથી લઈને કાન્સ ફિલ્મ ફેસ્ટિવલના રેડ કાર્પેટ સુધી ડંકો વગાડનાર ગર્વ સમાન ગુજરાતી અભિનેત્રી કોમલ ઠક્કર!

અમદાવાદ

ગુજરાતી સિનેમા (ધ્વનિવર્ષી ધોલીવુડ) આજે વૈશ્વિક સ્તરે પોતાની જે અદ્ભુત ઓળખ બનાવી રહ્યું છે, તેમાં કેટલાક કલાકારોનું યોગદાન સોનામાં સુગંધ ભળે તેવું રહ્યું છે. કચ્છી માટીમાંથી બહાર આવીને આંતરરાષ્ટ્રીય મંચ પર ગુજરાતનું નામ રોશન કરનાર તેજસ્વી અને દબંગ અભિનેત્રી એટલે કોમલ ઠક્કર. પાક્કો ગુજરાત ન્યૂઝ પેપરના વાચકો માટે આજે એવા કલાકારની ગાથા રજૂ કરવી છે, જેમણે પોતાના અથાક સંઘર્ષ, મક્કમ મનોબળ અને અસાધારણ અભિનયના જોરે સિનેમા જગતમાં અનન્ય મુકામ હાંસલ કર્યો છે. કચ્છથી લઈને ઢોલીવુડ સુધીની પ્રેરણાદાયી સફર ગુજરાતના કચ્છ જિલ્લાના ગાંધીધામ ખાતે જન્મેલી કોમલ ઠક્કરે પોતાની અભિનય કારકિર્દીની શરૂઆત વર્ષ ૨૦૦૬માં ફિલ્મ 'અલખ ના અજવાળા'થી કરી હતી. શરૂઆતના દિવસોમાં ફિલ્મી પૃષ્ઠભૂમિ વગર માત્ર પોતાની કુદરતી અભિનય ક્ષમતા અને અદભુત આત્મવિશ્વાસના જોરે તેમણે ધીમે-ધીમે દર્દીઓના દિલમાં જગ્યા બનાવી. 'આ તો પ્રેમ છે', 'હમીર', 'માહીસાગર ના સૌગંધ' અને 'કાસૂંબો' જેવી નામાંકિત ફિલ્મોમાં પોતાના દમદાર અભિનયથી તેમણે સાબિત કરી દીધું કે ગુજરાતી સિનેમામાં માત્ર ગ્લેમર નહીં, પણ અસલી કલાનું પણ મોટું સામ્રાજ્ય છે. કાન્સ ફિલ્મ ફેસ્ટિવલના રેડ કાર્પેટ પર ગુજરાત અને ભારતનું ગૌરવ કોમલ ઠક્કરની કારકિર્દીનો સૌથી સોનેરી અને ઐતિહાસિક અધ્યાય ત્યારે લખાયો જ્યારે તેમણે વિશ્વના સૌથી પ્રતિષ્ઠિત એવા 'કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ' (Cannes Film Festival) ના રેડ કાર્પેટ પર ગુજરાતી ફિલ્મ ઉદ્યોગનું પ્રતિનિધિત્વ કર્યું. માત્ર એક જ વાર નહીં પરંતુ લગાતાર કાન્સના મંચ પર ગ્રેસ અને સ્ટાઈલ સાથે ઉપસ્થિત રહીને તેમણે આંતરરાષ્ટ્રીય સ્તરે ગુજરાતણની તાકાત દુનિયાને બતાવી દીધી.



### 8 ટીમો વચ્ચે 5 નવેમ્બરથી ટુર્નામેન્ટ, ઓમાનમાં તમામ 15 મેચ રમાશે

# અંડર-19 એશિયા કપમાં ભારત Vs પાકિસ્તાન 8 નવેમ્બરે રમાશે

મુંબઈ

એશિયન ક્રિકેટ કાઉન્સિલ (ACC)એ અંડર-19 એશિયા કપ 2026નું શેડ્યૂલ જાહેર કરી દીધું છે. ટુર્નામેન્ટ 5 નવેમ્બરથી ઓમાનમાં શરૂ થશે અને 14 નવેમ્બરે ફાઈનલ રમાશે. આ વખતે 8 ટીમ ટાઈટલ માટે મેદાનમાં ઉતરશે અને તમામ મુકાબલા મસ્કટ સ્થિત ઓમાન ક્રિકેટ એકેડેમી (OCA)ના ગ્રાઉન્ડ-1 અને ગ્રાઉન્ડ-2 પર રમાશે. ભારત પોતાના અભિયાનની શરૂઆત 6 નવેમ્બરે નેપાળ સામે કરશે. તેના બે દિવસ બાદ, 8 નવેમ્બરે પાકિસ્તાન સામે મુકાબલો થશે. ગ્રુપ સ્ટેજમાં ભારતની છેલ્લી મેચ 10 નવેમ્બરે UAE સામે હશે. ટુર્નામેન્ટ 50 ઓવરના ફોર્મેટમાં રમાશે અને કુલ 15 મેચ યોજાશે. ભારતને ગ્રુપ-Aમાં પાકિસ્તાન, UAE અને નેપાળ સાથે રાખવામાં આવ્યું છે. જ્યારે ગ્રુપ-Bમાં બાંગ્લાદેશ, અફઘાનિસ્તાન, શ્રીલંકા અને મલેશિયાનો સમાવેશ થાય છે. ટુર્નામેન્ટની પ્રથમ મેચ 5 નવેમ્બરે શ્રીલંકા U-19 અને મલેશિયા U-19 વચ્ચે રમાશે. આ જ દિવસે ગ્રુપ-Bમાં બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનની ટીમ પણ આમને-સામને થશે. બંને મેચ સવારે 10:30 વાગ્યે શરૂ થશે. શ્રીલંકા-મલેશિયાની મેચ OCA ગ્રાઉન્ડ-2 અને બાંગ્લાદેશ-અફઘાનિસ્તાનની મેચ OCA ગ્રાઉન્ડ-1 પર રમાશે.




પાકિસ્તાન વર્તમાન ચેમ્પિયન છે. ગત સીઝનની ફાઈનલમાં પાકિસ્તાને ભારતને 191 રનથી હરાવીને ટાઈટલ જીત્યું હતું. અંડર-19 એશિયા કપમાં પાકિસ્તાનનો આ બીજું ટાઈટલ હતું. ભારતે અંડર-19 એશિયા કપના 8 ખિતાબ 1989, 2003, 2012, 2013-14, 2016, 2018, 2019 અને 2021માં જીત્યા છે. 2012માં ભારત અને પાકિસ્તાન સંયુક્ત વિજેતા રહ્યા હતા. બાંગ્લાદેશે 2023 અને 2024માં સતત બે ખિતાબ જીત્યા, જ્યારે અફઘાનિસ્તાન 2017માં પ્રથમ વખત ચેમ્પિયન બન્યું.

## ગુજરાતી મૂળના ન્યૂઝીલેન્ડના પૂર્વ ટેસ્ટ ઓપનર જીત રાવલે નિવૃત્તિ લીધી

નવી દિલ્હી

ન્યૂઝીલેન્ડના ભૂતપૂર્વ ટેસ્ટ ઓપનર જીત રાવલે પ્રોફેશનલ ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ લઈ લીધી છે. 38 વર્ષના રાવલે 2026-27ની ડોમેસ્ટિક સીઝન પહેલાં આ નિર્ણય લીધો.

અમદાવાદમાં જન્મેલા રાવલે ન્યૂઝીલેન્ડ માટે 2016થી 2020 વચ્ચે 24 ટેસ્ટ મેચ રમી હતી. તે 2021માં વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) જીતનાર ન્યૂઝીલેન્ડની ટીમનો પણ ભાગ રહ્યો હતો. ક્રિકેટમાંથી નિવૃત્તિ બાદ તે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (CA) તરીકે કામ ચાલુ રાખશે. તે પહેલેથી જ એક ઑડિટિંગ ફર્મમાં CA છે. નોર્ધર્ન ડિસ્ટ્રિક્ટ્સ ક્રિકેટ એસોસિયેશનને આપેલા ઈન્ટરવ્યૂમાં જીત રાવલે કહ્યું કે ન્યૂઝીલેન્ડની રાષ્ટ્રીય ટીમ માટે રમવું તેનું અને તેના પિતાનું બાળપણનું સપનું હતું. તેને પૂરું કરવાની તક આપવા માટે તેના પિતા આખા પરિવારને ન્યૂઝીલેન્ડ લઈ ગયા હતા. જીત રાવલે કહ્યું, 'આ નિર્ણય લેતાં મને ગર્વ અને સંતોષની લાગણી થઈ રહી છે. બ્લેકકેપ્સ માટે રમવું મારું અને મારા પિતાનું સપનું હતું. મને આ તક આપવા માટે તેમણે આખા પરિવારને ન્યૂઝીલેન્ડમાં સ્થળાંતરિત કરવાનું મોટું પગલું ભર્યું.

### ન્યુટ્રલ વેન્યૂ પર મેચ યોજવાની માગ ફગાવવામાં આવી

## એશિયન હોકી ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી પાકિસ્તાને નામ પાછું ખેંચ્યું

કેપટાઉન

ભારતમાં 27 ઓક્ટોબરથી યોજાનારી એશિયન હોકી ચેમ્પિયન્સ ટ્રોફી 2026માંથી પાકિસ્તાને પોતાનું નામ પાછું ખેંચી લીધું છે. પાકિસ્તાન હોકી ફેડરેશન (PHF)એ બંને દેશો વચ્ચેના રાજકીય તણાવનો હવાલો આપીને પોતાની મેચ તટસ્થ સ્થળે યોજવાની માગ કરી હતી. ભારતે ટુર્નામેન્ટને બીજા દેશમાં યોજવાનો ઈનકાર કર્યો. ત્યારબાદ પાકિસ્તાનની જગ્યાએ બાંગ્લાદેશને 6 ટીમની આ ટુર્નામેન્ટમાં સામેલ કરવામાં આવ્યું છે. સ્પર્ધા 5 નવેમ્બર સુધી જાલંધર અને મોહાલીમાં રમાશે.



પાકિસ્તાન હોકી ફેડરેશને એશિયન હોકી ફેડરેશન (AHF)ને પોતાની મેચો ભારતની બહાર યોજવાની વિનંતી કરી હતી. PHFનું કહેવું હતું કે વર્તમાન રાજકીય તણાવ વચ્ચે તેના ખેલાડીઓની સુરક્ષા અને સન્માન પ્રાથમિકતા છે. પાકિસ્તાને એમ પણ કહ્યું હતું કે તેની ટીમ ઈન્ટરનેશનલ હોકી ફેડરેશન (FIH) સાથે જોડાયેલી કોઈપણ ટીમ, અહીં સુધી કે ભારત સામે પણ રમવા તૈયાર છે, પરંતુ મુકાબલા તટસ્થ સ્થળે યોજાવા જોઈએ. આ પહેલાં એવા અહેવાલો આવ્યા હતા કે પાકિસ્તાની ટીમનો ભારત પ્રવાસ તેની સરકારની મંજૂરી મળવા પર નિર્ભર હતો. ભારતે પાકિસ્તાનની માગ સ્વીકારી નહીં અને ટુર્નામેન્ટને નિર્ધારિત કાર્યક્રમ મુજબ યોજવાનો નિર્ણય કર્યો. ત્યારબાદ પાકિસ્તાને સ્પર્ધામાંથી ખસી જવાનો નિર્ણય લીધો.

## 'હું વિરાટનું બધું જ ચોરવા માગુ છું...': અભિષેક શર્મા

### ધોની-રોહિત પણ નિશાના પર; ક્રિકેટના ત્રણેય દિગ્ગજોની સૌથી મોટી તાકાત પર અભિષેક શર્માની નજર

મુંબઈ

ભારતીય ઓપનર અભિષેક શર્મા પોતાના સિનિયર વિરાટ કોહલી પાસેથી તેનું બધું જ ચોરવા માગે છે. એટલું જ નહીં, તે રોહિત શર્મા પાસેથી ટાઈમિંગ અને ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન એમએસ ધોની પાસેથી ફિનિશિંગની સ્કિલ પણ લેવા માગે છે.

હકીકતમાં, બીજી T20 પહેલાં અભિષેકને ભારત અને વેસ્ટ ઈન્ડીઝના દિગ્ગજ ખેલાડીઓની સ્કિલ ચોરવા અંગે સવાલ પૂછવામાં આવ્યો હતો. તેને પૂછવામાં આવ્યું કે તે કયા ખેલાડીની કઈ સ્કિલ લેવા માંગશે.

વિરાટ કોહલીનું નામ આવતાં અભિષેકે હસતાં કહ્યું, 'બધું જ'. તેણે યુવરાજ સિંહની મેચ જીતાડવાની ક્ષમતા, એમએસ ધોનીની મેચ ફિનિશિંગ અને રોહિત શર્માની ટાઈમિંગ લેવાની ઈચ્છા વ્યક્ત કરી. વિરાટ કોહલી ત્રણેય ફોર્મેટના શ્રેષ્ઠ બેટર છે. તેઓ કોઈપણ પરિસ્થિતિમાં ઢળી જઈને મેચનું પાસું પલટી શકે છે. તેમની પાસે ટાઈમિંગ, ચોકસાઈ, ધૈર્ય અને આક્રમકતા જેવી અનેક ખૂબીઓ છે. આ જ ગુણોના આધારે તેમણે 28 હજારથી વધુ રન બનાવ્યા છે.

બીજી તરફ, અભિષેકના મેન્ટર યુવરાજ સિંહ રહ્યા છે. તેમણે ભારતને અનેક મેચ જીતાડ્યા છે. 2011ના વર્લ્ડ કપની ફાઈનલમાં ધોનીએ 91 રનની ઈનિંગ રમી હતી. યુવરાજ સિંહ તે વર્લ્ડ કપમાં પ્લેયર ઑફ ધ ટુર્નામેન્ટ રહ્યા હતા. અભિષેકે રોહિત શર્માની બોલને ટાઈમ કરવાની સ્કિલ શીખવાની ઈચ્છા પણ વ્યક્ત કરી. અભિષેકે કહ્યું કે તેઓ ક્રિસ ગેઈલની ત્રણેય ફોર્મેટમાં રમવાની માનસિકતા અપનાવવા ઈચ્છશે. તેણે કહ્યું કે તે ડ્વેન બ્રાવોના સેલિબ્રેશનથી ખૂબ પ્રભાવિત થાય છે. કિરોન પોલાર્ડનું નામ આવતાં જ અભિષેકે 'પાવર' કહ્યું. T20 ક્રિકેટમાં પોલાર્ડના નામે 1 હજારથી વધુ છગ્ગા છે. અભિષેકે સુનીલ નારાયણની શાનદાર ઈકોનોમી રેટ સાથે બોલિંગ કરવાની કુશળતા અપનાવવાની વાત કહી. તેણે આન્દ્રે રસેલને સંપૂર્ણ ઓલરાઉન્ડર ગણાવ્યો. અભિષેકે રસેલની આ જ કુશળતા અપનાવવાની ઈચ્છા વ્યક્ત કરી.






### M6 ચિપ અને સ્માર્ટ હોમ પ્રોડક્ટ્સ પણ આવશે

# એપલનું પહેલું ટચસ્ક્રીન મેકબુક અને OLED આઈપેડ-મિની લોન્ચ થશે

મુંબઈ

એપલ આ મહિને બે મોટા ઈવેન્ટ્સની તૈયારીમાં છે. મીડિયા અહેવાલો અનુસાર, કંપની ઑક્ટોબરના અંતમાં એક ખાસ ઈવેન્ટ યોજી શકે છે, જેમાં એપલનું પ્રથમ ટચસ્ક્રીન મેકબુક અને નવું આઈપેડ મિની રજૂ થઈ શકે છે.

આ ઉપરાંત, 13 ઑક્ટોબરે યોજાનારા ઈવેન્ટમાં એપલના નવા સ્માર્ટ હોમ પ્રોડક્ટ્સ રજૂ થઈ શકે છે. બ્લૂમબર્ગના અહેવાલ અનુસાર, ઑક્ટોબરના અંતમાં (સંભવિત રીતે 27 ઑક્ટોબરે) યોજાનારા ઈવેન્ટમાં M6 ચિપસેટવાળા નવા મેકબુક અને



આઈમેક મોડલ્સ પણ રજૂ કરવામાં આવશે. આ ઈવેન્ટ ઑનલાઈન વીડિયો પ્રેઝન્ટેશન ઉપરાંત વ્યક્તિગત પ્રેસ સેશન તરીકે પણ યોજાશે. કંપનીનું મુખ્ય ધ્યાન વીડિયો પ્રોડક્શન, ફોટો એડિટિંગ અને મ્યુઝિક પ્રોડક્શન સાથે સંકળાયેલા ક્રિએટિવ પ્રોફેશનલ્સ પર રહેશે. કોડનેમ: નવા મોડલ્સના કોડનેમ K114 અને K116 હોવાનું જણાવાઈ રહ્યું છે. ડિસ્પ્લે અને ડિઝાઈન: OLED ડિસ્પ્લે મળશે અને તે હાલના મેકબુક મોડલ્સની તુલનામાં ઘણાં હળવા હશે. ડાયનેમિક આઈલેન્ડ: આઈફોનમાં જોવા મળતું ડાયનેમિક આઈલેન્ડ ઈન્ટરફેસ હવે પહેલી વાર આ મેકબુક્સમાં પણ જોવા મળી શકે છે.

M6 ચિપવાળા મેકબુક પ્રો અને આઈમેક પણ આવશે

ટચસ્ક્રીન મેકબુક ઉપરાંત, એપલ પોતાના રેગ્યુલર મેકબુક પ્રો (કોડનેમ J804) અને આઈમેક (કોડનેમ J833)ને પણ અપડેટ કરવાની તૈયારીમાં છે. આ મોડલ્સ હાલની ડિઝાઈન જાળવી રાખીને નવા M6 ચિપસેટ પર સ્વિચ થશે. નવું આઈપેડ મિની: OLED સ્ક્રીન અને લેન્ડસ્કેપ કેમેરા સાથે નવું આઈપેડ મિની (કોડનેમ J510) મોટા અપગ્રેડ સાથે આવી શકે છે.

### ઓલ ટાઈમ હાઈથી ચાંદી 1.68 લાખ રૂપિયા ગગડી

# સોનું ₹304 સસ્તું થઈને ₹1.47 લાખ થયું: ચાંદીમાં પણ ₹2,821નો ઘટાડો

મુંબઈ

8 ઑક્ટોબરે સોના-ચાંદીના ભાવમાં ઘટાડો જોવા મળ્યો. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) મુજબ, 10 ગ્રામ 24 કેરેટ સોનું 304 રૂપિયા ઘટીને 1,47,463 રૂપિયા પર પહોંચી ગયું છે.

આ પહેલાં 7 ઑક્ટોબરે તેનો ભાવ 1,47,767 રૂપિયા હતો. બીજી તરફ, એક કિલો ચાંદી 2,821 રૂપિયા ઘટીને 2,18,045 રૂપિયા પર આવી ગઈ છે, જે બુધવારે 2,20,866 રૂપિયા હતી. પરિવહન અને સુરક્ષા: એક શહેરથી બીજા શહેરમાં સોનું લઈ જવામાં ઈંધણ અને સુરક્ષાનો ખર્ચ જોડાય છે, જેના કારણે અંતર વધે તેમ ભાવ વધે છે.

ખરીદીનું પ્રમાણ: દક્ષિણ ભારતમાં વધુ



વપરાશ (લગભગ 40%) હોવાથી જ્વેલર્સ મોટી ખરીદી કરે છે, પરંતુ છૂટનો લાભ મર્યાદિત રહે છે.

સ્થાનિક જ્વેલરી એસોસિએશન: રાજ્ય અને શહેરના જ્વેલરી એસોસિએશન સ્થાનિક માગ-પુરવઠાના આધારે દર નક્કી કરે છે.

જૂનો સ્ટોક અને ખરીદી કિંમત: જ્વેલર્સે જે ભાવે ખરીદી કરી હોય તે નક્કી કરે છે કે તેઓ ગ્રાહકોને કેટલી કિંમતે વેચશે.

ઓલ ટાઈમ હાઈથી ચાંદી 1.68 લાખ રૂપિયા ગગડી

આ વર્ષે સોના-ચાંદીના ભાવમાં સતત ઊતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. 31 ડિસેમ્બર 2025ના રોજ સોનાનો ભાવ 1.33 લાખ રૂપિયા હતો, જે 29 જાન્યુઆરીએ વધીને 1.76 લાખ રૂપિયાના સૌથી ઊંચા સ્તરે પહોંચ્યો હતો. ત્યારથી અત્યાર સુધીમાં સોનું 28,658 રૂપિયા સસ્તું થઈ ચૂક્યું છે.

### ₹12 ડિવિડન્ડની જાહેરાત; મંદી વચ્ચે મળ્યા ₹90 હજાર કરોડના ઓર્ડર

# ત્રિમાસિક પરિણામો બાદ TCSના શેર 5% ચઢ્યા: ₹13,884 કરોડનો નફો થયો

### ચાંદી 2 દિવસમાં 5000 રૂપિયાથી વધુ ગગડી છે. બ્રેન્ટ ક્રૂડ 104 ડોલર થતાં પેટ્રોલ-ડીઝલ મોંઘા થઈ શકે છે.

મુંબઈ

દેશની સૌથી મોટી આઈટી સર્વિસિસ કંપની TCSના બીજા ત્રિમાસિક ગાળાના પરિણામો બાદ આજે શુક્રવાર, 9 ઓક્ટોબરે તેના શેરોમાં 5%થી વધુનો ઉછાળો જોવા મળ્યો છે. આજે તે 2,170 પર ટ્રેડ થઈ રહ્યો છે. કંપનીએ પ્રતિ શેર 12નું બીજું વચગાળાનું ડિવિડન્ડ આપવાની જાહેરાત કરી છે. બીજા ત્રિમાસિક ગાળામાં TCSનો ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે 15% વધીને 13,884 કરોડ થયો છે. ગયા વર્ષે આ જ ત્રિમાસિક ગાળામાં કંપનીને 12,075 કરોડનો નફો થયો હતો. રેવન્યુ 11% વધીને 73,188 કરોડ થયો. કંપનીની કામગીરીમાંથી થતી આવક વાર્ષિક ધોરણે 11% વધીને 73,188 કરોડ થઈ છે, જે ગયા વર્ષની સમાન અવધિમાં 65,799 કરોડ હતી. બીજી તરફ, કૉન્સ્ટન્ટ કરન્સીના આધારે રેવન્યુમાં અગાઉના ત્રિમાસિક ગાળાની સરખામણીમાં 0.5%નો નજીવો વધારો નોંધાયો છે. જ્યારે નાણાકીય પરિણામોમાં 'કૉન્સ્ટન્ટ




કરન્સી'ના આધારે રેવન્યુની વાત કરવામાં આવે છે, ત્યારે તેનો અર્થ એ થાય છે કે વિદેશી ચલણ જેમ કે ડૉલર, પાઉન્ડ, યુરો વગેરેના ભાવમાં થતા ઉતાર-ચઢાવની અસરને દૂર કરીને સરખામણી કરવામાં આવી છે. કારણ કે TCS એક આંતરરાષ્ટ્રીય કંપની છે. તે અમેરિકા, બ્રિટન અને યુરોપ જેવા દેશોમાંથી કમાણી કરે છે. તેથી, જ્યારે ડૉલર અથવા યુરોની કિંમત રૂપિયાની સરખામણીએ બદલાય છે, ત્યારે કોઈ નવું કામ કર્યા વિના પણ કંપનીની કમાણી ઓછી કે વધુ દેખાવા લાગે છે. કુલ આવકમાં AI રેવન્યુનો હિસ્સો 10%થી વધુ TCSની AI આવક 3.1 અબજ ડૉલર સુધી પહોંચી ગઈ છે, જે કંપનીની કુલ આવકના 10%થી વધુ હિસ્સો ધરાવે છે. કંપનીએ પુણેમાં 'ઈન્ડસ્ટ્રિયલ ઑટોનોમી એન્ડ એન્જિનિયરિંગ લૅબ' અને બેંગલુરુમાં એનવિડિયા દ્વારા સંચાલિત 'ઑટોનોમસ એન્જિનિયરિંગ લૅબ' જેવી AI-કેન્દ્રિત સુવિધાઓ પણ શરૂ કરી છે. કંપનીનાં એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અને ચીફ ઑપરેટિંગ ઑફિસર (COO) આરતી સુબ્રમણ્યનના જણાવ્યા અનુસાર, AIની માગ ઝડપથી વધી રહી છે. કંપનીઓ હવે નવા AI ટૂલ્સનો ઉપયોગ બિઝનેસમાં સુધારો કરવા, કામને ઑટોમેટિક બનાવવા અને સાયબર સિક્યોરિટી જેવા કાર્યો માટે સૌથી વધુ કરી રહી છે.

## MDR લાગુ કરવાનો નિર્ણય તા.1 જાન્યુ. સુધી મોકૂફ રહેવાની શક્યતા

■ હજુ સુધી કોઇ અંતિમ નિર્ણય લેવાયો નથી, પરંતુ વેપારીઓને તૈયારી માટે વધુ સમય આપવાનો હેતુ

મુંબઈ

યુપીઆઈ વ્યવહારો માટે નવા મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR) માળખાના અમલીકરણની અગાઉ સૂચિત તારીખ ૧૫ આક્ટોબર હતી, જે હવે લંબાવીને ૧ જાન્યુઆરી, ૨૦૨૭ સુધી મોકૂફ રાખવામાં આવે તેવી શક્યતા છે. જોકે હજુ સુધી કોઈ આખરી નિર્ણય લેવામાં આવ્યો નથી, પરંતુ આ મુલતવી રાખવાનો ઉદ્દેશ્ય ખાસ કરીને તહેવારોની મોસમ દરમિયાન વેપારીઓ અને પેમેન્ટ્સ ઈકોસિસ્ટમને આ નવા ફેરફાર માટે સજ્જ થવા વધુ સમય આપવાનો છે. સામાન્ય રીતે આ સમયગાળામાં ડિજિટલ પેમેન્ટ અને ગ્રાહકોના ખર્ચમાં મોટો ઉછાળો જોવા મળતો હોય છે. જાણકાર સૂત્રોએ વધુમાં જણાવ્યું હતું કે અગાઉ જાહેર કરાયેલા માળખામાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં. સૂચિત અમલીકરણની આ બાબત માળખા સામે ચાલી રહેલા કાનૂની પડકારની પૃષ્ઠભૂમિમાં પણ સામે આવી છે. ૨૮ સપ્ટેમ્બરના રોજ સુપ્રીમ કોર્ટે ચોક્કસ પર્સન-ટુ-મર્ચન્ટ ટ્રાન્ઝેક્શન પર MDR લાદવાના કેન્દ્ર સરકારના નિર્ણય પર સ્ટે (રોક) આપવાનો ઈનકાર કર્યો હતો. નવા માળખા હેઠળ, રૂ. ૨,૦૦૦ થી વધુના વ્યક્તિ-થી-વેપારી (P2M) યુપીઆઈ વ્યવહારો પર ૦.૪% MDR વસૂલવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે, જેમાં રૂ. ૭૫,૦૦૦ કે તેથી વધુના વ્યવહારો માટે મહત્તમ ચાર્જ રૂ. ૩૦૦ નક્કી કરવામાં આવ્યો છે.

# નવરાત્રિના મહાપર્વ પર અમદાવાદ પોલીસ સજ્જ: સુરક્ષાના કડક બંદોબસ્ત સાથે 14,000 જવાનો તૈનાત

## ઓલા, ઉબેર, રેપિડો સહિત પીળી નંબરપ્લેટવાળા કોમર્શિયલ વાહનો પર 'એરપોર્ટ એક્સેસ ચાર્જ'; નવા નિયમને લઈને મુસાફરો અને ટ્રાન્સપોર્ટરોમાં નારાજગી



અમદાવાદ

ગુજરાતની ધબકતી નગરી અમદાવાદમાં આ વર્ષે નવરાત્રિના મહાપર્વને લઈને પોલીસ તંત્ર દ્વારા અત્યારથી જ અત્યંત ચુસ્ત અને લોખંડી સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. આગામી ૧૧ ઓક્ટોબરથી શરૂ થઈ રહેલા આ ભવ્ય નવરાત્રિ મહોત્સવમાં ખેલૈયાઓ કોઈપણ પ્રકારના ડર વગર ઝૂમી શકે અને ગરબા આયોજનોમાં કાયદો તથા વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અમદાવાદ શહેર પોલીસ સંપૂર્ણપણે સજ્જ થઈ ગઈ છે.

શહેરમાં નવરાત્રિની રંગત જામી ચૂકી છે ત્યારે પોલીસ દફતરે અત્યાર સુધીમાં ૮૪ જેટલા મોટા ગરબા આયોજકોની મંજૂરી માટેની પ્રક્રિયા ચાલી રહી છે. જ્યારે સમગ્ર શહેરમાં અંદાજે ૧૩૦૦ જેટલી જગ્યાઓ પર શેરી ગરબા અને નાના પાયે આયોજનો થવાના છે. આ તમામ આયોજનો પર ચાંપતી નજર રાખવા માટે પોલીસ વિભાગ દ્વારા ખાસ બ્લૂપ્રિન્ટ તૈયાર કરવામાં આવી છે.

નવરાત્રિ દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અકબંધ રાખવા માટે શહેરમાં આશરે ૫૦૦ જેટલા ઉચ્ચ પોલીસ અધિકારીઓ ફિલ્ડમાં ઉતરશે. જેમાં સેક્ટર જેસીપી (JCP), ડીસીપી (DCP), એસીપી (ACP), પીઆઈ (PI) અને પીએસઆઈ (PSI) કક્ષાના અધિકારીઓ સતત મોનિટરિંગ કરતા રહેશે. આ ઉપરાંત કુલ ૧૪,૦૦૦ જેટલા પોલીસ કર્મચારીઓ અને હોમગાર્ડ્સના જવાનોને સુરક્ષા માટે તૈનાત કરવામાં આવશે.

આ વર્ષની નવરાત્રિમાં સુરક્ષા વ્યવસ્થાને વધુ અદ્યતન બનાવવામાં આવી છે. ગરબા ગ્રાઉન્ડની અંદર અને આસપાસ AI બેઝ્ડ કેમેરા લગાવવામાં આવશે, જેથી કોઈપણ શંકાસ્પદ હિલચાલ તરત પકડી શકાય. આ ઉપરાંત, ગ્રાઉન્ડમાં ક્ષમતા કરતા વધુ ખેલૈયાઓ એકઠા ન થાય અને ઓવરક્રાઉડિંગ ન સર્જાય તે માટે ખાસ 'કાઉન્ટિંગ મશીન' રાખવાના રહેશે. સમગ્ર શહેરમાં અલગ-અલગ લોકેશન્સ પર ૪૦૦૦ જેટલા સીસીટીવી કેમેરા દ્વારા બાજ નજર રાખવામાં આવશે.

મહિલાઓ અને યુવતીઓની સુરક્ષા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. શહેરમાં ૪૯ 'શી ટીમ'ની ગાડીઓ, ૪૯ પીસીબી (PCB) અને ૬૦ જેટલી અન્ય પોલીસ વાહનો સતત પેટ્રોલિંગ કરતા રહેશે. સાથે જ શી ટીમના ૩૦૦ જેટલા અધિકારીઓ અને કર્મચારીઓ ગ્રાઉન્ડ પર હાજર રહેશે.

### ■ ડ્રગ્સ અને આલ્કોહોલ વિરુદ્ધ ઝીરો ટોલરન્સ નીતિ

યુવાધનને બરબાદ થતું અટકાવવા માટે એસઓજી (SOG) ની ટીમ દ્વારા ડ્રગ્સ ટેસ્ટિંગ કીટ સાથે ગરબા ગ્રાઉન્ડ પર ચેકિંગ કરવામાં આવશે. આ ઉપરાંત, પોલીસ દ્વારા બ્રીથ એનાલાઈઝર (Breath Analyser) ના માધ્યમથી પણ દારૂ કે નશાની હાલતમાં વાહન ચલાવનારાઓ કે આવનારાઓનું સઘન ચેકિંગ હાથ ધરવામાં આવશે.

### ■ ટ્રાફિક અને રોડ રસ્તાઓની વિશેષ વ્યવસ્થા

આયોજકો, ગરબા ક્લાસના સંચાલકો અને ખેલૈયાઓ સાથે અગાઉથી જ બેઠકો યોજીને જરૂરી સૂચનાઓ આપી દેવામાં આવી છે. એએમસી (AMC), આર એન્ડ બી (R&B) અને એનએચએઆઈ (NHAI) દ્વારા સંયુક્ત કામગીરી કરીને ગરબા આયોજનના સ્થળોની આસપાસ અંધારિયા વિસ્તારોમાં નવી લાઈટો લગાડવામાં આવી રહી છે. એસ.પી. રિંગ રોડ સહિતના જે રસ્તાઓ બંધ હતા તે ખોલી દેવામાં આવશે, અને ટ્રાફિકને અડચણરૂપ બનતા વાહનોને ખસેડવા માટે ૨૦ જેટલી ક્રેન તૈનાત રાખવામાં આવશે. અમદાવાદ પોલીસે સ્પષ્ટ સંદેશ આપી દીધો છે કે નવરાત્રિના આ પવિત્ર પર્વમાં ઉત્સાહમાં રંગ ભંગ કરનાર કે કાયદો તોડનાર કોઈપણ શખ્સને બક્ષવામાં આવશે નહીં.

# અમદાવાદમાં મહિલાઓની સુરક્ષાને લઈને ગંભીર સવાલો

## પૂર્વ વિસ્તારમાં જાહેરમાં યુવતી પર તલવારથી જીવલેણ હુમલો



અમદાવાદ

અમદાવાદ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ દિવસેને દિવસે કથળી રહી છે અને પોલીસના વરવા દાવાઓ પોકળ સાબિત થઈ રહ્યા છે. શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા રામોલ વિસ્તારમાં જાહેરમાં અસામાજિક તત્વોનો ત્રાસ એટલો હદે વધી ગયો છે કે હવે દીકરીઓ અને મહિલાઓની સુરક્ષા જોખમમાં મુકાઈ ગઈ છે. ગત ૧ લી ઓક્ટોબરે રામોલ વિસ્તારના જાહેર રસ્તા પર બનેલી એક અત્યંત શરમજનક અને હચમચાવી નાખતી ઘટનાના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા છે, જેણે સમગ્ર શહેરમાં ચકચાર મચાવી દીધી છે. મળતી માહિતી મુજબ, ૧ લી ઓક્ટોબરની રાત્રે રામોલ વિસ્તારમાં એક યુવતી જાહેર રસ્તા પર ઊભી હતી અને તેની સાથે એક યુવક પણ હાજર હતો. તે દરમિયાન પૂરપાટ ઝડપે એક્ટિવા ઉપર ધસી આવેલા બે અજાણ્યા શખ્સોએ કોઈ પણ જાતના ડર વિના હાથમાં ખુલ્લી તલવારો પકડીને સીધો હુમલો કરી દીધો હતો. આ અચાનક થયેલા જીવલેણ હુમલામાં બેફામ બનેલા ઈસમોની તલવાર સીધી રસ્તા પર ઉભેલી યુવતીના મોઢા અને ચહેરાના ભાગે વાગી હતી, જેના કારણે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

આ હુમલામાં યુવતીની સાથે રહેલા યુવકને પણ નિશાન બનાવવામાં આવ્યો હતો. પોલીસ અને કાયદાનો કોઈ જ ભય ન હોય તેમ ખુલ્લેઆમ હાથમાં તલવારો લઈને ફરી રહેલા આવા લુખ્ખા તત્વોના આતંકના દ્રશ્યો જ્યારે સીસીટીવી કેમેરામાં કેદ થઈને બહાર આવ્યા, ત્યારે લોકોની આંખો ફાટી ગઈ છે. ખાસ કરીને આગામી દિવસોમાં નવરાત્રિનો મહાપર્વ નજીક આવી રહ્યો છે, ત્યારે ગુજરાતની સંસ્કારી નગરી ગણાતા અમદાવાદમાં જો રાત્રિના સમયે જાહેરમાં દીકરીઓ પર આવા ઘાતક હથિયારોથી હુમલા થતા હોય, તો મહિલાઓની સુરક્ષા દાયરા સામે ખૂબ જ મોટા સવાલો ઊભા થવા સ્વાભાવિક છે.

## શાહીબાગમાં વેપારીના ઘરે લાખોની ચોરી કરનાર નકલી 'ઘરઘાટી' ઝડપાયો

અમદાવાદ

શહેરમાં ઘરઘાટી (નોકર) તરીકે કામ રાખીને અરસપરસનો વિશ્વાસ કેળવીને હાથ સાફ કરી જતી ગેંગ અને ગુનેગારો સામે અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચે સપાટો બોલાવ્યો છે. શહેરના પોશ અને સંવેદનશીલ ગણાતા શાહીબાગ વિસ્તારમાં કાપડના એક વેપારીના ઘરમાંથી કરોડો રૂપિયાની કિંમતના સોનાના દાગીના અને રોકડ રકમની મસમોટી ચોરી કરી નાસી છૂટેલા કુખ્યાત આરોપીને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે. પોલીસે આરોપી પાસેથી કુલ રૂ. 35 લાખ 6 હજાર 363 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ગુનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચની ટીમે પણ સમાંતર તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. ઘટનાસ્થળ અને આસપાસના વિસ્તારના સીસીટીવી ફૂટેજની ઝીણવટભરી ચકાસણી કરવામાં આવતા ક્રાઈમ બ્રાન્ચની ટીમને આરોપી અંગે મહત્વના સૂર અને ટેક્નિકલ કડીઓ મળી આવી હતી.

**કરોડોના પ્રોજેક્ટમાં એક પિલ્લર તૂટ્યો કે તોડાયો?**

# સરખેજ ફ્લાયઓવરના પિલ્લર મામલે AMC સામે ગંભીર સવાલો

અમદાવાદ

શહેરમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વિકાસના મોટા દાવાઓ પોકળ સાબિત થઈ રહ્યા હોય તેવી ચોંકાવનારી ઘટના સામે આવી છે. શહેરના મહત્વપૂર્ણ એવા સરખેજ વિસ્તારમાં અંદાજે 1300 કરોડ રૂપિયાના માતબર ખર્ચે 10 કિલોમીટરથી પણ વધુ લાંબો ફ્લાયઓવર બ્રિજ બનાવવાની કામગીરી ચાલી રહી છે. આ ભવ્ય પ્રોજેક્ટ વચ્ચે તાજેતરમાં એવું જોવામાં આવ્યું છે કે બ્રિજનો એક તૈયાર પિલ્લર (પાયો) અચાનક તોડી પાડવામાં આવ્યો છે. કરોડો રૂપિયાના પ્રજાના વેરાના નાણાંથી બનતા આ બ્રિજનો પિલ્લર કેમ તોડવો પડ્યો? તેનું કોઈ પણ સત્તાવાર કારણ હજુ સુધી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા જાહેર કરવામાં આવ્યું નથી, જેના કારણે તંત્રની કામગીરી સામે ભારે શંકા-કુશંકાઓ અને સવાલો ઊભા થયા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, અમદાવાદના ટ્રાફિક ભારણને ઘટાડવા અને વાહનવ્યવહારને સરળ બનાવવા માટે આશરે 1300 કરોડના ખર્ચે આ વિશાળ બ્રિજનું નિર્માણ કાર્ય પૂરઝડપે ચાલી રહ્યું છે. 10 કિલોમીટરથી વધુ લંબાઈ ધરાવતા આ મહત્વના બ્રિજ પ્રોજેક્ટ પર શરૂઆતથી જ નાગરિકોની નજર હતી. પરંતુ તાજેતરમાં નિર્માણાધીન બ્રિજનો એક પિલ્લર તોડી પાડવામાં આવતા ઈજનેરી ક્ષતિ કે ટેક્નિકલ ખામી હોવાની ચર્ચાઓ જોરશોરથી શરૂ થઈ ગઈ છે. કરોડો રૂપિયાના સરકારી ખર્ચે ઊભા થતા પ્રોજેક્ટમાં આ પ્રકારે પિલ્લર તોડવાની નોબત કેમ આવી, તે એક મોટો અને ગંભીર પ્રશ્ન છે. આટલા મોટા પાયા પર થઈ રહેલા બાંધકામમાં પિલ્લર તોડી પાડવાની ઘટના સામે આવ્યા બાદ પણ AMCના સત્તાધીશો અને જવાબદાર અધિકારીઓ દ્વારા કોઈ જ સત્તાવાર નિવેદન આપવામાં આવ્યું નથી. શું ડિઝાઈનમાં કોઈ મોટી ભૂલ હતી? કે પછી ગુણવત્તાના ધોરણોમાં ચેડાં થયા હતા?



**શાહપુરના ભાજપના કોર્પોરેટરનો આક્રોશ**

# દિવાળી ટાણે કામો ન થતાં સિટી ઈજનેરની ચેમ્બરમાં જઈને જડ્યા તાળા!



અમદાવાદ

અમદાવાદ મહાનગરપાલિકામાં સત્તાધારી પક્ષના જ નેતાઓ અને પદાધિકારીઓ હવે પોતાના જ વહીવટી તંત્ર સામે બરકૂઈ પર ઉતરી આવ્યા હોય તેવો સણસણતો માહોલ સામે આવ્યો છે. અમદાવાદના શાહપુર વિસ્તારના ભાજપના જાગૃત અને રોષે ભરાયેલા કોર્પોરેટર જીતેન્દ્ર ચૌહાણ દ્વારા પાલિકાની કામગીરી સામે આક્રમક વિરોધ નોંધાવવામાં આવ્યો છે. વિસ્તારમાં પાયાના પ્રજાકીય કાર્યો ન થવાથી અને અધિકારીઓ દ્વારા માત્ર વાયદાઓ આપવાને કારણે કંટાળેલા કોર્પોરેટરે સીટી ઈજનેર (City Engineer) ની ચેમ્બરમાં જઈને સીધા તાળાબંધી કરી દીધી છે, જેના કારણે મ્યુનિસિપલ કોર્પોરેશન ભવનમાં ભારે ખળભળાટ મચી ગયો છે. વિરોધ પ્રદર્શન દરમિયાન કોર્પોરેટર જીતેન્દ્ર ચૌહાણે તંત્રની ઉદાસીનતા સામે સવાલો ઉઠાવતા આક્રોશ વ્યક્ત કર્યો હતો કે, આગામી દિવસોમાં દિવાળીનો પવિત્ર તહેવાર આવી રહ્યો છે, ત્યારે જનતા અમારી પાસે વિકાસના કાર્યો અને સમસ્યાઓના ઉકેલ માટે આવે છે. પરંતુ પાલિકાના અધિકારીઓની નિષ્ક્રિયતાના કારણે વિસ્તારમાં કોઈ જ કામો થતા નથી. અધિકારીઓ માત્ર કાગળ પર મોટી મોટી વાતો કરે છે અને જ્યારે કામ કરવાનો સમય આવે ત્યારે 'ટૂંક સમયમાં થઈ જશે' તેવી ખોટી મુદતો આપ્યા કરે છે. પ્રજાના મત લઈને ચૂંટાયેલા પ્રતિનિધિઓ જ્યારે જનતાના કામો માટે રજૂઆત કરે છે, ત્યારે અધિકારીઓ સાંભળવા સુદ્ધાં તૈયાર નથી હોતા. કોર્પોરેટરનો સ્પષ્ટ આક્ષેપ છે કે મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીઓને માત્ર મોટા-મોટા બણગા ફૂંકવા અને કરોડો રૂપિયાના મોટા પ્રોજેક્ટ્સમાં જ રસ છે.

**પાલિકા અને સ્થાનિક રહીશો વચ્ચે ઘમાસાણ!**

# આંબાવાડીમાં AMCનું મેગા ડિમોલિશન : નવા TP રોડમાં નડતરરૂપ 50 ઝૂંપડાંઓ પર ફર્યું બુલડોઝર!!



અમદાવાદ

અમદાવાદ શહેરમાં દબાણો હટાવવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. શહેરના પોશ ગણાતા આંબાવાડી વિસ્તારમાં આવેલા નવા ટીપી રોડની કામગીરીમાં નડતરરૂપ બનતા ગેરકાયદે બાંધકામો અને ઝૂંપડાંઓ સામે તંત્ર દ્વારા મેગા ડિમોલિશન કામગીરી હાથ ધરવામાં આવી છે. ભુદરપુરા વિસ્તાર નજીક અચાનક પોલીસ કાફલા સાથે ત્રાટકેલા કોર્પોરેશનના બુલડોઝરે 50 જેટલા કાચા ઝૂંપડાઓને જમીનદોસ્ત કરી દેતા હડકંપ મચી ગયો છે. મળતી માહિતી મુજબ, આંબાવાડી વિસ્તારમાં વિકાસના નવા આયોજન અને ટાઉન પ્લાનિંગ (TP) રોડના રસ્તામાં વર્ષોથી બાધરૂપ બનેલા દબાણોને દૂર કરવા માટે AMCની એસ્ટેટ અને દબાણ ખાતાની ટીમ સવારે જ પોલીસ બંદોબસ્ત સાથે ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ભુદરપુરા નજીક આવેલા આ ગેરકાયદે ઝૂંપડાંઓને કારણે ટ્રાફિક અને રસ્તાના વિકાસના કામો અટવાયા હતા, જેને લઈને તંત્ર દ્વારા આ આક્રમક પગલું ભરવામાં આવ્યું છે. જેસીબી અને બુલડોઝર દ્વારા એક પછી એક પચાસ જેટલા ઝૂંપડાઓને તોડી પાડવામાં આવ્યા હતા. અચાનક શરુ થયેલી આ ડિમોલિશનની કાર્યવાહીને કારણે ગરીબ રહીશોમાં ભારે રોષ અને આફત ફેલાઈ ગઈ હતી. પોતાના આશિયાના ઉજડી જતા સ્થાનિક રહીશો અને મહિલાઓ રોષે ભરાયા હતા અને પાલિકાની આ કાર્યવાહી સામે ભારે વિરોધ નોંધાવ્યો હતો. ઘરવખરી સામાન બહાર ફેંકાઈ જવાથી અને અચાનક બેઘર થઈ જવાની સ્થિતિ સર્જાતા સ્થાનિકો અને મ્યુનિસિપલ કર્મચારીઓ/પોલીસ વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ઘમાસાણ જામ્યું હતું.

## સંક્ષીપ્ત સમાચાર

### કુજાડ પાસે યુવકને રિક્ષામાં બેસાડી ઢોર માર મારનાર નબીરાઓ સામે કાયદેસરની કાર્યવાહી

અમદાવાદ શહેરમાં અસામાજિક તત્વો અને ગુનેગારો દ્વારા કાયદો હાથમાં લેવાની ઘટનાઓ દિનપ્રતિદિન વધી રહી છે, ત્યારે પોલીસ તંત્ર દ્વારા પણ હવે આવા તત્વો સામે સપાટો બોલાવવામાં આવી રહ્યો છે. તાજેતરમાં અમદાવાદના ઓઢવ વિસ્તારમાંથી એક અત્યંત ચોંકાવનારો અને હચમચાવી નાખતો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો, જેમાં કેટલાક શખ્સો દ્વારા એક યુવકને નિર્દયતાથી મારવામાં આવી રહ્યો હતો. આ મામલે ઓઢવ પોલીસે સક્રિયતા દાખવીને વાયરલ વિડિયોના આધારે કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, ઓઢવ વિસ્તારના કુજાડ નજીક કેટલાક અસામાજિક તત્વોએ અદાવત કે અન્ય કોઈ કારણસર એક યુવકને બળજબરીથી રિક્ષામાં બેસાડી દીધો હતો. ત્યારબાદ ચાલુ રિક્ષામાં અને નિર્જન જગ્યાએ આ યુવક પર જીવલેણ હુમલો કરી તેને બેરહેમીપૂર્વક ઢોર માર મારવામાં આવ્યો હતો. આ ગુનાહિત કૃત્ય આચરતી વખતે ગુનેગારોને કાયદો કે પોલીસનો કોઈ જ ખૌફ નહોતો. આ અમાનવીય અત્યાચારનો વિડિયો કોઈએ મોબાઈલના કેમેરામાં કેદ કરી લીધો હતો, જે બાદ તે સોશિયલ મીડિયા પર આગની જેમ વાયરલ થઈ ગયો હતો.

### મહિલાને હેરાન કરતો શહેરકોટડાનો કોન્સ્ટેબલ નશામાં ધૂત ઝડપાયો, તપાસ કરવા પહોંચેલી ટીમે જ કરી કાર્યવાહી!

અમદાવાદના શહેરકોટડા પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ પરબત રબારી સામે એક મહિલાએ હેરાનગતિની ફરિયાદ કરી હતી. તપાસ કરતા તે નરોડા સ્થિત ઘરે દારૂ પીધેલી હાલતમાં મળી આવ્યો હતો. નરોડા પોલીસ સ્ટેશન લવાતા તે કમ્પાઉન્ડમાં લથડિયાં ખાતો હતો. આથી, નરોડા પોલીસે કોન્સ્ટેબલ સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી કરી છે. શહેરકોટડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા અનાર્મ્ડ પોલીસ કોન્સ્ટેબલ પરબતભાઈ મફાભાઈ રબારી સામે એક મહિલાએ મેસેજ કરી હેરાન કરાતા હોવાની પોલીસમાં રજૂઆત કરી હતી. જેને લઈને PIએ ફોન લગાડવાનું કહેતા પરબત ફોન ન ઉપાડતો હોવાથી પોલીસ સ્ટાફ કોન્સ્ટેબલના ઘરે તપાસ કરવા ગયો હતો. જેમાં કોન્સ્ટેબલ પોતાના ઘરે જ દારૂના નશામાં ધૂત હાલતમાં મળી આવ્યો હતો. પછી નરોડા પોલીસ સ્ટેશનમાં કોન્સ્ટેબલને લાવતા તે કમ્પાઉન્ડમાં લથડિયાં ખાતો જોવા મળ્યો હતો. જેથી આ મામલે નરોડા પોલીસે કોન્સ્ટેબલ સામે પ્રોહિબિશન એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

### ધોળકા રોડ પરથી ₹1.04 કરોડનો પોસ ડોડાના જથ્થા સાથે રાજસ્થાનના શખસની અટકાયત

અમદાવાદ ગ્રામ્ય SOGએ ધોળકા રોડ પરથી 1.54 કરોડથી વધુનો પોસ ડોડાનો જથ્થો ઝડપી પાડ્યો છે. બાતમીના આધારે ટ્રકમાંથી 700 કિલો પોસ ડોડા સાથે ભેરારામ રામારામ તરડ (બાડમેર)ને પકડ્યો. આ જથ્થો મધ્યપ્રદેશથી કચ્છ લઈ જવાતો હતો. પોલીસે ટ્રક સહિત 1.54 કરોડનો મુદ્દામાલ જપ્ત કરી, આંતરરાજ્ય નેટવર્કની તપાસ શરૂ કરી છે. અમદાવાદ ગ્રામ્ય પોલીસની સ્પેશિયલ ઓપરેશન્સ ગ્રુપ (SOG)ને નશાકારક પદાર્થોની ગેરકાયદે તસ્કરી સામે એક મોટી અને મહત્ત્વપૂર્ણ સફળતા સાંપડી છે. બાતમીના આધારે SOGની ટીમે ધોળકા રોડ પરથી એક શંકાસ્પદ ટ્રકને આંતરીને તપાસ હાથ ધરતાં તેમાંથી 1.54 કરોડ રૂપિયાથી વધુની મત્તાનો મુદ્દામાલ અને પોસ ડોડાનો જથ્થો ઝડપી પાડ્યો છે. મળતી માહિતી અનુસાર, SOGની ટીમે ધોળકા રોડ પર બાતમીના આધારે વોચ ગોઠવી હતી. આ દરમિયાન ત્યાંથી પસાર થતી એક ટ્રકને રોકીને તપાસ કરતા તેમાંથી ગેરકાયદે પોસ ડોડાનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે વજન કરાવતાં 37 જેટલા કોથળાઓમાંથી કુલ 700 કિલો પોસ ડોડા મળી આવ્યો હતો, જેની આંતરરાષ્ટ્રીય બજારમાં અંદાજિત કિંમત 1,04,50,000 રૂપિયાથી વધુ થાય છે.

### 2 વર્ષમાં ત્રણ ગણાં પૈસા કરી આપવાનું કહી 100 જેટલા રોકાણકારો સાથે રૂપિયા 1.27 કરોડ પડાવ્યા

અમદાવાદના નિકોલ વિસ્તારમાં શેરબજારના ફ્યુચર એન્ડ ઓપ્શનમાં ટ્રેડિંગ કરી માસિક 2થી 2.5 ટકાના ઊંચા વળતર તેમજ માત્ર 2 વર્ષમાં રૂપિયા 2થી 3 ગણા કરી આપવાની લાલચ આપીને ઠગે આશરે 100 જેટલા લોકો સાથે કુલ 1.27 કરોડ રૂપિયાની છેતરપિંડી કરી હોવાની ફરિયાદ આર્થિક ગુના નિવારણ શાખામાં નોંધાઈ છે. ડીસીપ્લીન ટી એન્ડ ટી વેન્ચર્સ પ્રાઈવેટ લિમિટેડ કંપનીના સંચાલકોએ મોટા રોકાણો કરાવ્યા બાદ આ રકમ પોતાના અન્ય મળતિયાઓના બેંક ખાતામાં સગેવગે કરી લીધી હતી. બાદમાં ટ્રેડિંગમાં રૂપિયા ડૂબી ગયાનું બહાનું ધરીને રાતોરાત હાથ અધ્ધર કરી દેતા ભોગ બનનાર રોકાણકારોએ પોલીસ ફરિયાદ કરી છે. નિકોલમાં રહેતા અને પ્રોપ્રાઈટરશિપમાં પેટા કોન્ટ્રાકટર તરીકે કન્સ્ટ્રક્શનનો બિઝનેસ કરતા રજનીકાંત રામાણી અને અન્ય રોકાણકારોને વિરાટ હસમુખ પરમાર અને તેના ભાગીદાર અલ્કેશપુરી ગોસ્વામીએ નિકોલ ખાતે આવેલી તેમની ડીસીપ્લીન ટી એન્ડ ટી વેન્ચર્સ પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં રોકાણ કરવા લાલચ આપી હતી.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI